بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

તા. ૦૧/માર્ચ/૨૦૧૬

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર
હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૩, અંક : ૦૩, સળંગ અંક : ૧૪૭

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |



માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | અમલોમાં ઈખ્લાસ બેહદ જરૂરી | 02 |
| 02 | યહૂદીના કરતૂતોની ઝલક અને તેમના વિશે રબનો આદેશ | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 14 |
| 06 | કાનૂને શરીઅત | 17 |
| 07 | ગલતફહમી તથા તેની સુધારણા | 19 |
| 08 | ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 22 |
| 09 | નજાત માટે કેવળ સારા અમલો પૂરતા નથી ! | 25 |
| 10 | હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ શાફઈ رحمۃ اللہ علیہ | 28 |
| 11 | સર્વ શ્રેષ્ઠ અખ્લાક઼વાળા આપણા નબી صلی اللہ علیہ وسلم | 31 |
| 12 | ક઼સ્વા : રસૂલે પાક صلی اللہ علیہ وسلمની મુબારક ઊંટણી | 38 |
| 13 | મદ્રસાઓમાં તલબાના અખ્લાકી ધોરણનું ધોવાણ ! | 42 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## ★ સલ્તાને દો જહાં صلی اللہ علیہ وسلم ★

આયા હૂં બનકે સાઈલ સુલ્તાને દો જહાં
રહમત હો ફિરસે માઈલ સુલ્તાને દો જહાં
ઈઝ્ઝો વક઼ાર દે દો ઈસ્લામો મુસ્લિમીં કો
ખામા હોં અબ તો બાતિલ સુલ્તાને દો જહાં
બે કસ હૂં નાતવાં હૂં દર પર મૈં આ પળા હૂં
મો'મિન બના દો કામિલ સુલ્તાને દો જહાં
મૌજોંમેં રંજો ગમ કી કશ્તી મેરી ફંસી હૈ
મુઝકો અતા હો સાહિલ સુલ્તાને દો જહાં
ઉલ્ફતમેં અપની મુઝકો ઐસા ઘુમા લો આક઼ા
ખૂદસે ન હોઉં મૈં ગાફિલ સુલ્તાને દો જહાં
દુન્યા કે શરસે મુઝકો બહરે ખુદા બચા લો
દામનમેં કર લો દાખિલ સુલ્તાને દો જહાં
દરપે બુલાતે રહના બિગળી બનાતે રહના
ઈઝ્ઝત રહે યે હાસિલ સુલ્તાને દો જહાં
ગિરયાં હૈ ક઼લ્બે **'શાકિર'** કર દો કરમ ભી વાફિર
અપનોં મેં કર લો શામિલ સુલ્તાને દો જહાં

# અમલોમાં ઈખ્લાસ બેહદ જરૂરી

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

આજના દૌરમાં ઈન્સાનોની ખુશામદ તથા તેમની ખુશી હાંસલ કરવી એ દરેક કામનો મકસદ બનતો જઈ રહ્યો છે. લોકો ખાલિકને ભૂલીને મખ્લૂકની ખુશી હાંસલ કરવાના ખયાલમાં માથાથી પગ સુધી ડૂબતા જઈ રહ્યા છે. શું નમાઝ, શું રોઝા, શું હજ્જ તથા ઝકાત, તથા સખાવત, અને શું દાવત તથા તબ્લીગ ?! ઈલ્લા માશાઅલ્લાહ !

આપણે બગડતા સમાજ અને ઉમ્મતની પડતી પર આંસૂં વહાવીએ છીએ અને તેના નિવારણ માટે યથા શક્તિ કોશિશ તથા તેની પ્રગતિ માટે પ્રયત્નશીલ છીએ. પણ આપણામાં એક ચીજની કમી છે જે હેતુની પરિપૂર્ણતામાં મહાન રુકાવટ છે. મારા ખયાલમાં તે ચીજ જેની ઉણપ વર્તાય છે તે ઈખ્લાસ (નિખાલસતા) છે. એટલા માટે કે આપણે સારાં કામો શા માટે કરીએ છીએ તેને અલ્લાહ ﷻ તથા ખુદ આપણા કરતાં અધિક કોઈ નથી જાણતું. ભલે આપણે આપણી જીભ વડે લોકો વચ્ચે પોતે મુખ્લિસ (નિખાલસ, નિઃસ્વાર્થ) હોવાનો ઉલ્લેખ કરીએ પણ આપણે ખુદ આપણા દિલમાં ઝાંકીને જોઈએ. એટલા માટે કે કુર્આને મુકદ્દસમાં છે : અનુભવ સાક્ષી છે કે તે છોડ ઉગી નથી શકતો જેને પાણી ન મળે, એ જ પ્રમાણે તે ઈબાદત ફાયદામંદ થઈ જ નથી શક્તી જેનો પાયો ઈખ્લાસ પર ન હોય. મૌલા અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે : ઈલાહી ! હું જહન્નમના ડર કે જન્નતની લાલચમાં તારી ઈબાદત નથી કરતો, બલ્કે તું ઈબાદતનો મુસ્તહિક છે એટલા માટે તારી ઈબાદત કરું છું. *(રૂહે તસવ્વુફ)*

આકાએ કરીમ ﷺએ સહાબાએ કિરામની તર્બિયતમાં ઈખ્લાસ પર ખાસ ધ્યાન આપ્યું, અને ખુદ આકાએ કરીમ ﷺના ઈખ્લાસને કુર્આને કરીમે શું સરસ રીતે વર્ણવ્યો છે ! ઈર્શાદ ફર્માવ્યો : "તમે ફર્માવો, બેશક ! મારી નમાઝ અને મારી કુર્બાનીઓ અને મારું જીવવું અને મારું મરવું સૌ અલ્લાહના માટે છે જે રબ સર્વ જહાનનો." *(સૂ. અન્આમ, આ.–૧૬૨)*

આ આપણા ﷺના ઈખ્લાસનો જઝબો છે કે કેવળ નમાઝ તથા કુર્બાની ખુદાના માટે નથી બલ્કે "મારું જીવવું મારું મરવું સૌ ખુદાના માટે છે" ફર્માવ્યું. જ્યારે કે આપણુ સર્વ કામ દુનિયાના માટે છે. હે કાશ ! આપણે આપણી નિય્યતોને ઠીક કરી લઈએ અને પોતાની અંદર ઈખ્લાસ પેદા કરી લઈએ.

પીરે પીરાં હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ શું સરસ કહ્યું : "ખુદાની સાથે મખ્લૂક વિના, અને મખ્લૂકની સાથે નફસ વિના મામલો કરો." *(રૂહે તસવ્વુફ)*

એટલે કે ઈબાદતો મખ્લૂકની ખુશ્નુદીના વિના થાય અને મામલાઓ નફસની ખ્વાહિશની વિરૂધ્ધ, ઈખ્લાસ પર આધારિત હોય.

અબૂ મુહમ્મદ બગદાદી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે કે તું તારા અમલને જોવાનું છોડી દે.

હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ઈખ્લાસની અલામતો (નિશાનીઓ) વર્ણન કરતાં ફર્માવે છે : ઈખ્લાસની ત્રણ નિશાનીઓ છે, પબ્લિકની પ્રશંસા કે ટીકા (બુરાઈ) બંદાની દ્રષ્ટિમાં સરખી હોય, અમલોમાં પોતાના અમલોને જોવાનું ભૂલી જાય, અને આખેરતમાં પોતાના બદલાનો બેચેનીથી રાહ જોનાર ન હોય.

યાદ રાખશો ! પોતાનામાં ઈખ્લાસ પેદા કરવો કોઈ મામૂલી કામ નથી, બલ્કે ઘણુ જ કઠિન કામ છે. કોઈ પણ કામને કેવળ રબની ખુશી માટે કરવું આસાન નથી, પરંતું અશક્ય પણ નથી, બસ ધ્યાન કરવાની તથા કોશિશ કરવાની જરૂરત છે. અને એ મશહૂર છે કે, "મન જદ વ જદ" એટલે જે કોશિશ કરે છે તે પામી લે છે, જેથી નફસ સાથે જંગ કરો, દિલને ગૈરની ખુશ્નુદી (ખુશી)થી ખાલી કરો તો વધુ પેજ નં. ૧૬....પર

# યહૂદીના કરતૂતોની ઝલક અને તેમના વિશે રબનો આદેશ

તંત્રી લેખ

યહૂદીઓની પ્રકૃતિમાં ફસાદીવૃત્તિ સમાયેલી છે જેને વર્તમાન જગતનો દરેક ઈન્સાફ પસંદ માનવી જોઈ રહ્યો છે તથા અનુભવી રહ્યો છે. આ તે કૌમ છે જેમણે પોતાના નબીઓને પણ શહીદ કરેલા છે, (મઆઝલ્લાહ !) તો બીજું શું ન કરી શકે ?! એવું કહેવામાં આવે તો અતિશયોક્તિ ગણાશે નહીં કે આજે જગતભરમાં જ્યાં પણ હંગામા થઈ રહ્યા છે, માનવોની લાશો ઢળી રહી છે, લાશોનાં ચિથરાં ઉડી રહ્યાં છે, મોટી મોટી બિલ્ડિંગો ધરાશયી થઈ રહી છે, બોમ્બર વિમાનો થકી તથા આત્મઘાતી બોમ્બરો થકી જે આગ ચોતરફ વેરાઈ રહી છે, તેની પાછળ ઊંડે ઊંડે યહૂદી ફસાદી પ્રવૃત્તિઓનો હાથ જોવા મળશે. ફક્ત છેલ્લા ૨૫ વરસોના ઈતિહાસમાં વિશ્વમાં જ્યાં જ્યાં જે જે દેશોમાં બળવા થયા કે તેમના પર હુમ્લા કરવા આવ્યા, રાજપાટના તખ્તા બદલાય ગયા, વરસોથી સુખચૈનથી જીવતા માનવોની અસંખ્ય લાશો ઢળી અથવા લાખો લોકોએ હંગામાઓના કારણે પોતાનાં પ્યારાં વતનોનો ત્યાગ કરી હિજરત કરી શરણાર્થી કેમ્પોમાં, વિદેશોમાં ભટકવું પડયું, તેઓનાં કુટુંબ, સમાજ, ઈજ્જત, આબરૂ સૌ બર્બાદ થઈ ગયાં.... તે સૌ હંગામાઓ પાછળનો ખેલ યહૂદી ઈઝરાઈલીઓનો સ્પષ્ટ જાહેર છે. આ ઘાટકી નિર્દયી લોકોએ ન નાનાં બાળકોને છોડયાં, ન સ્કૂલોને છોડી, ન હોસ્પિટલોને છોડી, ન સ્ત્રીઓ વૃદ્ધોને છોડયા બલ્કે સર્વત્ર ખૂનામરકીનો કાળો કેર વર્તાવ્યો. અમેરિકાની નાજાઈઝ ઔલાદ ઈઝરાઈલને સલામત રાખવા, પાળવા પોષવા અમેરિકાએ ગમે તે બહાને ગમે તે રીતે હુમલાઓ કરીને કે વિદ્રોહીઓને ઉત્તેજીત કરીને, સપોર્ટ કરીને અફઘાનિસ્તાન, ઈરાક, સીરિયા, યમન, લેબનાન, પેલેસ્ટાઈન, તુર્કી, ઈજીપ્ત, નાઈજીરીયા, લીબીયા..... વગેરે દેશોમાં જે હંગામા મચાવ્યા તે આપ જોઈ જ રહ્યા છો.

**★ ઈસ્લામિક સ્ટેટ (ISIS)ના આતંકવાદી એ યહૂદીની જ ઉપજ છે ! ★**

અને હવે ઈસ્લામ તથા મુસલમાનોને બદ્‌નામ અને બર્બાદ પણ કરવા માટે ISIS (દાઈશ)ના નામથી આતંકવાદી સંગઠન (જેને ઈસ્લામ કે ઈસ્લામી કાનૂનોથી કોઈ સંબંધ જ નથી ! ) જે ઈરાક, સીરીયા વગેરે દેશોમાં કબજો જમાવી રહ્યું છે તે એક આશ્ચર્યજનક ઘટના જણાય રહી છે. આતંકવાદીમાં આટલી શક્તિ, આટલુ લશ્કર, આટલી લડાયક ટેન્કો વગેરે લડાયક સામાન તથા સૈનિકો ક્યાંથી આવ્યા ? અને કહેવાતો ISIS વડો ખલીફા ઈબ્રાહીમ ક્યાંથી આવ્યો ? તેની પૂર્વ ભૂમિકા શું છે ?! જાણી લો ! આ વ્યક્તિ અમેરિકાની જેલમાં હતો પછી ક્યાંથી કેવી રીતે સીરિયા પહોંચ્યો અને ખલીફા કહેવાયો ?! આ બધાં રહસ્યો શું સૂચવે છે ?! અમેરિકાના સપોર્ટથી યહૂદી ISISના સપોર્ટર છે બલ્કે એ યહૂદીઓનું જ મહાન ષડયંત્ર છે તેનો પુરાવો આ રહ્યો ! :–

"ઈરાકી ફોજે ૨૦૧૫ ઓકટોબરમાં ઉત્તર ઈરાકથી દાઈશ (ISIS)ના એક જેહાદીને ગિરફતાર કર્યો હતો જે જેહાદીના પોશાકમાં ઈઝરાઈલી ફોજી અફસર નીકળ્યો હતો, જેનું નામ "યૂસી શાશિક"

હતું જે દાઈશ (ISIS)ની ગોલાની બટાલિયનથી જોડાયેલ હતો જેણે બાદમાં સ્વીકાર્યું હતું કે દાઈશ (ISIS)ને ઈઝરાઈલનું પીઠબળ હાંસલ છે.'' *(નઈ દુન્યા વીકલી, ૮ ફેબ્રુ. થી ૧૪ ફેબ્રુ. ૨૦૧૬, દિલ્હી)*

એમાં જ વધુમાં છે કે દાઈશ (ISIS) ન ઈઝરાઈલ સાથે ટકરાવાની વાત કરે છે ન ઈઝરાઈલ એના ખાત્મા વિશે કાંઈ બોલે છે ! હદ તો એ છે કે યુનો (UNO)એ એક રિપોર્ટમાં એ વાતનો સ્વીકાર કર્યો છે કે ઈઝરાઈલી ડિફેન્સ ફોર્સનો દાઈશ (ISIS)ના જેહાદીઓ વચ્ચે ડાયરેક્ટ સંબંધ છે. જંગમાં ઝખ્મી થનારા જેહાદીઓનો ઈલાજ ઈઝરાઈલ કરે છે, એટલું જ નહીં સીરિયાની ઈન્ટેલિજસ પરથી યુનોએ એક એવા સ્થળનો નિર્દેશ કર્યો છે જ્યાં દાઈશ (ISIS) અને ઈઝરાઈલ ફોર્સ સાથે હોય છે, જેના પછી યુનોની રિપોર્ટમાં સીરિયાના આ દાવાનો સમર્થન મળ્યું છે કે ઈઝરાઈલી યહૂદી જ દાઈશના પાછળ છે. ઈઝરાઈલે જાન્યુઆરીમાં દાઈશ (ISIS)ના રક્ષણ માટે સીરિયાની ફોજ પર હુમ્લો કરી આપ્યો હતો. મધ્યપૂર્વમાં દાવો કરવામાં આવે છે કે બશાર અલ અસદની સત્તાને તોડી પાડવા માટે અમેરિકા જ દાઈશ (ISIS)ને ફંડ પૂરું પાડી રહ્યું છે. હક઼ીક઼ત એ છે કે જ્યારે બેક઼ાબૂ બનેલા દાઈશ (ISIS)ની વિરુદ્ધ અમેરિકાએ ફોજી કાર્યવાહી કરવાનો ફેંસલો કર્યો તો ઈઝરાઈલે કોઈ સહકાર કરવાથી ઈન્કાર કરી આપ્યો હતો, બલ્કે એ ડગલાને મહાન ભૂલ કહી હતી. ઈઝરાઈલના અસ્તિત્વની સલામતી માટે ઈરાન તથા સીરિયા જેવા દુશ્મનો વિરુદ્ધ દાઈશ (ISIS) ખૂબ જ લાભદાયી છે. ઈરાકમાં સદ્દામ હુસૈન જે ઈઝરાઈલ માટે ખતરો હતો તેને દૂર કર્યા બાદ સીરિયા તથા ઈરાન બે સૌથી મહાન ખતરા છે. અમેરિકા દોરૂખી ચાલ ચાલી રહ્યું છે, એક તરફ દાવો કરી રહ્યું છે કે દાઈશ (ISIS) વિરુદ્ધ જંગ જારી છે, પણ બીજી બાજુ અમેરિકા કેવળ બશાર અલ અસદની ફોજને નિશાન બનાવી રહ્યું છે...... આ પ્રકારના ઘણા ભેદો સમાચારોમાં પ્રસિદ્ધ થયેલ છે જે દર્શાવે છે કે અમેરિકા તથા ઈઝરાઈલ જ દાઈશ (ISIS)ને સહકાર કરનાર જ નહીં પણ એના જન્મદાતા તથા સંપૂર્ણ સહકારી છે.

## ★ યહૂદી ફસાદીવૃત્તિનો ઐતિહાસિક નમૂનો આ રહ્યો ! ★

ઈસાઈઓ મઆઝલ્લાહ ! ત્રણ ખુદામાં માનનારા કેવી રીતે થયા તથા ઈસા عليه السلامને ખુદાના પુત્ર કહેતા કેવી રીતે થયા તેના વિશે પણ જાણી લો ! તફસીરે કબીરમાં ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે, દીને મુહમ્મદી صلی اللہ علیہ وسلمના ઝહૂરથી પહેલાં યહૂદી તથા ઈસાઈમાં આપસમાં જંગ ચાલતી રહેતી હતી. યહૂદીઓમાં બૂલસ નામનો એક શખ્સ હતો તેણે સર્વ યહૂદીઓને ભેગા કર્યા અને કહ્યું કે ઈસાઈઓના પ્રમાણે સર્વ યહૂદી જહન્નમી છે તો આપણે એકલા જહન્નમમાં નથી જવું, ઈસાઈઓને પણ જહન્નમી બનાવી દઈશું ! સૌએ કહ્યું કે એ કેવી રીતે ?! તો તેણે કહ્યું કે તમો મારી એક આંખ ફોડી નાખો ! પછી જુઓ હું કેવો ખેલ ખેલું છું ! તો તેની એક આંખ ફોડી નાખવામાં આવી. તે બૂલસ નામનો યહૂદી રાતે યહૂદીઓના ઈલાક઼ાથી નીકળીને ઈસાઈઓના ઈલાક઼ામાં પહોંચી ગયો. સવારે ઈસાઈઓએ તેને જોયો તો તેને પૂછયું કે તું કોણ છે ? તેણે કહ્યું કે હું તમારો દુશ્મન બૂલસ છું, મને ન ઓળખ્યો ! લોકોએ કહ્યું કે તારી આંખ ફૂટેલી છે અને અહીં તું કઈ રીતે આવ્યો ?! તને અમારો ડર ન લાગ્યો ?! તો એક રિવાયતમાં છે કે તેણે કહ્યું કે કાલે રાત્રે આસ્માનથી એક અવાજ આવ્યો અને મને કહેવામાં આવ્યું કે તારી તૌબા ત્યારે જ ક઼બૂલ થશે કે તું યહૂદિયતથી તૌબા કરી ઈસાઈ બની જા ! જેથી મેં તૌબા કરી લીધી અને હું હવે ઈસાઈ થઈ ગયો છું.

બીજી રિવાયતમાં છે કે તેણે કહ્યું કે મારી આંખ એટલે ફૂટી ગઈ કે હું યહૂદીઓ તરફથી ઈસાઈઓ સાથે લડતો હતો એટલે હઝરત ઈસા عليه السلام મારા પર ખૂબ જ ગુસ્સે હતા. કાલે રાત્રે હું સૂતો હતો તો ખ્વાબમાં ઈસા عليه السلام મારી પાસે આવ્યા અને મને જોરથી તમાચો માર્યો જેથી મારી આંખ ફૂટી ગઈ. અને મેં હઝરત ઈસા عليه السلامના હાથ પર તૌબા કરી લીધી અને હું ઈસાઈ બની ગયો છું. આ સાંભળીને સર્વ ઈસાઈ એના ચાહવાવાળા બની ગયા કે આપણે તો ઈસા عليه السلامને જોયા જ નથી, અને એણે તો હઝરત ઈસા عليه السلامના હાથ પર કલમો પઢયો છે ! તે સૌએ એને સન્માન આપીને સૌથી મોટા ચર્ચનો એને હેડ બનાવી દીધો. લાંબા અરસા સુધી તેણે ઈસાઈઓમાં રહી પોતાનો વિશ્વાસ સૌના પર જમાવી લીધો.

હવે એણે એ ચાલ ચાલી કે ઈસાઈ કૌમના ચાર મુખ્ય આગેવાનોને સિલેકટ કર્યા. એકનું નામ નસ્તુર હતું, બીજાનું નામ યાકૂબ, ત્રીજાનું નામ મલકાન અને ચોથો રોમી હતો. દરેકને અલગ અલગ કહ્યું કે કાલે ફલાણા સમયે આવજે, હું તને ખૂબ જ મહત્વની વાત જણાવીશ. સમય પ્રમાણે નસ્તુર આવ્યો તો તેને કહ્યું, તું મારો ખાસ વિશ્વાસુ છે એટલે તને જણાવું છું કે હકીકતમાં ખુદા એક નથી પણ ત્રણ છે, અલ્લાહ પણ રબ છે, હઝરત ઈસા પણ ખુદા છે અને હઝરત મરયમ પણ ખુદા છે. એકને રબ ન માનો ત્રણેવને રબ માનો. જ્યારે યાકૂબને કહ્યું કે ઈસા ઈન્સાન ન હતા બલ્કે તે અલ્લાહના પુત્ર હતા. અને મલકાનને કહ્યું કે, ઈસા જ હમેશાંથી રબ છે. અને રૂમીને કહ્યું કે, ઈસા માનવ ન હતા શરીરવાળા ન હતા પણ એ જ રબ હતા. અને ચારેવને અલગ અલગ કહ્યું કે મારો તું જ ખલીફા છે અને મારા બાદ કૌમને તે જ શીખવાડજે જે મેં શીખવાડયું. પછી કહ્યું, મેં ઈસા عليه السلامને ખ્વાબમાં જોયા છે, તે મારાથી રાજી છે અને હું કાલે મારા રબની રઝાને ખાતર જે સૂળી પર ઈસાને ચઢાવ્યા હતા (એમના અકીદા પ્રમાણે એણે આવું કહ્યું છે નહીં તો કુર્આની અકીદો એ છે કે ઈસા عليه السلامને અલ્લાહે આસ્માનમાં ઉઠાવી લીધા છે અને આપ ઝિંદા છે) ત્યાં મારી જાન કુર્બાન કરી દઈશ. પછી તે બીજા દિવસે એક રિવાયત પ્રમાણે સૂળી પર લટકી ગયો, અને એક રિવાયત પ્રમાણે ત્યાંથી નીકળી ચાલ્યો ગયો. પણ તેના ગયા બાદ ઈસાઈઓના ચારેવ આગેવાનોએ પોતે ખલીફા હોવાનો દાવો કર્યો અને તેઓમાં આપસમાં હંગામો થયો અને ભાગલા પડી ગયા અને ત્રણ ખુદાવાળી માન્યતા તેમનામાં ત્યારથી ચાલુ થઈ. આ છે યહૂદી ફિતરત ! *(તફસીરે કબીર, ૧૬/૩૫)*

## ★ અલ્લાહે યહૂદીઓ પર ઝિલ્લત છાપી દીધી છે ! ★

ઈતિહાસ પર દષ્ટિ રાખનારા જાણે જ છે કે ખુદાની ખુદાઈમાં યહૂદીઓથી બદ્તર નીચ, કમીના તથા સમયની બેઈજ્જત કોઈ કૌમ ન થઈ ન થશે. ખૂદ રબ તઆલાનું ફર્માન છે :–

**وَ ضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ وَ بَآؤُا بِغَضَبٍ مِّنَ اللّٰهِ "એમના (યહૂદીઓ) પર બેઈજ્જતી તથા મુફલિસી છાપી દેવામાં આવી છે અને તેઓ અલ્લાહ તરફથી ગઝબના નિશાના પર છે."** *(સૂરએ બકરહ, આ. ૬૧)*

જેમ કે ફિરઔને સદીઓ સુધી તેમને ગુલામ બનાવીને રાખ્યા, તાલૂતે એમની પિટાઈ કરીને તેમનો કચૂંબર કરી નાખ્યો, બખ્તે નસરના હુમ્લા (ક.મ. ૫૭૮) પછી દુનિયાના કોઈ ખૂણામાં યહૂદીઓની રાજય સત્તા સ્થાપિત ન થઈ શકી. આમ બખ્ત નસરે એમને ધૂળમાં મેળવી દીધા, બાઝમીને તેમની

ઈજ્જત તથા આબરૂની ધજ્જીઓ વિખેરી કાઢી અને ઈસાઈઓની સત્તાએ એમને એવા નેસ્તોનાબૂદ કર્યા કે દોઢ હજાર વરસથી દર દરની ઠોકરો ખાવા સિવાય ક્યાંય માથુ છુપાવવાની જગા ન મળી શકી અને દેશ વિદેશ માર્યા માર્યા ભટકતા રહ્યા. તેમજ ઈ.સ. ૧૯૩૦માં જર્મનીમાં હિટલરે લાખો યહૂદીઓને કત્લ કર્યા, એ બનાવને હોલોકૉસ્ટ (Holocaust)ના નામથી યાદ કરવામાં આવે છે.

જો કે હાલમાં યહૂદીઓએ પેલેસ્ટાઈન પર નાજાઈઝ રીતે અંગ્રેજો તથા અમેરિકનોના પીઠબળ થકી ઈઝરાઈલ યહૂદી રાજ્યની સ્થાપ્ના કરી છે અને યેન કેન પ્રકારે મધ્યપૂર્વના મુસ્લિમ દેશોને તબાહ કરીને "ગ્રેટ ઈઝરાઈલ"નો તેમનો એજન્ડા છે, તો પછી ઉપરોક્ત કુર્આની આદેશનું શું ?! તો એનો ખુલાસો ઉલમા એ આપે છે કે, જો ઉપરોક્ત આયતમાં બેઈજ્જતી તથા ફકીરી તેમના પર છાપી દેવાનું મુત્લક જણાવ્યું છે, પણ બીજે ઠેકાણે કુર્આનમાં છે કે :–

وَ ضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ اَيْنَ مَا ثُقِفُوْٓا اِلَّا بِحَبْلٍ مِّنَ اللّٰهِ وَحَبْلٍ مِّنَ النَّاسِ

"એ યહૂદીઓ પર ઝિલ્લત છાપી દેવામાં આવી છે, જ્યાં પણ રહે, પણ એ કે અલ્લાહની રસ્સી પકડી લે અથવા અન્ય લોકોની રસ્સી પકડી લે." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૧૨)*

કુર્આનની અમુક આયત અમુકની તફસીર હોય છે. જેથી આ આયતના આધારે મતલબ એ થયો કે યહૂદી લાખ ધમપછાડા કરે પણ ખુદાના તેમના પરના ગઝબની છાપ કદી ભૂંસી નથી શકતા. હા ! મુસલમાન બનીને અલ્લાહની રસ્સી પકડી લે તો એ શક્ય છે. અને જો એમની કાયમની કમબખ્તી તેમને એ નેકબખ્તી પામવા ન દે તો બીજી સ્થિતિ એ છે કે તે દુનિયામાં કોઈ ન કોઈનો સાથ લે તો એ દાગ દૂર થઈ શકે છે.

ઈસાઈઓએ શક્તિ હાંસલ કરતાં જ એ મનહૂસ કૌમને દોઢ હજાર વરસ સુધી વેર વિખેર કરીને ભટકતી કરી દીધી. ઈસ્લામ આવ્યો તો શરૂઆતમાં પોતાની અમ્નપસંદીના કારણે તેમની સાથે શરાફતપૂર્ણ કરાર કરીને તેઓને સર્વ નાગરીક તરીકેના હક્કો આપ્યા, પરંતુ તેઓ પોતાની ફિતરી બદ્‌માશીઓ, એહસાન ફરામોશી, ગદ્દારી તથા મુનાફિકાના રવૈયાના કારણે ઈસ્લામને ઉછેર પામતાં પહેલાં જ તેને ખત્મ કરવાની દરેક શક્ય કોશિશ કરતા રહ્યા. મુસલમાનોમાં ફૂટફાટ પડાવવી, હુઝૂર ﷺની મજાક ઉડાડવી, આપની વિરુદ્ધ ગલત પ્રોપેગન્ડો કરવો, મુનાફિકોને પીઠબળ આપવું, હુઝૂર ﷺને શહીદ કરવાની કોશિશો કરવી, ઈસ્લામના વિરોધીઓની આર્થિક મદદ કરવી, કરાર વિરુદ્ધ વર્તવું, સખત અણીના સમયે હુમ્લાખોરોથી મળી જઈને મુસલમાનોને નેસ્તોનાબૂદ કરવાની કોશિશ કરવી, મદીના પર હુમ્લાની તૈયારીઓ કરવી વગેરે કરતા રહ્યા, પણ અલ્લાહની હિફાઝત તથા મદદના આગળ તેમનું કાંઈ જ ન ચાલ્યું અને રસૂલે કરીમ ﷺ સાથે ગદ્દારી, એહસાન ફરામોશી, નમક હરામીના કારણે તેઓને પહેલાં મદીનાથી પછી સંપૂર્ણ અરબ દ્વિપમાંથી હાંકી કાઢવામાં આવ્યા, સિવાય જેમણે અલ્લાહની રસ્સી પકડી લીધી. જેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને સલામ વગેરે. પરંતુ જે બદ્‌નસીબ (યહૂદી) આ નેક નસીબી ન પામી શક્યા તેઓ હુઝૂર ﷺના આગમન બાદ ૧૩૦૦ વરસો સુધી દર બદરની ઠોકરો ખાતા રહ્યા.

ઈસ્લામમાં સેંકડો ક્રાંતિઓ આવી, ઈસ્લામી ખિલાફત ખત્મ થઈ, રાજાશાહી આવી, બની ઉમૈયા પછી, બની અબ્બાસ આવ્યા, પછી બની ફાતિમા ચમક્યા, કેન્દ્રિય સત્તાઓ ખત્મ થઈ ગઈ ત્યાં સુધી કે

બયતુલ મુક્દસ પર સલીબી ડાકૂઓએ કબજો કરી લીધો, છતાં આ ગઝબની માર્યી યહૂદી કૌમની એ હિંમત ન થઈ કે બયતુલ મુક્દસ તો શું દૂર દૂર વિરાનામાં પણ પોતાની સલ્તનતના નામથી એક ફૂટ પણ જગા મેળવી લેતા ! ગઝબે ખુદાવંદીની વીજળીઓએ એમનો માળો એવો વિખેર્યો કે તણખલુ પણ બાકી ન રહ્યું.

## ★ યહૂદી પરથી ઝિલ્લતની છાપ કદી જશે નહીં ! ★

ત્યારબાદ સલીબી (ઈસાઈ) દીવાનાઓ તથા ઈસ્લામી મુજાહિદોમાં ૮૦૦ વરસો સુધી જંગો થતી રહી, છતાં આ ત્રીજા બળ (યહૂદી)ની એનાથી પણ ફાયદો ઉઠાવવાની હિંમત ન થઈ શકી એવી બેઈજ્જતી તેમના પર છવાયેલી રહી. પરંતુ આઠસો વરસ ડાયરેક્ટ લડાઈમાં ન ફાવેલા સલીબીઓ (ઈસાઈઓ–અંગ્રેજો)એ કાવત્રાં કરીને મુસ્લિમ કૌમમાં તેમને આપસમાં લડાવવા જાત જાતની ઉશ્કેરણીઓ કરી, જાસૂસો થકી કૌમમાં ફાટ ફૂટ પડાવીને સેંકડો વરસની મજબૂત "તુર્કી ઉષ્માની સુન્ની હુકૂમત"નો પાયો વિખેરી નાખ્યો અને અરબની મજબૂત સત્તાને ટુકડાઓમાં વહેંચી કાઢી તેમની શક્તિને કમજોર પાડી દીધી અને અરબમાં તેમની ગુલામ "સઊદી નજદી વહાબી" હુકૂમતની સ્થાપ્ના થઈ અને અંગ્રેજોએ દેશ વિદેશના ખૂણે ખૂણેથી યહૂદીઓને બોલાવીને પેલેસ્ટાઈનમાં આબાદ કરવાનું શરૂ કરી આપ્યું, તેમને ટ્રેઈન્ડ કર્યા, તેમના સીનાઓમાં મુસ્લિમ દુશ્મનીની દબાએલી ભાવનાને ઉશ્કેરી અને યુનોના માધ્યમ થકી અમેરિકા, ફ્રાંસ, રશિયા ત્રણેવના સંગઠનથી દુનિયાની આમ રાયના વિરૂધ્ધ વિશ્વ બંધારણ તથા ઈન્સાફને ઝબહ કરીને યહૂદી રાજ્ય ઈઝરાઈલને જન્મ આપ્યો. યહૂદીઓમાં હજીય શક્તિ ન હતી કે તે એવી હિંમત કરી શકે કે પોતાની રાજ્ય સત્તા સ્થાપી શકે, અથવા ન દુનિયાની કોઈ ન્યાયપ્રિય કચેરી તેમને દુનિયાના કોઈ વિસ્તારમાં એક ઈંચ જમીન પર સત્તા સ્થાપિત કરવાની રજા આપતી, પરંતુ અમેરિકા તથા બ્રિટને ઈસ્લામ તથા અરબ દુશ્મનીમાં તેમને પોતાના એટમી હથિયારોના સહારે જન્મ આપ્યો. સારાંશ કે તેમના નસીબમાં હક્ક મઝહબ સ્વીકારવાનું તો ન હતું પણ અન્યના ખોળામાં બેસીને وَحَبۡلٍ مِّنَ النَّاسِ "અન્ય લોકોની રસ્સી પકડી લે" એના હેઠળ જુલ્મ તથા જબરદસ્તીથી ઈઝરાઈલની સ્થાપ્ના અસ્તિત્વમાં આવી.

એના અસ્તિત્વમાં આવ્યા બાદ અંગ્રેજો તથા અમેરિકાની આ નાજાઈઝ ઔલાદ ઈઝરાઈલને પુષ્કળ શસ્ત્રો, લડાયક વિમાનો, મિસાઈલો તથા વિનાશક બોમ્બ પૂરા પાડનાર અમેરિકા જ છે. આજે આટલી પ્રગતિ તથા શક્તિવાન થવા છતાં જો અમેરિકાનું પીઠબળ હટી જાય તો હજી પણ અરબ રાષ્ટ્રો ઈઝરાઈલનું અસ્તિત્વ ખતમ કરી શકે તેમ છે. વળી ભલે આજે યહૂદી શક્તિશાળી જણાય છે પણ કુર્આનના આદેશ મુજબ બેઈજ્જત તથા ફકીરીની છાપ હજીય તેમના પર યથાવત જ રહેશે, કેમ કે અન્યોના પીઠબળ હેઠળ જ આજેય ઈઝરાઈલ માથુ ઊંચકી રહ્યું છે અને એની જગતભરમાં બેઈજ્જતી થઈ રહી છે તથા જુલ્મી વલણના કારણે જગતભરના લોકો નફરતની નજરે તેમને જોઈ રહ્યા છે, બલ્કે અમેરિકા તથા યૂરોપ કન્ટ્રીમાં જ એમના વિરૂધ્ધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. બેઈજ્જતીના અઝાબની છાપ એમની પેશાની પરથી કદી ભૂંસાય શકશે નહીં. સાચી ઈજ્જત તે છે કે લોકોના દિલમાં પ્રતિષ્ઠા બાકી રહે, લોકો પ્રશંસા કરે, દુનિયાની નજરમાં તેમનું કોઈ વજન હોય અને તેઓ કોઈના મોહતાજ ન હોય, જ્યારે અમેરિકાની ભીખ પર આજેય યહૂદી ટકી રહેલ છે અને જગતભરમાં પોતાનાં કરતૂતોને કારણે બેઈજ્જત છે જે કુર્આનની આયતના આદેશોના તદ્દન મુતાબિક્ જ છે.

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

فَاِنْ زَلَلْتُمْ مِّنْۢ بَعْدِ مَا
جَآءَتْكُمُ الْبَیِّنٰتُ فَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ عَزِیْزٌ حَكِیْمٌ ﴿۲۰۹﴾
هَلْ یَنْظُرُوْنَ اِلَّاۤ اَنْ یَّاْتِیَهُمُ اللّٰهُ فِیْ ظُلَلٍ مِّنَ
الْغَمَامِ وَ الْمَلٰٓىٕكَةُ وَ قُضِیَ الْاَمْرُؕ وَ اِلَى اللّٰهِ
تُرْجَعُ الْاُمُوْرُ ﴿۲۱۰﴾ سَلْ بَنِیْۤ اِسْرَآءِیْلَ كَمْ اٰتَیْنٰهُمْ
مِّنْ اٰیَةٍۭ بَیِّنَةٍؕ وَ مَنْ یُّبَدِّلْ نِعْمَةَ اللّٰهِ مِنْۢ
بَعْدِ مَا جَآءَتْهُ فَاِنَّ اللّٰهَ شَدِیْدُ الْعِقَابِ ﴿۲۱۱﴾
زُیِّنَ لِلَّذِیْنَ كَفَرُوا الْحَیٰوةُ الدُّنْیَا وَ یَسْخَرُوْنَ
مِنَ الَّذِیْنَ اٰمَنُوْاۘ وَ الَّذِیْنَ اتَّقَوْا فَوْقَهُمْ یَوْمَ
الْقِیٰمَةِؕ وَ اللّٰهُ یَرْزُقُ مَنْ یَّشَآءُ بِغَیْرِ حِسَابٍ ﴿۲۱۲﴾
كَانَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً۫ فَبَعَثَ اللّٰهُ النَّبِیّٖنَ
مُبَشِّرِیْنَ وَ مُنْذِرِیْنَ۪ وَ اَنْزَلَ مَعَهُمُ الْكِتٰبَ
بِالْحَقِّ لِیَحْكُمَ بَیْنَ النَّاسِ فِیْمَا اخْتَلَفُوْا فِیْهِؕ
وَ مَا اخْتَلَفَ فِیْهِ اِلَّا الَّذِیْنَ اُوْتُوْهُ مِنْۢ بَعْدِ
مَا جَآءَتْهُمُ الْبَیِّنٰتُ بَغْیًۢا بَیْنَهُمْۚ فَهَدَى اللّٰهُ
الَّذِیْنَ اٰمَنُوْا لِمَا اخْتَلَفُوْا فِیْهِ مِنَ الْحَقِّ بِاِذْنِهٖؕ

*અને તમારી પાસે સ્પષ્ટ હુકમો આવી ગયા પછી પણ જો તમે ગબડી જાઓ[૧૪૩] તો જાણી લો કે અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે. (૨૦૯) શાની રાહ જોઈ રહ્યા છે.[૧૪૪] પણ એ જ કે અલ્લાહનો અઝાબ આવે છવાએલા વાદળોમાં અને ફરિશ્તાઓ ઉતરે[૧૪૫] અને કામ (પુરૂં) થઈ જાય અને તમામ કામોનું પલટવું અલ્લાહ તરફ છે (૨૧૦) બની ઈસ્રાઈલને પૂછો અમે કેટલી સ્પષ્ટ નિશાનીઓ તેમને આપી[૧૪૬] અને જે અલ્લાહની આપેલી નેઅમતને બદલી નાખે[૧૪૭] તો બેશક ! અલ્લાહનો અઝાબ સખ્ત છે (૨૧૧) કાફિરોની દ્રષ્ટિમાં દુનિયાનું જીવન શણગારવામાં આવ્યું[૧૪૮] અને મુસલમાનોને (જોઈને) હસે છે[૧૪૯] અને ડરવાવાળાઓ એમનાથી ઉપર હશે ક઼યામતના દિવસે[૧૫૦] અને ખુદા આપે જેને ઈચ્છે (તેને) વગર ગણત્રીનું (૨૧૨) લોકો એક ધર્મ પર હતા[૧૫૧] પછી અલ્લાહે નબીઓ મોકલ્યા ખુશખબરી આપતા[૧૫૨] અને ડર સંભળાવતા[૧૫૩] અને તેમની સાથે સાચી કિતાબ ઉતારી[૧૫૪] કે તે લોકોમાં એમના મતભેદોનો ફેંસલો કરી આપે અને કિતાબમાં મતભેદ તેઓએ જ નાખ્યો જેમને આપવામાં આવી હતી[૧૫૫] એમના પાસે સ્પષ્ટ હુકમો આવી ગયા પછી[૧૫૬] અંદર અંદરની હઠના કારણે, તો અલ્લાહે ઈમાનવાળાઓને તે સત્ય વાત જણાવી દીધી જેમાં ઝઘડી રહ્યા હતા.*

وَاللّٰهُ يَهۡدِىۡ مَنۡ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ﴿۲۱۳﴾ اَمۡ حَسِبۡتُمۡ اَنۡ تَدۡخُلُوا الۡجَنَّةَ وَلَمَّا يَاۡتِكُمۡ مَّثَلُ الَّذِيۡنَ خَلَوۡا مِنۡ قَبۡلِكُمۡ ؕ مَسَّتۡهُمُ الۡبَاۡسَآءُ وَ الضَّرَّآءُ وَ زُلۡزِلُوۡا حَتّٰى يَقُوۡلَ الرَّسُوۡلُ وَالَّذِيۡنَ اٰمَنُوۡا مَعَهٗ مَتٰى نَصۡرُ اللّٰهِ ؕ اَلَآ اِنَّ نَصۡرَ اللّٰهِ قَرِيۡبٌ ﴿۲۱۴﴾ يَسۡـئَلُوۡنَكَ مَاذَا يُنۡفِقُوۡنَ ؕ قُلۡ مَآ اَنۡفَقۡتُمۡ مِّنۡ خَيۡرٍ فَلِلۡوَالِدَيۡنِ وَالۡاَقۡرَبِيۡنَ وَالۡيَتٰمٰى وَالۡمَسٰكِيۡنِ وَابۡنِ السَّبِيۡلِ ؕ وَمَا تَفۡعَلُوۡا مِنۡ خَيۡرٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيۡمٌ ﴿۲۱۵﴾

❑ ❑ ❑

પોતાના હુકમથી અને અલ્લાહ જેને ઈચ્છે (તેને) સીધો માર્ગ દેખાડે (૨૧૩) શું એ ગુમાનમાં છો કે જન્નતમાં ચાલ્યા જશો અને હજુ તમારા પર આગલાઓ જેવો બનાવ નથી આવ્યો[૧૫૭] તેઓને સખ્તી અને કઠણતા પહોંચી અને ડગમગ ડગમગ કરી નાખવામાં આવ્યા એટલા સુધી કે રસૂલ બોલી ઉઠયા[૧૫૮] અને એમની સાથેના ઈમાનવાળાઓ (પણ) ક્યારે આવશે અલ્લાહની મદદ[૧૫૯] સાંભળી લો બેશક ! અલ્લાહની મદદ નજીક છે (૨૧૪) તમને પૂછે છે[૧૬૦] શું ખર્ચ કરીએ ? તમે ફર્માવો જે કંઈ માલ નેકીમાં ખર્ચો તો (તે) મા બાપ અને નજીકના સગાંઓ અને યતીમો અને મોહતાજો અને મુસાફરો માટે છે અને જે ભલાઈ કરો[૧૬૧] બેશક ! અલ્લાહ તેને જાણે છે[૧૬૨] (૨૧૫)

## :: સમજૂતી ::

**૧૪૩.** અને સ્પષ્ટ દલીલો હોવા છતાં ઈસ્લામના માર્ગથી વિરોધી ચાલ ચાલો.

**૧૪૪.** ઈસ્લામ ધર્મને ઈખ્તિયાર ન કરનાર અને શયતાનની તાબેદારી કરનારાઓ.

**૧૪૫.** જે અઝાબ આપવા નિયુક્ત કરાએલ છે.

**૧૪૬.** કે તેમના અમ્બિયાના મુઅજિઝાઓને તેમની નબુવ્વતની સત્યતા પર દલીલ બનાવ્યા. તેમનાં ફર્માનો અને કિતાબોને દીને ઈસ્લામની સચ્ચાઈના સાક્ષી બનાવ્યાં.

**૧૪૭.** અલ્લાહની નેઅમતથી અલ્લાહની આયતો મુરાદ છે. જે હિદાયત માટે કારણરૂપ છે અને એના કારણે ભટકી જવાની બીક રહેતી નથી. એમાંથી જ તે આયતો પણ છે જેમાં હુઝૂર ﷺના વખાણ અને હુઝૂરની નુબુવ્વત અને રિસાલતનું બયાન છે. યહૂદીઓ અને નસારાનું એમાં ફેરફાર કરવું આ નેઅમતને બદલી નાખવા સમાન છે.

**૧૪૮.** જેથી તેઓ એની જ કદર કરે છે અને એના માટે જ જીવ આપવા તૈયાર થાય છે.

**૧૪૯.** અને દુનિયાના સામાન (માલ દૌલત) પ્રતિ એમની ઉદાસીનતા જોઈને એમના પર હસે છે. જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ, અમ્માર બિન યાસિર, સુહેબ અને બિલાલ વિ. સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને જોઈને કાફિરો એમની મઝાક ઉડાવે છે. અને દુનિયાના ધન દોલતના ઘમંડમાં પોતાને ઉચ્ચ સમજતા હતા.

**૧૫૦.** એટલે કે ઈમાનદાર કયામતના દિવસે ઉચ્ચ જન્નતોમાં હશે અને ઘમંડી કાફિરો જહન્નમમાં બેઈજ્જત થશે.

**૧૫૧.** હઝરત આદમ علیہ السلامથી હઝરત નૂહ علیہ السلام ના સમય સુધી બધા લોકો એક ધર્મ અને એક શરીઅત પર હતા. પછી જ્યારે તેઓમાં મતભેદ પડયો ત્યારે અલ્લાહ તઆલાએ હઝરત નૂહ علیہ السلامને મોકલ્યા. તેઓ પ્રથમ રસૂલ (નવી શરીઅત લાવનાર) છે. *(ખાઝિન)*

**૧૫૨.** ઈમાનદારો અને તાબેદારોને સવાબની. *(મદારિક, ખાઝિન)*

**૧૫૩.** કાફિરો અને તાબેદારી ન કરનારાઓને અઝાબનો. *(ખાઝિન)*

**૧૫૪.** જેવી રીતે કે હઝરત આદમ, હઝરત શીષ, હઝરત ઈદ્રીસ عليه السلام પર સહીફાઓ અને હઝરત મૂસા પર તવરાત, હઝરત દાવૂદ પર ઝબૂર, હઝરત ઈસા પર ઈન્જીલ عليه السلام અને હુઝૂર ﷺ પર કુર્આન મજીદ.

**૧૫૫.** આ મતભેદ આકાશી પુસ્તકોમાં હેરફેર અને કુફ્ર તથા ઈમાન વગેરેનો હતો જે યહૂદીઓ અને નસારાએ કર્યો. *(ખાઝિન)*

**૧૫૬.** એટલે કે આ મતભેદ નાદાનીના કારણે ન હતો બલ્કે

**૧૫૭.** અને જેવી મુસીબતો તેમના પર આવી છે તેવી હજુ તમારા પર નથી આવી.

**શાને નુઝૂલ :** આ આયત અહઝાબની લડાઈ વખતે ઉતરી, જ્યાં મુસલમાનોને ઠંડી અને ભૂખ વગેરેની સખ્ત તકલીફો પડી હતી. આમાં તેઓને સબ્રનો પાઠ ભણાવાયો છે અને બતાવવામાં આવ્યું છે કે ખુદાના માર્ગમાં તકલીફો ઉઠાવવી એ અલ્લાહના ખાસ બન્દાઓની પ્રથમથી જ પ્રણાલિકા ચાલી આવી છે. હજુ તો તમને આગલાઓ જેવાં દુઃખો પડયાં પણ નથી.

બુખારી શરીફમાં હઝરત ખબ્બાબ બિન ઈરત رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ કા'બા શરીફના છાંયડામાં પોતાની ચાદર મુબારકનો તકિયો બનાવી આરામ ફર્માવી રહ્યા હતા. અમે વિનંતી કરી કે હુઝૂર ! અમારા માટે કેમ દુઆ ફર્માવતા નથી ? શા માટે અમારી સહાય કરતા નથી ? ફર્માવ્યું, તમારાથી પહેલાં લોકો પકડી લેવામાં આવતા હતા, જમીનમાં ખાડા ખોદી તેમાં દાટી દેવામાં આવતા હતા, કરવત વડે ચીરીને તેમના બે ટુકડા કરવામાં આવતા હતા અને લોઢાના દાંતાઓથી તેમનું માંસ ખેચવામાં આવતું હતું અને આમાંની કોઈ પણ મુસીબત તેમને પોતાના ધર્મ પર અમલ કરવાથી રોકી શક્તી ન હતી.

**૧૫૮.** અર્થાત તકલીફો એટલી હદે પહોંચી ગઈ કે તે ઉમ્મતોના રસૂલ અને તેમના તાબેદાર મો'મિન પણ સહાય માગવામાં ઉતાવળ કરવા માંડયા. જો કે રસૂલ અને તેમના અસ્હાબ ઘણા સબરવાળા હોય છે. આટલી હદ દરજ્જાની મુસીબત પડવા છતાં તે લોકો પોતાના દીન પર અટલ રહ્યા અને કોઈ પણ મુસીબત કે બલા તેઓને તેમની હાલત પરથી ચલિત ન કરી શકી.

**૧૫૯.** આના જવાબમાં તેઓને શાંત્વન આપવામાં આવ્યું અને ફર્માવ્યું કે

**૧૬૦. શાને નુઝૂલ :** આ આયત અમ્ર બિન જમૂહના જવાબમાં ઉતરી. જેઓ વૃદ્ધ અને ઘણા માલદાર હતા. તેઓએ હુઝૂર ﷺને પ્રશ્ન કર્યો હતો કે શું ખર્ચ કરીએ ? અને કોના માટે ખર્ચ કરીએ ? આ આયતમાં તેઓને બતાવવામાં આવ્યું કે જે પ્રકારનો અને જેટલો થોડો કે વધારે ખર્ચ કરો તેમાં સવાબ છે અને ખર્ચ કરવાની જગ્યાઓ આ છે.

**મસ્અલો :** આયતમાં નફલ સદક઼ાઓનું બયાન છે. કારણ કે મા બાપને ઝકાત અને વાજિબ સદક઼ાઓ આપવા જાઈઝ નથી. *(જુમલ)*

**૧૬૧.** આ હુકમ તમારી નેકીઓ માટે છે. માલ ખર્ચ કરીને હોય કે બીજી રીતે, વાપરવાની તમામ જગ્યાઓ આમાં આવી જાય છે.

**૧૬૨.** માટે એનો બદલો આપશે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**હદીષ :** હઝરત ઉમ્મે હાની رضی اللہ عنہاથી રિવાયત છે[૧] ફર્માવે છે કે નબી ﷺ તથા હઝરત મૈમૂનાએ એ ટબથી વુઝૂ કર્યું જેમાં ગુંદેલા આટાની અસર હતી[૨]. *(નિસાઈ તથા ઈબ્ને માજહ)*

*(ત્રીજો વિભાગ) :* હઝરત યહ્યા ઈબ્ને અબ્દુર્રહમાનથી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ કાફલામાં તશરીફ લઈ ગયા જેનામાં હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ હતા. ત્યાં સુધી કે એક હોઝ પર પહોંચ્યા તો અમ્રએ કહ્યું, હે હોઝવાળા ! શું તારા હોઝ પર દરિન્દા પહોંચ્યા ?[૩] હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે ફર્માવ્યું, હે હોઝવાળા ! બતાવીશ નહીં, કેમ કે અમે દરિન્દાઓ પર અને દરિન્દાઓ અમારા પર આવે છે[૪]. *(માલિક)* અને રઝીને આ પણ ઉમેરો કર્યો કે કહ્યું, કે અમુક રાવીઓએ હઝરત ઉમરના ફર્માનમાં આ વધાર્યું છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જે દરિન્દાઓ પોતાના પેટોમાં લઈ ગયા તે એમનું અને જે બચી રહ્યું તે અમારું. પાણી પણ છે અને તહારત પણ[૫].

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે એ હોઝોના વિશે પૂછવામાં આવ્યું જે મક્કા તથા મદીનાની વચ્ચે છે જેના પર દરિન્દા, કૂતરાં, ગધેડાં સર્વ આવે છે, એમાં વુઝૂ કરવું કેવું ? ફર્માવ્યું કે તે જે પોતાનાં પેટોમાં લઈ ગયાં તે એમનું, જે વધ્યું તે આપણુ, અને એ આપણા માટે પાક કરનાર છે[૬]. *(ઈબ્ને માજહ)*

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે, આપે ફર્માવ્યું, તડકાથી ગરમ થયેલ પાણી વડે ગુસ્લ ન કરો, એટલા માટે કે તે કોઢ પેદા કરે છે[૭]. *(દારકુત્ની)*

**નાપાકીઓને[૮] પાક કરવા વિશે :** *(પ્રથમ વિભાગ)* હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈના વાસણમાં કૂતરુ પી જાય તો તેને સાત વાર ધૂઓ. (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની રિવાયતમાં છે કે ફર્માવ્યું, તમારામાંથી કોઈના વાસણની પાકી જ્યારે એમાં કૂતરુ ચાટી જાય તો એને સાતવાર ધોવું છે. પ્રથમવાર માટી વડે[૯].

એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે એક ગામડાવાસીએ મસ્જિદમાં ઉભા રહીને પેશાબ કરી આપ્યો. તેને લોકોએ પકડી લીધો. તેમને હુઝૂર ﷺએ ફર્માવ્યું, એને છોડી દો ![૧૦] અને એના પેશાબ પર પાણીની ડોલ વહાવી દો[૧૧] કેમ કે તમે આસાની કરવાવાળા મોકલવામાં આવ્યા છો, મુસીબતમાં નાખનારા નથી મોકલવામાં આવ્યા[૧૨]. *(બુખારી)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે અમે હુઝૂર ﷺની સાથે મસ્જિદમાં હતા એવામાં એક ગામડાવાસી આવ્યો અને મસ્જિદમાં ઉભો રહીને પેશાબ કરવા લાગ્યો, તો હુઝૂરે અન્વર ﷺના સહાબીઓએ ફર્માવ્યું, થોભો ! રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એને ન રોકો, છોડી દો[૧૩]. લોકોએ છોડી

દીધો ત્યાં સુધી કે તેણે પેશાબ કરી લીધો. પછી હુઝૂર ﷺએ તેને બોલાવીને ફર્માવ્યું કે આ મસ્જિદો પેશાબ તથા ગંદકી માટે નથી, આ તો કેવળ અલ્લાહના ઝિક્ર, નમાઝ અને તિલાવતે કુર્આનના માટે છે, અથવા જેવું હુઝૂર ﷺએ ફર્માવ્યું[૧૪]. ફર્માવે છે કે કૌમના એક માણસને હુકમ આપ્યો, તે પાણીની ડોલ લાવ્યો જેને એના પર વહાવી દીધું. *(મુસ્લિમ, બુખારી)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આપનું નામ ફાખ્તા અથવા આતિકા છે. અલી મુર્તઝા كرم الله وجهه الكريم નાં સગાં બહેન છે. આપના ઘરેથી હુઝૂર ﷺને મેઅરાજ થઈ હતી મુગીરા ઈબ્ને અબી વહબનાં પત્ની હતાં, બાદમાં હુઝૂરે નિકાહનો પયગામ આપ્યો પણ નિકાહ ન થઈ શક્યો. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યાં. અમીર મુઆવિયહ رضي الله عنهના જમાનામાં હિ.સ. ૫૦ પછી વફાત પામ્યાં.

**૨.** એટલે કે કેવળ અસર હતી, પાણી એનાથી ન સફેદ થયું ન ગાઢ. એવા પાણી વડે વિના કરાહતે વુઝૂ જાઈઝ છે.

**૩.** એટલે કે દરિન્દા (જંગલી જાનવરો) એનાથી પાણી પીતાં હોય તો આપણે એના વડે ન વુઝૂ કે ગુસ્લ કરીએ ન એને પીએ. તેમને પાણી કલીલ (ઓછા) તથા કષીર (અધિક્તા)ની ખબર ન હતી.

**૪.** કેમ કે એ પાણી અધિક (કમસે કમ દસ બાય દસ હાથ) છે જેથી કોઈ જાનવરના પાણી પીવાથી નાપાક થતું નથી અને કોઈ ગંદકીના પડી જવાથી ગંદુ નથી થતું, ત્યાં સુધી કે પાણીની ગંધ, સ્વાદ તથા રંગ ગંદકીના કારણે ન બદલાય જાય. આ હદીષ અગાઉ ગુજરી ગયેલ હદીષે જાબિરની તફસીર છે. અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضي الله عنهની મજબૂત દલીલ છે.

**૫.** આ શબ્દોમાં પણ આબે કષીર (દહ દર દહ) મુરાદ છે. જેથી આ હદીષ આપણી દલીલ છે ન કે શાફઈઓની. ઈમામ શાફઈ ફર્માવે છે કે આ હદીષ મુત્લક઼ પાણીના માટે છે, થોડુ હોય કે વધારે. પણ આ સ્પષ્ટતા આગલી આવનાર હદીષની વિરુદ્ધ છે. તેમજ બીજા વિભાગની શરૂમાં વર્ણન થઈ ચૂક્યું કે જ્યારે પાણી બે ઘડા હોય તો દરિન્દાઓના પીવાથી નાપાક થશે નહીં, જો દરિન્દાઓનું એંઠુ પાક છે તો ત્યાં બે ઘડાની શર્ત શાથી છે ?

**૬.** અગાઉ વર્ણન થઈ ગયેલ હદીષની તફસીર છે. એટલે કે જ્યારે પાણી વધારે હોય તો જંગલી ફાડી ખાનાર જાનવરો (દરિન્દા)ના પીવાથી નાપાક થશે નહીં. યાદ રાખશો, આ હદીષોમાં એ હોઝોના માપનું વર્ણન નથી. આપણા ઈમામ સાહબને ત્યાં ૧૦૦ ચોરસ હાથ (૧૦ × ૧૦ હાથ) પાણી અધિક (કષીર) છે, જેની દલીલ બીરે બિલ્વહાનો મસ્અલો છે. અને હુઝૂર ﷺનું આ ફર્માન છે કે એક કૂવાનું ક્ષેત્ર ૧૦ હાથ છે કે એટલી હદમાં બીજો કૂવો ન ખોદવામાં આવે.

**૭.** આ જો કે ફારૂક઼ે આ'ઝમ رضي الله عنهનો ક઼ોલ છે, પરંતુ સહાબાએ કિરામની મૌજૂદગીમાં છે અને કોઈએ વાંધો નથી ઉઠાવ્યો, જેથી આ મસ્અલો ઈજમાઅવાળો થઈ ગયો. જાહેર એ છે કે એનાથી દરેક પાણી મુરાદ છે, થોડુ હોય કે વધારે. જેથી હોઝનું પાણી જ્યારે તડકામાં ગરમ થઈ જાય તો એનાથી વુઝૂ ન કરવામાં આવે (જે પાણી ખુલ્લુ હોય અને ડાયરેક્ટ એના પર તડકો પડતો હોય તે).

**૮.** અહીં નજાસતોથી હક઼ીક઼ી નાપાકીઓ મુરાદ છે ન કે હુકમી. કેમ કે એમનું વર્ણન તો અગાઉ વુઝૂ તથા ગુસ્લની ચર્ચામાં થઈ ચૂક્યું છે. હક઼ીક઼ી નાપાકીઓ ઘણા પ્રકારની છે : ખફીફા, ગલીઝા વગેરે, એટલા માટે નજાસત બહુવચન ફર્માવવામાં આવ્યું.

**૯.** આ જ મઝહબ ઈમામ શાફઈ વગેરે ફકીહો તથા મોટાભાગના મુહદ્દિષોનો છે કે કૂતરાના ચાટવાથી વાસણને સાતવાર ધોવું અને માટી વડે માંજવું એમને ત્યાં ફર્ઝ છે. આપણા ઈમામ رحمۃ اللہ علیہની નજીક એનો હુકમ પણ બીજી નજાસતોની જેમ છે કે એના ધોવામાં ન સંખ્યા નિશ્ચિત છે ન માટી વડે સાફ કરવું જરૂરી છે, બલ્કે ગંદકીની અસર દૂર કરવી જરૂરી છે કે માટી વગેરેનું વાસણ જેમાં છિદ્રો હોય તેને ત્રણવાર ધોવામાં આવે. અરીસો, કાચ વગેરે જેમાં છિદ્રો ન હોય તેને એકવાર ધોવું અથવા લુછી લેવું પૂરતુ છે. એટલા માટે કે દારકુત્નીએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફુઅન રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે જ્યારે કૂતરૂ વાસણ ચાટી જાય તો પાણી ફેંકી દો અને વાસણ ત્રણવાર ધોઈ લો. તેમજ દારકુત્નીએ સહીહ સનદ સાથે હઝરત અતાથી રિવાયત કરી કે ખુદ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનો આ અમલ હતો. જ્યારે એમનું વાસણ કૂતરું ચાટી જતુ તો પાણી ઘોળી દેતા અને વાસણ ત્રણવાર ધોઈ નાખતા. જેથી સાતવારની હદીષ મન્સૂખ છે અને આ વર્ણન થયેલ હદીષો નાસિખ (મન્સૂખ કરનાર) છે. પહેલાં કૂતરાને પાળવુ મના તથા તેને કત્લ કરવું વાજિબ હતું, એ જમાનામાં આ પાબંદીઓ પણ હતી, જ્યારે વાજિબ ન રહ્યું તો સાતવારનો હુકમ પણ મન્સૂખ થઈ (ઉઠી) ગયો. તેમજ જો કૂતરુ કે સુવ્વર વાસણમાં પેશાબ કરી દે તો ત્રણવાર ધોવું પૂરતુ છે, તો એ છે કે કૂતરાની લાળ તો પેશાબથી બદ્તર નથી, જેથી એમાં પણ ત્રણવાર ધોવું પૂરતુ હોવું જોઈએ. આ સાતનો હુકમ એવો છે જેવું કે શરૂમાં શરાબના વાસણોને તોડી નાખવાં ફર્ઝ હતું, પછી તે હુકમ ન રહ્યો.

**૧૦.** એટલે કે એને ન મારો, પીટો, કેમ કે એ શરીઅતના હુકમોથી અજ્ઞાન છે. ઈસ્લામથી પહેલાં લોકો ઉભા રહીને પેશાબ કરવાને અને સૌની સામે સામે નગ્ન થવાને અયબ જાણતા ન હતા. તેમજ તેઓ મસ્જિદના આદાબ વગેરેથી અજ્ઞાન હતા. જાણવા મળ્યું કે નાવાકેફ પર સખ્તી કરવામાં ન આવે, એને નરમીથી સમજાવવામાં આવે.

**૧૧.** અમુકે ફર્માવ્યું કે **سجل** અને **ذنوب**નો એક જ અર્થ છે. એટલે કે ડોલ મોટી હોય કે નાની. અમુકે કહ્યું કે **سجل** મોટી ડોલને કહે છે અને **ذنوب** કોઈપણ (મુત્લકન) ડોલને કહે છે. યાદ રાખશો કે આ **سَجْل** છે. જેના જીમ તથા લામ સાકિન છે. સીન અને જીમના ઝેરની સાથે તથા લામની તશ્દીદ સાથે, સિજિલ્લ (**سِجِّل**) થશે, જેનો અર્થ કાતિબ તથા મુન્શી (લહિયો) થશે. એ જ પ્રમાણે **ذنوب** ઝાલના ઝબરથી ઝનૂબ ડોલના અર્થમાં, અને ઝાલના પેશથી એ ઝન્બનું બહુવચન છે, ગુનાહના અર્થમાં.

**૧૨.** યાદ રાખશો કે જમીન જો કે સૂકાયને પાક થઈ જાય છે, પરંતું જમીનને ધોવું ઘણુ જ બેહતર છે કે એનાથી ગંદકીનો રંગ, ગંધ પણ જલ્દીથી જતાં રહે છે, અને એના વડે તયમ્મુમ પણ જાઈઝ થઈ જાય છે. આ હદીષથી એ લાઝિમ નથી થતું કે નાપાક જમીન ધોયા વિના પાક નથી થઈ શકતી, જેમ કે ઈમામ શાફઈ ફર્માવે છે. હુઝૂર صلی اللہ علیہ وسلمનું મસ્જિદ ધોવડાવવું એટલા માટે હતું કે નમાઝનો સમય નજીક હતો, જમીન સૂકાયને જલ્દી પાક થઈ શક્તી ન હતી. તેમજ મસ્જિદમાં પાકીના ઉપરાંત સફાઈ પણ હોવી જોઈએ અને એ ધોવાથી જ મળી શકે છે.

**૧૩.** કેમ કે પેશાબ વચ્ચે રોકવાથી સખત બીમારી પેદા થઈ જાય છે. જાણવા મળ્યું કે નબી صلی اللہ علیہ وسلم ફન્ને તિબ્બ (તબીબ વિદ્યા)થી સંપૂર્ણપણે નિષ્ણાત છે અને ઉમ્મત પર ઘણા જ રહીમ તથા કરીમ છે. ફર્માવ્યું, મસ્જિદ ધોવાય જશે, પરંતુ એ બીમાર થઈ જશે તો તેને તથા આપણને સખત મુશ્કેલી થશે.

**૧૪.** એમાં મુબલ્લિગોને કે તબ્લીગના તરીકાની તા'લીમ છે કે તબ્લીગ અખ્લાક઼ તથા નરમીથી થવી જોઈએ.

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

## اَلْأَوَّلُ، اَلْآخِرُ
## અલ્ અવ્વલ-અલ્ આખિર
**(દરેક ચીજથી પ્રથમ-હમેશાં રહેનાર)**

**સમજૂતી** : પ્રથમ તે હોય છે જેના બાદ કોઈ વજૂદ પામે અને આખિર તે છે જેના બાદ કોઈ વજૂદ ન પામે.

રબ સુબ્હાનહૂ વ તઆલા સર્વ કાઈનાત તથા મૌજૂદ ચીજોથી પહેલાં છે. સર્વ મૌજૂદ ચીજોએ એનાથી વજૂદ મેળવ્યું છે. અને તેના આખિર હોવાનો ભાવાર્થ એ છે એની તરફ જનાર અને સફર કરનાર એના બંદા જ્યારે આખરી દરજા પર હક્ક઼ સુબ્હાનહૂ વ તઆલાની મઅરેફતના અસીમ દરજાઓ છે અને મખ્લૂક઼ના વશમાં નથી કે એ સર્વ દરજાઓને પાર પાડી શકે એ એતબારથી તે આખિર છે.

નબી ﷺએ પોતાની એક દુઆ મુબારકમાં અવ્વલ તથા આખિરની તફસીર ખુદ બયાન કરી. આપના મુબારક કલેમા આ છે :–

اَللّٰهُمَّ أَنْتَ الْأَوَّلُ فَلَيْسَ قَبْلَكَ شَيْءٌ وَأَنْتَ الْآخِرُ فَلَيْسَ بَعْدَكَ شَيْءٌ

**"અલ્લાહુમ્મ અન્ત અલ્ અવ્વલુ ફલય્સ ક઼બ્લક શય્ઊન વ અન્ત અલ્ આખિરુ ફલય્સ બઅ્દક શયઊન."**

"હે અલ્લાહ ! તું અવ્વલ છે. તારાથી પહેલી કોઈ ચીજ નથી. તું આખિર છે, તારા બાદ કોઈ ચીજ નથી."

**દર્સ તથા સબક઼** : બંદાને માટે આ બંનેવ અસ્મા મુબારકથી એ દર્સ મળે કે તે બાકી રહેનાર હસ્તીનો થઈને રહે અને ફના થનારી દુનિયાથી બેનિયાઝ રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : ઈસ્મ મુબારક اَلْأَوَّلُ **"અલ્ અવ્વલુ"**ની ખાસિયત એ છે કે એનો ઝિક્ર કરનારાના સર્વ મામલાઓ દુરૂસ્ત રહે છે. જો મુસાફિર દર જુમ્આના દિવસે પાબંદીની સાથે તેનો વિર્દ કરે તો તેનાં સર્વ કામો ઠીક અને દુરુસ્ત થશે. ઈસ્મે મુક઼દસ اَلْآخِرُ **"અલ્ આખિર"**ની ખાસિયત એ છે કે તેના ઝિક્રથી માસિવલ્લાહની (અલ્લાહ સિવાય)ની ગંદકીથી બાતિનની સફાઈ થાય છે. જો કોઈ શખ્સ દરરોજ એકસો વખત પાબંદીની સાથે તેનો ઝિક્ર કરે તો તેના દિલથી અલ્લાહના સિવાય અન્ય ચીજો નીકળી જાય છે.

## اَلظَّاهِرُ، اَلْبَاطِنُ
## અઝ્ઝાહિર-અલ્બાતિન
**(ઝાહિર તથા ઉચ્ચ, ખૂબ જ ગુપ્ત)**

**સમજૂતી** : જો માણસની બુધ્ધિ સાથ આપે તો તેની સમજશક્તિ સાક્ષી આપશે કે હક્ક઼ સુબ્હાનહૂ વ તઆલા દરેક રીતે જાહેર છે અને દરેક સ્થળે તેની કુદરતો જાહેર છે.

**હર જા તેરી કુદરતકે હૈં લાખોં જલ્વે**<br>**હયરાં હૂં દો આંખોંસે ક્યા ક્યા દેખું**

જો માણસના હોશ હવાસ તથા ખયાલ એને સમજવા ચાહે તો એ એવો બાતિન છે કે ઈન્સાની હવાસ તથા ખયાલ થાકી હારીને લાચાર થઈ જશે. નબી ﷺએ એક હદીષે પાકમાં મઝકૂર ચારેવ મુબારક નામ **الأول، الآخر، الظاهر، الباطن** **"અલ્ અવ્વલુ, અલ્ આખિરુ, અલ્ ઝાહિરુ, અલ્ બાતિનુ"**ની ખૂબ જ ઉમદા સ્પષ્ટતા કરી છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે શહઝાદીએ સૈયદે કાઈનાત સૈયદા ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا નબી ﷺની ખિદમતમાં હાજર થયાં અને એક ખાદિમનો સવાલ કર્યો. હુઝૂર ﷺએ તેમને ફર્માવ્યું કે આ દુઆ કર્યા કરો :–

**اللّٰهُمَّ رَبَّ السَّمٰوٰتِ السَّبۡعِ وَرَبَّ الۡعَرۡشِ الۡعَظِيۡمِ رَبَّنَا وَرَبَّ كُلِّ شَیۡءٍ، مُنۡزِلَ التَّوۡرَاةِ وَالۡاِنۡجِيۡلِ وَالۡفُرۡقَانِ فَالِقَ الۡحَبِّ وَالنَّوٰی أَعُوۡذُ بِكَ مِنۡ شَرِّ كُلِّ شَیۡءٍ أَنۡتَ آخِذٌ بِنَاصِيَتِهٖ، أَنۡتَ الۡاَوَّلُ فَلَيۡسَ قَبۡلَكَ شَیۡءٌ وَأَنۡتَ الۡآخِرُ فَلَيۡسَ بَعۡدَكَ شَیۡءٌ، وَأَنۡتَ الظَّاهِرُ فَلَيۡسَ فَوۡقَكَ شَیۡءٌ وَأَنۡتَ الۡبَاطِنُ فَلَيۡسَ دُوۡنَكَ شَیۡءٌ اِقۡضِ عَنَّا الدَّيۡنَ وَأَغۡنِنَا مِنَ الۡفَقۡرِ**

**અલ્લાહુમ્મ રબ્બસ્સમાવાતિ વસ્સબ્ઇ વ રબ્બલ્ અર્શિલ અઝીમિ રબ્બના વ રબ્બ કુલ્લ શૈઈન મુન્ઝિલત્તવરાતિ વલ્ઈન્જીલિ વલ્ફુર્કાનિ ફાલિકલ્હબ્બિ વન્નવયા. અઊઝુબિક મિન્શર્રિ કુલ્લિ શયઈન અન્ત આખિઝુન્ બિના સિયતિહિ. અન્ત અવ્વલુ ફ્લૈસ કબ્લક શયઉન વઅન્તલ્આખિરુ ફ્લૈસ બઅ્દક શયઉન. વઅન્તઝ્ઝાહિરુ ફ્લૈસ ફૌકક શયઉન વ અન્ત બાતિનુ ફ્લૈસ દૂનક શયઉન ઈક્દ્રિ અન્નદ્દૈન વ અગ્નિના મિનલ્ફક્ર.** *(અલઅસ્માઉ વસ્સિફાત, પેજ–૫૨, બહવાલા સહીહ મુસ્લિમ)*

"હે અલ્લાહ ! આસ્માનો તથા જમીનના રબ ! હે અર્શે અઝીમના રબ ! હે અમારા રબ ! હે દરેક ચીજના રબ ! હે તૌરાત તથા ઈન્જીલ તથા ફુર્કાનને ઉતારનાર ! હે દાણા તથા ગુઠલીને ચીરનાર ! હું તારાથી દરેક તે ચીજથી પનાહ માગુ છું જેની પેશાનીને તેં પકડેલ છે. હે અલ્લાહ ! તું અવ્વલ છે, તારાથી પહેલાં કોઈ ચીજ નથી, તું આખિર છે, તારા પછી કોઈ ચીજ નથી. તું ઝાહિર છે, તારાથી વધીને અન્ય કોઈ નથી. તું બાતિન છે તારાથી ગુપ્ત અન્ય કોઈ નથી, અમારું કરજ અદા ફર્માવી આપ અને અમને ગરીબી તથા મોહતાજીથી ગની કરી આપ."

નબી ﷺએ આ મુબારક કલમાઓમાં જાહેર તથા બાતિનની ખૂબ જ ઉમદા સ્પષ્ટતા કરી આપી છે, જે ઝબાને નબુવ્વતનો જ હિસ્સો છે.

એટલે કે રબ તઆલા એવો જાહેર છે કે એનાથી વધીને અન્ય કોઈ નથી. તે એવો બાતિન (ભેદ) છે કે એનાથી વધુ ગુપ્ત અન્ય કોઈ નથી.

આ દુઆ કરજની અદાયગી અને ફક્રો ફાકા (ગરીબી, મોહતાજી)થી છૂટકારાના માટે અકસીરનો દરજ્જો ધરાવે છે. રાતે સૂતી વખતે પઢવાથી આ હેતુઓ પ્રાપ્ત થાય છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક **الظَّاهِرُ "અઝ્ઝાહિર"**થી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે તેનો કિરદાર તથા અમલ અને અખ્લાક઼ દરેક માહોલ તથા સમાજમાં એટલો જાહેર હોય કે સમાજના મોટા ભાગના લોકો તેની ખુશ્બુઓથી સુગંધિત અને તેની બરકતોથી ફાયદો ઉઠાવનાર હોય. અને નામ મુબારક **اَلۡبَاطِنُ "અલ્ બાતિન"**થી માણસનો હિસ્સો એ હોવો જોઈએ કે તે પોતાની રૂહાનિયત અને ખુદાની તરફ રજૂઅ તથા આજીજીમાં એટલા ઉચ્ચ સ્થાને પહોંચી જાય જે મક઼ામ સુધી આમ દિલોની પહોંચ શક્ય ન હોય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : તુલૂએ

આફતાબ (સૂર્યોદય) વખતે જો કોઈ બંદો **یَاظَاهِرُ "યા ઝાહિરુ"**નો વિર્દ કરે તો તેના દિલ પર નૂરે વિલાયત ચમકશે.

અને **اَلْبَاطِنُ "અલ્ બાતિન"**ની ખૂબીઓમાં લખ્યું છે કે શયખ અબુલ અબ્બાસ હિઝરમીએ ફર્માવ્યું, "જો કોઈ શખ્સ બે નફ્લ પઢયા પછી એકસો પિસ્તાળીસ (૧૪૫) વાર **هُوَ الْأَوَّلُ وَالْآخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ وَهُوَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ "હુવલ્ અવ્વલુ વલ્આખિરુ વઝ્ઝાહિરુ વલ્બાતિનુ વહુવ બિ કુલ્લિ શયઈન અલીમ"**નો વિર્દ કરશે તેના સર્વ મક્સદો પૂરા થશે.

## અલ્ વાલિયુ اَلْوَالِي

### (તદબીર તથા વિલાયતવાળો)

**સમજૂતી** : તે મહાન હસ્તી જે સર્વ સૃષ્ટિનાં કાર્યોની તદબીર પણ કરે છે અને તેના પર સંપૂર્ણ કન્ટ્રોલની સાથે સંપૂર્ણ દેખભાળ પણ કરે છે. વિલાયત શબ્દના ભાવાર્થમાં તદબીર, કુદરત અને ફેઅલ (કાર્ય) સામેલ છે. જેમાં આ સર્વ ખૂબીઓ એકત્ર ન હોય તે વાલી નથી થઈ શકતો અને જાહેર છે કે અલ્લાહ તઆલા ﷻના સિવાય સૃષ્ટિના સર્વ કામોનો વાલી અન્ય કોણ થઈ શકે છે ?!

**દર્સ તથા સબક઼** : અલ્લાહ ﷻની રઝાના માટે બંદો પોતાના નફસનો વાલી બને અને નફસને અલ્લાહની રઝાના સિવાય કોઈ અન્ય ક઼દમ ઉઠાવવાની કદાપિ ઈજાઝત ન આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : એની ખૂબીઓમાંથી એ છે કે એનો વિર્દ કરનારો મોટી આફતો તથા મુસીબતોથી જેમ કે વીજળી વગેરેથી મહફૂઝ રહેશે.

## અલ્ મુતઆલી اَلْمُتَعَالِي

### (અતિશય બુલંદીવાળો)

**સમજૂતી** : નામ મુબારક **اَلْعَلِيُّ "અલ્ અલીય્યુ"** તથા **اَلْمُتَعَالِي "અલ્ મુતઆલી"** બંનેવનો ભાવાર્થ એક જ છે. હા ! આમાં કાંઈ અધિકપણુ છે એટલે તે અતિશય ઉચ્ચતા તથા બુલંદીવાળો છે. તેની ઉચ્ચતા તથા બુલંદી સુધી કોઈ મખ્લૂક઼ની પહોંચ શક્ય નથી.

**દર્સ તથા સબક઼** : આ નામ મુબારકથી બંદાના માટે દર્સ એ છે કે તે એટલો ઉચ્ચ હિંમતવાળો બની જાય કે કોઈ અન્ય વ્યક્તિ એના પર ક઼ાબૂ ન પામી શકે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે નામ મુબારક **اَلْمُتَعَالِي "અલ્ મુતઆલી"**નો અધિક્તર ઝિક્ર કરશે તેને બુલંદી તથા ઉચ્ચતા મળશે. અર્બઈને ઈદરીસિયામાં છે : શયખ સુહરવર્દીએ ફર્માવ્યું, **يَا قَرِيْبُ الْمُتَعَالِي فَوْقَ كُلِّ شَيْءٍ اِرْتِفَاعُهُ "યા ક઼રીબુલ્મુતઆલી ફૌક઼ કુલ્લિ શયઈન્ ઈર્તિફાઉહુ"** જે શખ્સ આ શબ્દો સાથે સાત દિવસ સુધી એક એક હજારવાર પઢશે તેનો દુશ્મન નષ્ટ થઈ જશે.

પેજ નં. ૦૨ નું ચાલુ... થોડો અમલ પણ બારગાહે સમદિયતમાં મકબૂલ થશે.

એક મુસલમાનની જિંદગીની દરેક પળ ઈબાદત બની શકે છે, શર્ત એ છે કે તે ફર્ઝોની અદાયગીના પછી દરેક અમલનો પાયો ખુલૂસ (નિખાલસતાભરી) નિય્યત પર રાખે, ચાહે તે અમલનો સંબંધ દીની મામલાથી હોય કે તદ્દન દુનિયવી મામલા સાથે હોય. અમલો મુદ્દલે ત્યારે જ બદલાને પાત્ર બને છે જ્યારે એની પાછળ ખૂલુસ નિય્યત કાર્યરત હોય. નિય્યત જ એક એવી કસૌટી છે કે જેની ખરાબીના કારણે તદ્દન દીની અમલ પણ અઝાબનો સબબ બની જાય છે, અને એના (નિય્યતના) ખુલૂસના પરિણામે તદ્દન દુનિયવી કામ પણ નજાતનો સબબ બની શકે છે. નિય્યત વિના ઈખ્લાસની કલ્પના અશક્ય છે. અલ્લાહ તઆલા આપણને સૌને આક઼ાએ કરીમ ﷺના ઈખ્લાસનો સદક઼ો અતા કરે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ *(સુન્ની દા'વતે ઈસ્લામી–મંથલી, માર્ચ–૨૦૧૬)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

### ★ હરમનાં ઝાડ વગેરે કાપવાં ★

હરમની લીલી વનસ્પતિ, જડી–બુટ્ટી, ઘાસ, ઝાડ, પાન વગેરે કાપવા, તોડવામાં દંડ આપવો પડશે, ભલે તે પછી તે એવા પ્રકારનું ઝાડ હોય કે કોઈએ એને ઉગાડયું ન હોય અથવા ઉગાડવામાં આવતું ન હોય અને તે લીલું હોય, તૂટેલું કે ઉખડેલું ન હોય (તો પણ દંડ આપવો પડશે) એનો દંડ એ છે કે એની કિંમત બરાબરનું અનાજ લઈ ફકીરોમાં વહેંચી દે. દરેક ફકીરને એક સદક઼ો આપવો. જો કિંમતનું અનાજ આખા સદક઼ાથી ઓછું હોય તો એક જ ફકીરને આપવું, કિંમત પણ આપી શકાય છે અને એવું પણ થઈ શકે છે કે એના બદલામાં એટલી કિંમતનું જાનવર ખરીદી હરમમાં ઝુબહ કરી દે, એના બદલામાં રોઝો નથી રાખી શકતા. *(હિંદિયા, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : ઝાડને ઉખેડવામાં આવ્યું અને એની કિંમત પણ આપી દીધી તો પણ એને ઉપયોગમાં લેવું જાઈઝ નથી. જો એને વેચી દેવામાં આવ્યું તો કિંમતનો સદક઼ો કરી દેવો. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : સૂકાઈ ગયેલા ઝાડને ઉખેડી શકાય છે તેમજ ઉપયોગમાં લઈ શકાય છે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઝાડનાં પાન તોડવામાં આવ્યાં તેનાથી જો ઝાડને કોઈ નુકસાન ન પહોંચ્યું તો કોઈ વાંધો નથી. એ જ રીતે જે ઝાડ ફળદાર છે તેને કાપવામાં કોઈ બદલો નથી જો એના માલિક પાસેથી રજા લીધી હોય તો અથવા એની કિંમત ચૂકવી દીધી હોય તો. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : અમુક માણસોએ ભેગા મળીને ઝાડ કાપ્યું તો એક જ બદલો આપે. જે બધાંની વચ્ચે વહેંચાઈ જશે. ભલે પછી બધા જ મુહરિમ હોય કે થોડાક મુહરિમ અને થોડા ગેર મુહરિમ હોય. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : હરમના કોઈ પણ ઝાડનું દાતણ બનાવવું જાઈઝ નથી. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : પોતાના ચાલવાથી યા જાનવરના ચાલવાથી અથવા તંબૂ લગાવવામાં કેટલાક ઝાડ જતા રહે (નાશ પામે) તો કંઈ વાંધો નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જરૂરતના કારણે ફતવો એના પર એ છે કે ત્યાંની ઘાસ જાનવરોને ચરાવવી જાઈઝ છે, બાકી કાપવા ઉખેડવા માટે એ જ હુકમ છે જે ઝાડ માટે છે. સિવાય એ કે ઉખડેલી, સૂકી ઘાસનો કોઈ પણ કામમાં ઉપયોગ કરવો જાઈઝ છે. ખેતી માટે ઘાસ કાપવા ઉખેડવામાં કોઈ વાંધો નથી.

### ★ જૂ મારવી ★

પોતાની જૂ પોતાના કપડા કે શરીર પરથી મારી અથવા ફેંકી દીધી તો એક જૂ ના બદલામાં રોટીના એક ટુકડાનો કફ્ફારો આપે અને જો બે અથવા ત્રણ જૂ હોય તો એક મુઠ્ઠી અનાજ આપે અને એનાથી વધારે માટે સદક઼ો આપે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જૂ ઓ મારવા માટે માથાને ધોયું અથવા કપડાને ધોવું અથવા તડકામાં સૂકવવા મૂકયું તો પણ એ જ કફ્ફારો લાગુ પડશે જે જૂઓને મારવા માટે લાગુ પડતો હતો. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા :** કપડું ભીંજાઈ ગયું હોય અને તેને સૂકવવા માટે તડકામાં મૂકયું અને તેના કારણે જૂઓ મરી ગઈ, જયારે કે જૂઓ મારવાના મકસદથી કપડુ સૂકવવા મૂકેલું ન હતું તો કોઈ વાંધો નથી. *(મનસક, બહાર)*

## ★ એહરામ વગર મિક઼ાતથી પસાર થવું ★

જે માણસ મિક઼ાતની બહારથી આવ્યો અને એહરામ વગર મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યો તો ભલે હજનો ઈરાદો ન હોય કે ન ઉમરહ્‌નો ઈરાદો હોય પરંતુ હજ અથવા ઉમરહ વાજિબ થઈ ગયો. હવે એણે મિકાત સુધી પાછા ફરવું અને એહરામ બાંધીને આવવું. જો મિક઼ાત સુધી પાછો ન ફર્યો અને મક્કામાં જ એહરામ બાંધી લીધું તો દમ (આપવો) વાજિબ થઈ ગયો.

**મસ્અલા :** મિક઼ાતથી એહરામ વગર પસાર થયા પછી ઉમરહનું એહરામ બાંધ્યું, ત્યાર બાદ હજનું (એહરામ બાંધ્યું) અથવા તો ભેગું બાંધ્યું તો દમ લાગુ પડશે અને જો પ્રથમ હજનું એહરામ બાંધ્યું પછીથી હરમમાં ઉમરહનું (બાંધ્યું) તો બે દમ લાગુ પડશે. *(હિંદિયા, બહાર)*

## ★ એહરામ હોવા છતાં બીજું એહરામ બાંધવું ★

હજનું એહરામ બાંધ્યા પછી અરફાના દિવસે કે રાત્રે માથુ મૂંડાવ્યા પછી બીજી હજનું એહરામ બાંધ્યું તો ક઼ાનૂન મુજબ એહરામમાં રહે પછી બીજી હજ આગામી વર્ષમાં પૂરી કરે. દમ વાજિબ નહીં થાય અને જો માથુ મૂંડાવ્યું ન હતું તો દમ વાજિબ થશે. (રદુલ્ મુહ્‌તાર, બહાર)

**મસ્અલા :** ઉમરહના તમામ અરકાનો કરી ચૂકયા હતા, ફકત માથુ મૂંડાવવાનુંબાકી હતુંઅને બીજા ઉમરહ માટેનુંએહરામ બાંધ્યું તો દમ વાજિબ થશે. ઉપરાંત ગુનેહગાર પણ થશે.

**મસ્અલા :** હજ કરવાવાળાએ દસમીથી તેરમી સુધી ઉમરહનું એહરામ બાંધવું મના છે, તેમ છતાં જો બાંધવામાં આવ્યું તો ખોલી કાઢવું અને તેની ક઼ઝા કરવી તેમજ દમ આપવો. ક઼ઝા કરી લીધી તો થઈ જશે પરંતુ દમ આપવો વાજિબ છે.

*ગાંવ મેંગની જિલ્લા રાજકોટકે સાહિબે કરામત*

## વલી અલ્લાહ
# હઝરત પેથાપીર દાદા رحمۃ اللہ علیہ

જિલ્લા રાજકોટ તાલુકા કોટકા સાંગાનીમેં લોધિકા નામક ગાંવકે કરીબ એક છોટાસા ગાંવ બસા હુઆ હૈ મેંગની. ઈસ ગાંવકે કબ્રસ્તાનમેં સંગે મરમરકે બેહતરીન પથ્થરોંકો ખૂબસૂરતીસે તરાશકર બનાયા હુઆ એક રોનકદાર આશિયાના (મઝાર) હૈ, જહાં પર અલ્લાહકે વલી હઝરત પેથાપીર દાદા અપની જિંદગી ગુઝાર કર આખિરતકે ઈન્તેઝારમેં આરામ ફર્મા રહે હૈં.

હઝરત પેથાપીર દાદા رحمۃ اللہ علیہ કરામતોં સે કામિલ હૈ. ઈન્કા લાજવાબ હસીન રોઝા દેખતે હી અકીદતમંદોંકો દિલી સુકૂન મયસ્સર હોતા હૈ.

હઝરત પેથાપીર દાદા જિલ્લા રાજકોટકે મશહૂર વલી અલ્લાહ હૈં. દાદાકે હઝારોં ચાહનેવાલે હર જુમેરાત વ જુમ્આકે દિન અપની મુરાદેં ઔર હસરતેં લેકર દાદાકી પૂરઅસર દુઆએં પાનેકે લિયે મઝારે પાક પર ખિંચે ચલે આતે હૈં. અલ્લાહ તઆલા અપને ફઝલો કરમસે દાદા પેથાપીર رحمۃ اللہ علیہ કી પૂરકશિશ દુઆઓંકી લાજ રખ કર હાજતમંદોકી ઉમ્મીદેં તાબડતોબ પૂરી ફર્મા દેતા હૈ, દાદાકે મઝાર પર હાઝરી દે કર ફૈઝ પાનેવાલે હઝારોં અમીર ગરીબ અક઼ીદતમંદ ઈસ હક઼ીક઼તકા સબૂત હૈ.

તવારીખ બતાતી હૈ કી હઝરત પેથાપીર દાદા ઝયાદાતર વક્ત ગાંવકે કુંવેમેં મુસલ્લા બિછાકર નમાઝ ઔર ઝિક્રે ઈલાહીમેં મશગૂલ રહતે થે. આપકી પૈદાઈશ જુની મેંગની નામક એક છોટેસે ગાંવમેં રહનેવાલે ગરીબ કિસાનકે ઘર હુઈ થી. હઝરત પેથાપીરકો બચપનસે હી ઈશ્ક઼ે ઈલાહીમેં બળા મઝા આતા થા. બચપનમેં ગાય, ભેંસ ચરાતે થે ઔર અલ્લાહકા ઝિક્ર કિયા કરતે થે. આપકી મંઝિલે મક઼સૂદ સિર્ફ ઈબાદત હી થી. આપકો દુન્યાકી લઝ્ઝતોંસે કોઈ લગાવ ન થા.

આપ આલમે ઈસ્લામકે એક ચમકતે સિતારે બનના ચાહતે થે. આપને નમાઝ ઔર ઈશ્ક઼ે ઈલાહીકે સાથ સાથ ઈશ્ક઼ે નબી ﷺ ઔર ગૌષુલ આ'ઝમ દસ્તગીર رضی اللہ عنہ કી ચાહતમેં અપની પૂરી ઝિંદગી ગુઝાર દી.

અગર કોઈ બે ઔલાદ હઝરત પેથાપીર દાદાકે આશિયાને પર ઉમ્મીદવાર હોકર આતા હૈ તો ઈન્શાઅલ્લાહ ! ઉસકી મુરાદ પૂરી હો જાતી હૈ. ઐસી કરામાતકે સેંકળોં કિસ્સે મૌજૂદ હૈં. આપકા ઉર્સ હર સાલ રજબકે સાતવે ચાંદ શાનો શૌક઼તસે મનાયા જાતા હૈ.

☐ પેશકશ : શાયર 'નૂર' જેતપુરી ખલીફએ રિફાઈયા

# ગલતફહમીઓ

## તથા તેની સુધારણા

### શું ઉલ્લુ (ઘૂવડ) કોઈ મન્હૂસ પક્ષી છે ?

ઘૂવડ એક જાતનું પક્ષી છે જેને લોકો મન્હૂસ (ખરાબ) માને છે. જો કે ઈસ્લામી દષ્ટિકોણથી આ એક ખોટી વાત છે. ઘૂવડને મન્હૂસ (ખરાબ) માનવું એ અભણ લોકોનો વિચાર છે. સહીહ બુખારીની હદીષમાં છે : لَا عَدْوٰى وَلَا هَامَةَ وَلَا صَفَر રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, "છૂત અછૂત (અસ્પૃશ્યતા) કોઈ ચીજ નથી. ઘૂવડમાં કોઈ નહૂસત (ખરાબી) નથી અને સફરનો મહિનો મન્હૂસ (ખરાબ) નથી." *(મિશ્કાત, બાબુલ ફાલ–વ–ત્તયરહ, પેજ–૩૯૧)*

هَامَة "હામહ"ની શરહમાં મૌલાના અલી ક઼ારી મક્કી رحمة الله عليه ફર્માવે છે :–

هِىَ اِسْم طَيْر يَتَشَأَّمُ بِهِ النَّاسُ----وَيُقَالُ لَهٗ بُوم

"હામહ" એક પક્ષી છે જેને લોકો મન્હૂસ (ખરાબ) સમજે છે, જેને બૂમ (ઉલ્લુ એટલે ઘૂવડ) કહેવામાં આવે છે." *(મિર્ક઼ાત, ૪/૫૧૯)*

સદ્રૂશ્શરીઅહ હઝરત મૌલાના અમજદ અલી رحمة الله عليه ફર્માવે છે, "હામહ"થી મતલબ ઉલ્લુ (ઘૂવડ) છે. જાહિલિયતના જમાનામાં અરબના લોકો તેના વિશે વિવિધ પ્રકારનાં મંતવ્યો (ગેર સમજણો) ધરાવતા હતા અને આ જમાનામાં પણ લોકો એને મનહૂસ સમજે છે. જે કાંઈ પણ હોય, પરંતુ હદીષમાં તેના વિશે હિદાયત (સમજ) આપવામાં આવી કે તેનો ભરોસો કરવામાં ન આવે. તે જ પ્રમાણે સફર મહિનાને લોકો મનહૂસ (ખરાબ) સમજે છે પરંતુ હદીષમાં ફર્માવવામાં આવ્યું કે આવી કોઈ ચીજ નથી. *(હાશિયા બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૧૨૪)*

ખુલાસો એ જ કે ઉલ્લુ (ઘૂવડ)ને મનહૂસ સમજવું ખોટું છે. નફા નુકસાનનો માલિક ફક્ત અલ્લાહ તબારક વ તઆલા છે, તે જે ચાહે છે તે પ્રમાણે જ થાય છે.

### ધોબીને ત્યાં ખાવાનો મસ્અલો

કેટલાક લોકો ધોબીને ત્યાં ખાણુ ખાવાને ખરાબ સમજે છે. આ ઘણી જ ખરાબ વાત છે. ધોબી હોય કે અન્ય કોઈ મુસલમાન, તેના ઘરે ખાણુ ખાવામાં કોઈ પ્રકારનો વાંધો નથી અને બેશક ! જાઈઝ છે. જે લોકો ધોબીઓને ત્યાં ખાણુ ખાવાને ખરાબ સમજે છે અને તેના ઘરના ખાણાને નાપાક કહે છે તેઓ બિલ્કુલ અભણ છે.

આ'લા હઝરત رحمة الله عليه ફર્માવે છે : "ધોબીને ત્યાં ખાણુ ખાવામાં કોઈ વાંધો નથી. આ પ્રમાણે જાહિલ લોકોમાં જે વાત પ્રચલિત છે કે ધોબીના ઘરનું ખાણુ નાપાક હોય છે, તે ફક્ત જૂઠ છે." *(અલ્મલ્ફૂઝ, ભાગ–૧, પેજ–૧૩)*

### શું બુરાઈ–ભલાઈનો સંબંધ તારાઓ સાથે છે ?

કેટલાક લોકો સમજે છે કે સારૂં નરસું, બુરાઈ ભલાઈ અને નફા નુકસાનનો સંબંધ સિતારાઓથી છે. જો કે એવું કંઈ નથી. આ'લા હઝરત رحمة الله عليه ફર્માવે છે, "ફર્માંબરદાર મુસલમાન માટે કોઈ વસ્તુ ખરાબ નથી અને કાફિરો માટે કોઈ સારી નથી. બાકી "કવાકિબ" (સિતારાઓ)માં કોઈ સારાપણુ કે ખરાબપણુ નથી. જો તેમને (સિતારાઓને) ખુદ કરનાર જાણે તો મુશ્રિક છે અને તેમની મદદ માંગે તો હરામ છે અને તેમનો લેહાઝ કરવો જરૂર ભરોસાની વિરૂધ્ધ છે. *(ફતાવા રઝવિય્યહ, જિ–૧૦, ક઼િસ્ત–૨, પેજ–૨૬૫)*

કેટલાક નક઼્શ અને તાવીઝો વિશે સિતારાઓ પરથી ગણતરી કરીને કેટલાક સમયોને ખાસ કરવામાં આવે છે તો તે બાબત મુસલમાનોએ, આ અક઼ીદો રાખવો જોઈએ કે ખુદાએ તઆલાએ કેટલાક સમયોને કેટલાક કામો માટે અન્ય સમયોની સરખામણીમાં પસંદ ફર્માવેલ છે અને કોઈ ક્ષણ કે ઘડીને કોઈ અન્ય

ખાસ કામ માટે અફઝલ અને શ્રેષ્ઠ બતાવેલ છે, પરંતુ ''મન્હૂસ (ખરાબ) કોઈ સમયને સમજવો જોઈએ નહીં'' અને તે જ થઈને રહે છે, જે ખુદા ચાહે છે, અને ખુદા અને રસૂલ ઉપર ઈમાન અને તેની તાબેદારીથી વધીને કોઈ સઆદત, બરકત, નફો અને ભલાઈ નથી, અને તેની નાફર્માની અને કુફ્રથી વધીને કોઈ નહૂસત નથી. અને એ જ પ્રમાણે અમુક કામો માટે અમુક દિવસોની ફઝીલત આવી છે. જેમ કે સફર (પ્રવાસ) માટે ગુરૂવાર અને સોમવારનો દિવસ, નખ અને વાળ કાપવા માટે જુમ્આનો દિવસ (બેહતર છે). પરંતુ તેનો એ નથી કે તે સિવાયના અન્ય દિવસો મનહૂસ છે અથવા અન્ય દિવસોમાં આ કામ કરવું નાજાઈઝ અને ગુનાહ છે. બલ્કે કોઈ પણ દિવસે નખ ઉતારવા અને વાળ કપાવવા તેમજ સફર કરવું નાજાઈઝ અને ગુનોહ નથી, પરંતુ દરેક દિવસે જાઈઝ છે. હા ! વર્ણનીય અને ખાસ દિવસોમાં આ કામ, અન્ય દિવસો કરતાં વધારે બેહતર અને અફઝલ અને પસંદીદા છે.

કેટલીક જગ્યાએ સ્ત્રીઓ બુધના દિવસે ઘરમાંથી નીકળવાની અને સફર (પ્રવાસ) કરવાની મનાઈ કરે છે, આ તેઓની અજ્ઞાનતા છે. બુધના દિવસની તો ખાસ કરીને હદીષમાં ફઝીલત આવી છે, હુઝૂર ﷺનું ફર્માન છે :–

مَا مِنْ شَیْءٍ بُدِئَ یَوْمَ الْاَرْبَعَاءِ اِلَّا تَمَّ જે કામ બુધના દિવસે શરૂ કરવામાં આવે છે તે પૂરૂં થાય છે. *(જામેઉલ અહાદીષ, જિલ્દ–૩, પેજ–૪૬૩)*

સદરૂશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદઅલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, ''નજૂમીઓ (ભવિષ્ય ભાખનારાઓ)ની આ પ્રકારની વાતો જેમાં સિતારાઓની ખાસિયતો બતાવવામાં આવે છે કે ''ફલાણો સિતારો ઉગશે તો ફલાણો બનાવ બનશે'' આ પણ બેશરઅ (શરીઅતથી વિપરિત) છે.

એ જ પ્રમાણે નક્ષત્રોની ગણતરી કે ફલાણા નક્ષત્રથી વરસાદ થશે, એ પણ ખોટું છે. હદીષે આના ઉપર સખ્તાઈથી મના ફર્માવી છે. *(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૫૭)*

## હાથોના દોરા અને કડાં

કેટલીક દરગાહોનાં મુજાવરો અને સજ્જાદાનશીનો, ઝિયારત માટે આવતા લોકોના હાથમાં લાલ અથવા પીળા રંગના દોરાઓ બાંધી દે છે. આવાં કામો હિંદુઓના બાબા અને સાધુ લોકો કરતા હતા અને તીર્થ યાત્રીઓના હાથોમાં લાલ પીળા દોરા બાંધી દેતા હતા (બાંધી દે છે.) હવે મઝારાતના મુજાવરો અને સજ્જાદાનશીનોમાં પણ આનો રિવાજ પ્રચલિત થઈ ગયેલ છે. આ વાત યોગ્ય નથી અને મુસલમાનોએ ગૈર મુસ્લિમોની નક્લ અને તેમની બરોબરી (સામ્યતા)થી બચવું જોઈએ અને હાથોમાં દોરા અને કડાં ન પહેરવાં જોઈએ અને ન તો પહેરાવવાં જોઈએ.

## મુસ્તહબોને ફર્ઝ અને વાજિબ સમજવું અને ફર્ઝોને મહત્વ ન આપવું

આજકાલ એહલે સુન્નતના લોકોમાં મોટી સંખ્યા એ લોકોની છે જેઓએ નમાઝ, રોઝા, ઝકાત, વગેરે ઈસ્લામની જરૂરી બાબતોને છોડીને ન્યાઝ, નઝર, ફાતેહા વગેરે જેવી ''બિદઅતે હસના'' (સારી બિદઅત)ને જરૂરી અને આવશ્યક સમજી લીધેલ છે, જે એક ''ગલતફેહમી'' છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી કે ન્યાઝ, ફાતેહા, મીલાદ શરીફ, આજકાલ જે રીતે પઢવામાં આવે છે તે સલાતો સલામ (પ્રચલિત) બારવીં રબીઉલ અવ્વલ શરીફનું જુલૂસ કાઢવું, ગ્યારવીં શરીફ, ૨૨–રજબ, ૧૪–શાબાન અને ૧૦–મુહર્રમ વગેરે પ્રસંગોએ ખાણામાં ખીચડો, પૂરી, હલ્વા, પુલાવ અને મલીદા ઉપર ફાતેહા દેવડાવવું, ઉર્સ કરવું, બુઝુર્ગોના મઝારાત ઉપર હાજરી આપવી, કબ્ર ઉપર અઝાન આપવી, હુઝૂરના નામને સાંભળીને અંગૂઠા ચૂમવા, મુર્દાઓની ઝિયારત (ત્રીજુ), ચાલીસમું વગેરે કરવું, **આ બધાં સારાં કામો છે** જેના કરવામાં કોઈ પણ પ્રકારનો વાંધો કે ગુનોહ નથી, અને જે લોકો આ કામોને ફર્ઝ અને વાજિબ સમજે છે તેઓ પણ ભૂલમાં છે. આ લેખથી અમારો

હેતુ ફક્ત તેઓની ઈસ્લાહ (ભૂલ સુધારણા) કરવાનો છે.

સુન્ની ભાઈઓ ! ન્યાઝ, ફાતેહા, ઉર્સ, મીલાદ વગેરે જેવી આગળ વર્ણવેલી બાબતોમાં વહાબીઓથી ફક્ત ઈખ્તેલાફ (મતભેદ) એટલો જ છે કે તેઓ આ કામોને ખરાબ કહે છે અને એહલે સુન્નતના આલિમો આ બધાં કામોને સારાં કામો બતાવે છે, પરંતુ ફર્ઝ અને વાજિબ તો આ લોકો (સુન્ની ઓલમા) પણ કહેતા નથી. ફર્ઝ અને વાજિબ તો ઈસ્લામમાં આ કામો (નીચે પ્રમાણે) છે :–

પાંચે સમયની નમાઝની જમાઅત સાથે પાબંદી કરવી, રમઝાન માસના રોઝા રાખવા, સાહિબે નિસાબે વરસમાં એક વખત ઝકાત કાઢવી, જેના ગજાની વાત હોય તેણે પૂરી જિંદગીમાં એક વખત હજ કરવો, વ્યભિચાર, શરાબ, જૂગાર, વ્યાજ, ખોટુ બોલવું, ગીબત (પીઠ પાછળ ખોટી વાતો) કરવી, જુલ્મ કરવો, પીકચર, ગાવું, વગાડવું, તમાશા વગેરેથી બચવું, મા બાપનું કહેવું માનવું, જેનો તમારા ઉપર જે હક઼ છે તે અદા કરવો, ક઼ર્ઝ (ઉધાર) લીધા પછી વહેલી તકે ભરી આપવાની કોશિશ કરવી, મજૂરને તેની મજૂરી ચૂકવવામાં વિલંબ ન કરવો વગરે. હક્ક઼ આ જ છે, જો કે હક્ક઼ હમેશાં કડવું હોય છે કે ન્યાઝ અને નઝર, મીલાદ અને ફાતેહા, ઉર્સ અને મઝારાત ઉપર હાજરીનો ફાયદો (ફૈઝ) સાચા અર્થમાં તેઓને જ પ્રાપ્ત થાય છે જેઓ તે કામો ઉપર અમલ કરે છે જેને અમોએ આગળ વર્ણન કરેલ છે. જે લોકો નમાઝ, રોઝાને છોડીને હરામ કમાય છે, હરામ ખાય છે, હરામ કામ કરે છે અને પછી બુઝુર્ગોની ન્યાઝ દેવડાવે છે, તેઓના નામે મોટી મોટી દેગો બનાવે છે અને મઝારાત ઉપર હાજરી આપે છે, તેઓને કારણે "મઝહબે એહલે સુન્નત" બદ્‌નામ થઈ રહ્યો છે.

આ જાણી લેવું પણ જરૂરી છે કે બીજા ફિર્કાઓમાં જે લોકોને ઈસ્લામની બહાર અને કાફિર કહેવામાં આવ્યું છે, તે ન્યાઝ અને ફાતેહા ન દેવડાવવાને કારણે નહીં બલ્કે રસૂલુલ્લાહ ﷺ અને અન્ય અંબિયા અને અવલિયાની શાનમાં ગુસ્તાખી કરવાને કારણે તેઓને ગુમરાહ અને બદમઝહબ અથવા કાફિર જાહેર કરવામાં આવેલ છે.

અલ્બત્ત તેમાં પણ કોઈ શંકાને સ્થાન નથી કે ન્યાઝ અને ફાતેહા, ઉર્સ અને મીલાદ વગેરે આજકાલ એહલે હક્ક઼ની અલામત, નિશાની અને ઓળખ પ્રસ્થાપિત થઈ ગયેલ છે, તેથી આ કામોને સામાન્યપણે છોડવામાં પણ ન આવે અને (આ કામોને) ફર્ઝ કે વાજિબ પણ સમજવામાં ન આવે. બસ સારાં કામો સમજીને, શરીઅતે ઈસ્લામિયહની હદમાં રહીને કરતા રહેવું જોઈએ. અને કોઈના ઈસાલે સવાબ માટે તેની ફાતેહા માટે કોઈ ખાસ દિવસને શરઅન જરૂરી સમજવું પણ અજ્ઞાનતા છે. ફાતેહા કોઈપણ દિવસે અને કોઈ પણ સમયે થઈ શકે છે. અને કોઈ (બુઝુર્ગ)ની નિસ્બતથી કોઈ દિવસને ખાસ કરી લેવામાં પણ કોઈ વાંધો નથી, તેને આવશ્યક અને જરૂરી સમજી લેવું જોઈએ નહીં. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"આ દિવસોને ફાતેહા માટે (ખાસ) નક્કી કરવું એ ઉર્ફી છે, એમાં મૂળભૂત રીતે કોઈ વાંધો નથી, જ્યારે કે તેમને શરઅન (શરીઅતની રૂએ) જરૂરી નાસમજે. એવું ના સમજે કે આજ દિવસોમાં સવાબ પહોંચશે, આગળ પાછળ નહીં." *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૪, પેજ–૨૧૯)*

ખુલાસો એજ કે દિવસોનું નક્કી કરી લેવું એ પોતાની સગવડતા અને રિવાજ મુજબ છે અને તેમાં વાંધો પણ નથી, પરંતુ તેને જરૂરી ન સમજે કે દિવસ નક્કી કરી લેશું તો જ સવાબ પહોંચશે અને (નક્કી કરેલા દિવસની) આગળ પાછળ થઈ જાય તો સવાબ નહીં પહોંચે, એ (વિચારવું) ખોટું છે.

"ઈસાલે સવાબ દરેક દિવસે શક્ય છે (કરી શકાય છે) અને ખાસ કરીને કોઈ એક તારીખનું નક્કી કરવું જ્યારે કે તેને શરઅન જરૂરી ન સમજે, તો વાંધો નથી." *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૪, પેજ–૨૨૪)*

# ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ

**અઝ** : મુહક્કિકે મસાઈલે જદીદા (હપ્તો : ૭) :: **અનુવાદક** ::

**હઝરત મુફતી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી** **હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**

*(સદર મુફતી : જામિઆ અશરફિયા–મુબારકપુર)* *(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

:: **(ચોથો પ્રકાર)** ::

**ફતાવા રઝવિય્યહ્‌ના એવા મસાઈલ જે બાદના ફુક્હાએ અહલે સુન્નતના નવા ફત્વાઓ તથા ફેંસલાઓ દ્વારા બદલાઈ ગયા**

આ પ્રકારના મસાઈલની સંખ્યા પણ ઘણી જ છે. જો કે સાહિબે નઝર (દષ્ટિવાળા) આલિમે દીન આ મસાઈલને જમા કરે તો એક મુનાસિબ કિતાબ તૈયાર થઈ શકે છે. પરંતુ આ આજિઝ કમજાણકાર (મૂળ લેખક) ''અતાયા નબવિયા વ ફતાવા રઝવિય્યા''ના વિશાળ સમુદ્રના માત્ર એક કિનારાની સૈર કરાવવા માગે છે. એટલા માટે અમુક નમૂના રજૂ કરવા પૂરતા છે. અલ્લાહ કરે આ ઉદાહરણો આંખો ખોલનારા તથા પાઠ શિખવનારાં બને.

**(૧) વિદ્યુત પંખા તથા લાઈટો મસ્જિદો તથા ઘરમાં લગાડવાની મનાઈ અને હવે તેની ઈજાઝત**

આજે સામાન્ય રીતે ઘરો તથા મસ્જિદોમાં વિદ્યુત પંખાઓ તથા લાઈટોનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ શરીઅતની દષ્ટિએ શું એ જાઈઝ પણ છે કે નહીં ? તે તેહકીકને પાત્ર છે. એક સદી પહેલાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક અગત્યનો ફત્વો જારી કર્યો હતો. જેમાં આપે ઘરોમાં તથા મસ્જિદોમાં વિદ્યુત લાઈટો તથા પંખાઓ લગાડવાને મનાઈ તથા નાજાઈઝ વ હરામ ઠરાવ્યું હતું, તેનાં કેટલાયે કારણો હતાં. અહીંયાં ફતાવા રઝવિય્યહ્‌માંથી પહેલાં સવાલો ત્યાર બાદ તેના જવાબો રજૂ કરવામાં આવે છે જેથી વાંચકો પર સ્પષ્ટ થઈ જાય કે તે કયા કારણો હતાં જેના આધારે વિદ્યુત લાઈટો તથા પંખાઓના ઉપયોગને મનાઈનો ફત્વો જારી થયો, અને તેનાથી એ પણ સ્પષ્ટ થઈ શકે છે કે તે કારણો આજે મૌજૂદ નથી.

❑ **સવાલો** ❒

૧૬/૨જબ હિ.સ. ૧૩૩૪ મુંબઈ, કામ્બેકર સ્ટ્રીટથી એક વ્યક્તિએ નિમ્નલિખીત સવાલો કર્યા :

**સવાલ નં. ૧** : ..........................

**સવાલ નં. ૨** : મસ્જિદ એવા સ્થળે છે જેની ચારેબાજુ મકાન નથી. અને દીવાલોમાં મોટા મોટા જંગલાઓ (બારીઓ) ઘણી સંખ્યામાં બનાવવામાં આવ્યા છે. હવા દરેક સમયે ત્યાં આવતી રહે છે, બલ્કે ક્યારેક તો હવા વધુ પ્રમાણમાં હોવાના કારણે બારીઓ બંધ કરી દેવામાં આવે છે. તો શું આવી સ્થિતિમાં વક્ફના માલથી વિદ્યુત પંખાઓ મસ્જિદમાં લગાડવા શરીઅતની દષ્ટિએ જાઈઝ છે કે નહીં ?

**સવાલ નં. ૩** : અનુભવના અધારે એ વાત જાહેર છે કે જ્યારે વિદ્યુત પંખાઓ ચલાવવામાં આવે છે ત્યારે તેમાંથી એક અવાજ આવે છે જેનાથી નમાઝમાં ખલેલ (અવરોધ) પડે છે તથા નમાઝમાં

ખુશૂઅ, ખુઝૂઅ બાકી રહેતું નથી. તો શું આવા પંખાઓ જરૂરત વિના મસ્જિદના માલમાંથી (ખરીદીને) લગાડવા શરીઅતની દૃષ્ટિએ જાઈઝ છે કે નહીં ?

**સવાલ નં. ૪ :** એ વાત પણ સંપૂર્ણ તેહકીકથી સાબિત છે કે પંખાઓ ચલાવવાના ડબ્બા (મશીન)માં જે ગ્રીસ ઉપયોગ કરવામાં આવે છે તે (ગ્રીસ) નાપાક વસ્તુઓથી મિશ્રિત હોય છે. આવી વિશેષ સ્થિતિમાં આવા પંખાઓ મસ્જિદોમાં વકફના માલથી લગાડવાનો શરીઅતમાં શું હુકમ છે ?

**સવાલ નં. ૫ :** ઈલેક્ટ્રીસીટીના નિષ્ણાતોથી એ વાત સારી રીતે જાણવામાં આવી છે કે ગેસ કરતાં ઈલેકટ્રીક લાઈટો તથા પંખાઓમાં આગ લાગવાનો અધિક ભય છે. જેમ કે ઈલેકટ્રીસી દ્વારા આ પ્રકારની આગ લાગવાની દુર્ઘટનાઓ ઘણી થઈ ચૂકી છે જેનાથી કેટલાયે લોકો વાકેફ છે. તો શું આવી પરિસ્થિતિમાં આવી ભયાનક તથા ખતરનાક વસ્તુને લગાડવી શરીઅતમાં જાઈઝ છે કે નહીં ?

**સવાલ નં. ૬ :** એ વાત પણ યાદ રહે કે તબીબો (ડોકટર)નાં મંતવ્ય મુજબ વિદ્યુતનો પ્રકાશ આંખો માટે હાનિકારક છે. તેમજ વિદ્યુત પંખાઓની હવા પણ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. જેમ કે આ વિષયનો એક લેખ ચાલુ વરસના તા. ૧ જુનના ''અખ્બારે તબીબ''માં પ્રકાશિત થયો છે જે ''જનાબ હાઝિકુલ મલિક મૌલવી હકીમ અજમલખાન સાહબ બહાદૂર રઈસે દહેલી''ની નિગરાનીમાં પ્રકાશિત થાય છે. તો શું આવી સ્વાસ્થ્ય માટે હાનિકારક વસ્તુ મસ્જિદમાં લગાડવી શરઅન જાઈઝ છે કે નહીં ?

*(ફતાવા રઝવિય્યહ્, ૬/૩૮૨)*

## ❑ જવાબો ❒

**જવાબ નં. ૧ :** ..........................

**જવાબ નં. ૨ :** પહેલા તો અમે અમારા ફત્વાઓમાં બયાન કર્યું છે કે, મસ્જિદમાં ફર્શી પંખા (ટેબલ ફેન) લગાડવા બિલ્કુલ નાપસંદ છે. મદખલ ઈલાશ્શરીઅહ્માં છે :–

**قد منع علماؤنا رحمهم الله تعالٰی المر اوح؛ إذ اَنّ اتخاذها فی المسجد بدعة**

''આપણા ઉલમાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین એ પંખા લગાડવાની મનાઈ ફર્માવી છે, કેમ કે તેને મસ્જિદમાં લગાડવા બિદઅત છે.''

બીજુ એ કે જયારે પરિસ્થિતિ એવી છે કે જરૂરત બિલ્કુલ નથી તો પોતાના માલથી પણ જાઈઝ નથી. અને વકફના માલથી પણ જાઈઝ નથી.

**قال الله تعالٰی : لا تسرفوا ان الله لايحب المسر فين۔**

''અલ્લાહ તઆલા ફર્માવે છે : ફુઝૂલખર્ચી ન કરો બેશક ! અલ્લાહ ફુઝૂલખર્ચી કરનારાને પસંદ નથી ફર્માવતો.''

**وقال ﷺ : انّ اللّٰه تعالٰی کره لکم ثلثا : قیل و قال وکثرة السّؤ ال و إضاعة المال۔**

''અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : અલ્લાહ તઆલા તમારી ત્રણ વાતોને નાપસંદ કરે છે. ફુઝૂલ બક બક (કરવું), વધારે સવાલ કરવા તથા માલને બરબાદ કરવો.''

ત્રીજુ (નાજાઈઝ હોવાનું કારણ) એ કે આ (પંખા લગાડવા) વકફમાં એક નવા ખર્ચને જગા આપવી છે, જેની ઈજાઝત મુતવલ્લીને નથી હોય શકતી.

ચોથુ એ કે તિબ્બ તથા આરોગ્ય વિભાગના મંતવ્ય મુજબ પંખાની હવા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તો તેનું કોઈ મુસલમાનના ઘરમાં પણ પોતાના ખાસ માલમાંથી અથવા મસ્જિદમાં પોતાના માલથી અથવા વકફના માલમાંથી લગાડવું નાજાઈઝ થશે.

**જવાબ નં. ૩ :** બેશક ! મસ્જિદમાં આવી વસ્તુઓને લગાડવાની મનાઈ છે. બલ્કે એવી જગ્યાએ નમાઝ પઢવી મકરૂહ છે. ''તન્વીરુલ અબ્સાર'' તથા ''દુર્રે મુખ્તાર''માં છે :–

**كرو قوت حضور طعام تاقت نفسه اليه وكذا كل ما يشغل بالهٗ عن افعالها ويُخل بخشوعها كائنا ماكان**

ખાવાની ઈચ્છા હોય તો નમાઝ પઢવી મકરૂહ છે. એ જ પ્રમાણે કોઈ એવી વસ્તુ જેનાથી નમાઝમાં ધ્યાન હટી જાય તથા તેના ખુશૂઅમાં ખલેલ પડે તે (વસ્તુ) કરાહત પાત્ર (મકરૂહ) છે.

એ જ પ્રમાણે "શરહે તન્વીર"માં છે : **ولذا تكره فى طاحون** "ઘરમાં જો ચક્કી (ઘંટી) ચાલતી હોય તો ત્યાં નમાઝ મકરૂહ છે."

"રદુલ મુહ્તાર"માં છે :–

**لعل وجهه شغل البال بصوتها** "કદાચ ! તેનું કારણ ચક્કીના અવાજથી દિલ (ધ્યાન)નું નમાઝથી હટી જવું છે."

**જવાબ નં. ૪ :** આ સ્થિતિમાં તે પંખો બિલ્કુલ (સ્વંય) નાજાઈઝ છે. ભલે ઉપરોક્ત (નાજાઈઝ હોવાના ચાર કારણો) પણ ન હોય. (૧) ફુઝૂલખર્ચી (૨) વકફના માલમાં નવો ખર્ચો લાગુ કરવો, (૩) સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવું, (૪) નમાઝમાં તેનાથી ખલેલ પડવો.

"તન્વીરુલ અબ્સાર"માં છે :–

**كره ادخال بخاسة فيه فلا يجوز الا ستصباح بدهن نجس فيه**

"મસ્જિદમાં નાપાક વસ્તુ લઈને જવું મકરૂહે તહરીમી છે. એટલા માટે નાપાક તેલથી દીવો સળગાવવો મસ્જિદમાં જાઈઝ નથી."

**જવાબ નં. ૫ :** આ પંખાઓ તથા લાઈટોની મનાઈ માટે આ કારણ પણ પર્યાપ્ત છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

**اذا نتم فأطفؤا السراج فان الفارة تاخذ افتيلة فتحرق اهل البيت۔ رواه أحمد والطبر الني والحاكم بسند صحيح عن عبد الله بن سر جس والحديث فى الصحيحين من وجوه**

સૂતા પહેલાં દીવાને બુઝાવી નાખો. કેમ કે ઉંદર તેની બત્તી (દિવેટ) લઈ જઈને ઘરવાળાઓને સળગાવી શકે છે. આ હદીષને અહમદ, તિબ્રાની તથા હાકિમે સહીહ સનદની સાથે અબ્દુલ્લાહ બિન સરજિસથી રિવાયત કરી છે. અને આ હદીષ સહીહ બુખારી તથા મુસ્લિમમાં અલગ અલગ સનદોની સાથે મૌજૂદ છે.

**જવાબ નં. ૬ :** જ્યારે તિબ્બ (ડોકટરી)ની દષ્ટિએ તેની (હવા)નું હાનિકારક હોવું સાબિત હોય તો આ એક નાજાઈઝ હોવાનું મોટું કારણ છે. કેમ કે તેમાં મુસલમાનોને નુકસાન પહોંચાડવું છે અને તે હરામ છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

**"لاضرر ولا ضرار" رواه احمد وابن ماجة عن عُبادة رضى الله تعالٰى عنهم۔**

"ન તકલીફ આપો, ન તકલીફમાં પડો." આ હદીષને અહમદ, ઈબ્ને માજાએ હઝરત ઉબાદા رضی اللہ عنہથી રિવાયત કરી છે.

તેમાં મુસલમાનોની બદ્ખ્વાહી (બુરું સોચવું) છે અને તે દીનના વિરુદ્ધ છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

**"إن الدين النصيحة لله ولكتابهٖ ولرسوله ولأ ئمَّة المسلمين وعامَّتِهم۔" رواه احمد ومسلم و ابو داؤد والنسائى عن تميم الدارى رضى الله تعالٰى عنه۔**

"બેશક ! દીન ખૈરખ્વાહી (નું નામ) છે. અલ્લાહ માટે અલ્લાહની કિતાબ માટે, મુસલમાનોના ઈમામો તથા હાકિમો માટે તથા તમામ મુસલમાનો માટે (સારું વિચારવું). આ હદીષ અહમદ મુસ્લિમ, અબૂ દાઊદ તથા નિસાઈએ હઝરત તમીમદારી رضی اللہ عنہથી રિવાયત કરી છે. (ફતાવા રઝવિય્યહ્, ૬/૩૮૩, ૩૮૪, *સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર*)

વધુ પેજ નં. ૩૦....પર

# નજાત માટે કેવળ સારા અમલો પૂરતા નથી !

(કાર્યાલય)

દીન હોય કે દુનિયા પણ જિંદગી અમલથી જ બને છે. જો અમલો સારા છે તો તેની સારી અસરો જિંદગી પર જરૂર પડશે અને જો અમલો બુરા છે તો તેની નકારાત્મક અસરો ઉપસ્થિત થવી પણ સ્વભાવિક છે. એનાથી જેવી રીતે દીન સંવરે છે તેવી જ રીતે દુનિયામાં પણ ખુશનુમા માહોલ પેદા થાય છે. જો દુનિયાના માટે મહેનત કરીશું તો દુનિયા મળી જશે અને જો દીનના માટે મહેનત કરીશું તો દીન હાંસલ થઈ જશે. એનાથી એવું ન સમજવામાં આવે કે દીન તથા દુનિયા કોઈ અલગ અલગ ચીજો છે, બલ્કે જો દીનની તા'લીમાત પર વિચારણા કરવામાં આવે તો દીન તથા દુનિયામાં કોઈ ફરક જોવા નહીં મળે. એનાથી એક વાત એ સમજમાં આવે છે કે દીન તથા દુનિયાને ન કેવળ એક સાથે હાંસલ કરી શકાય છે બલ્કે બંને જગાએ ઈજ્જત તથા વક઼ાર (પ્રતિષ્ઠા)ની સાથે જિંદગી પણ જીવી શકાય છે. અમલ તો પાયાનો પથ્થર છે જેના પર જિંદગીની ઈમારત તૈયાર થાય છે. પણ એ વાત પણ દિમાગમાં રાખવાની છે કે કેવળ ઈમારત તે સમય સુધી સારી નથી લાગતી જ્યાં સુધી કે તેમાં રંગ રોગન, સજાવટ તથા ડેકોરેશન તથા આકર્ષકતા ન હોય. જો ઈમારત આ સર્વ ખૂબીઓથી સજેલી હશે તો તે નજરોના આકર્ષણનું કેન્દ્ર બની જશે અને જોનારો મકાન માલિકના સુંદરતાના શોખને માનવાવાળો બન્યા વિના નહીં રહે.

### ★ મહબ્બતે રસૂલની ચાસણી વિનાનો અમલ ફિકો રહેશે ★

બરાબર એ જ પ્રમાણે અમલોની ઈમારત ત્યાં સુધી જોવા લાયક નહીં ઠરે જ્યાં સુધી તેમાં મહોબ્બતે રસૂલ તથા ઈશ્કે રસૂલ ﷺ ના જઝબાનો સૂર્ય પોતાનાં કિરણો ન વિખેરતો હોય અને એની દિવાલો પર ઈશ્કે રસૂલની ચાંદની ન છવાતી હોય. આ વાત આમ જ નથી કહેવામાં આવી રહી બલ્કે એની પાછળ મુબારક હદીષોનો લાંબો ક્રમ છે. નીચેના લખાણમાં અમે કેવળ એક હદીષ પેશ કરીએ છીએ.

### ★ સહાબીઓનો ભરોસો અમલ પર ન હતો ! ★

એક સહાબીએ રસૂલ ﷺ લગભગ હઝરત અબૂ તલ્હા અન્સારી رضی اللہ عنہ બારગાહે રસૂલ ﷺમાં હાજર થયા અને અર્ઝ કરી, હુઝૂર ! ક઼યામત ક્યારે આવશે ? હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "તમે એના માટે શું તૈયારી કરી છે ?" તેમણે અર્ઝ કરી, "મેં એના માટે કોઈ તૈયારી નથી કરી, પણ એ કે હું અલ્લાહ અને તેના રસૂલથી ખૂબ જ મહોબ્બત કરું છું." હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "તમે જેની સાથે મહોબ્બત કરો છો ક઼યામતના દિવસે તેની જ સાથે રહેશો."

હઝરત અનસ رضی اللہ عنہ કે જેઓ આ હદીષના રાવી છે, ફર્માવે છે કે એ દિવસે સર્વ સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین અતિશય ખુશ થયા. મેં મુસલમાનોને ઈસ્લામ લાવ્યા પછી આનાથી વધુ ખુશ કદી નથી જોયા. એટલે કે લોકોને અત્યંત ખુશી બેવાર હાંસલ થઈ હતી, એક વાર ત્યારે જ્યારે કે તેમણે ઈસ્લામ સ્વીકાર્યો હતો, અને બીજીવાર ત્યારે જ્યારે સરકાર ﷺએ આવું ફર્માવ્યું.

એક વાત નોંધપાત્ર છે કે હુઝૂર ﷺએ જ્યારે

સહાબીને એવું પૂછયું હતું કે તમે ક઼યામતના દિવસના માટે શું તૈયારી કરી છે ?! તો જો સહાબી ધારત તો કહી આપત કે હુઝૂર ! મેં આ આ સારાં કામો કર્યાં છે અને આ આ નેકીઓ કરી છે. જો તે પોતાની નેકીઓ ગણાવત તો યોગ્ય સ્થાને હતું, કેમ કે તેમણે તો હુઝૂર ﷺની સોહબત પામી હતી, તેમની પાછળ નમાઝ પઢી હતી, તેમની સાથે જેહાદ કર્યો હતો, તેમના એક એક હુકમનું પાલન કર્યું હતું, અને પોતાના દિવસો તથા રાતોને હુઝૂરની સોહબતમાં વીતાવ્યા હતા. એટલા માટે જો એ પોતાના અમલો ગણાવત તો કદાચ હુઝૂર ﷺ તેમને કાંઈ ન કહેતા, તેમ છતાં એ સહાબીએ પોતાના અમલોની યાદી રજૂ ન કરતાં એ જ કહ્યું કે મારી પાસે સૌથી મહાન અમલ એ જ છે કે હું અલ્લાહ અને તેના રસૂલ ﷺને મહબૂબ રાખુ છું. તેમના આ જવાબથી તે જમાનાના લોકોના ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَથી મહબ્બતના જઝબાની ભાળ મળે છે.

## ★ ક્યાં આપણા અમલો અને ક્યાં સહાબાના અમલ ! ★

એથી ઉલ્ટુ જો આપણે આજના મુસલમાનનું નિરીક્ષણ કરીએ તો એવું મહેસૂસ થશે કે લગભગ ૯૦% લોકો પોતાના અમલો તથા સારાં કામો પર ભરોસો કરીને બેઠા છે. તેઓ સમજે છે કે અમે અમારા સારા અમલોના સબબે જન્નતમાં જઈશું. જેનું પરીણામ એ નીકળ્યું કે અલ્લાહ ﷻ પરથી તેમનો ભરોસો પણ ઉઠતો જઈ રહ્યો છે, અને નબી કરીમ ﷺની મહોબ્બત પણ દિલથી રુખસદ થતી જઈ રહી છે. જેથી જો તમે એમનામાંથી જો કોઈને આ સવાલો કરો તો મોટાભાગે એ જ કહેશે કે, હા ! હું તો બચપનથી જ નમાઝી છું ! જમાઅત સાથે નમાઝ અદા કરું છું, દર વર્ષે ઝકાત, સદક઼ા, ખૈરાત આપુ છું, કેટલીયે હજો તથા ઉમરા કરી ચૂક્યો છું, મેં ફલાણા ફલાણા ભલાઈનાં કામો કર્યાં છે અને હું આટલા મદરસાઓને દર વર્ષે ચંદો આપુ છું. હું આવું કરું છું, તેવું કરું છું..... વગેરે. સારાંશ કે તે પોતાના નેક અમલોની લાંબી યાદી તમારી સામે રાખી દેશે. આજે સામાન્યતઃ લોકોની સોચ એ બની ચૂકી છે કે તેઓ સારાં કામોને જતાવતા ફરે છે. કોઈના પર એહસાન કર્યું તો તેને જતાવીને અન્યોને શર્મિંદા કરવામાં ગર્વ અનુભવે છે.

મતલબ કે આપણામાંના મોટાભાગના લોકો પોતાના અમલો પર ભરોસો કરીને બેઠેલા છે જાણે કે તેમણે તેને જન્નતની ખરીદીનો રોકડ સામાન સમજી લીધો છે. એવા લોકોએ જોઈએ કે તેઓ પોતાના દિલમાં ઝાંકીને જુએ કે શું ત્યાં અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતના માટે પણ કોઈ જગા છે ? તે સહાબી જે આપણાથી કરોડો અબજો દરજા ઊંચા મર્તબા પર બિરાજેલ છે, અને એમના અમલોની ક઼બૂલિયતનું તો પૂછવું જ શું ?! છતાં પણ જ્યારે એમની નજરમાં એમના અમલોની કોઈ હક઼ીક઼ત નથી તો પછી હું અને તમે કયા ખેતની મૂળી છીએ ?! આપણો સારામાં સારો અને મોટામાં મોટો અમલ પણ તેમના નાનામાં નાના અમલો સામે નાચીઝ રજકણથી પણ કમતર છે. જરા વિચારો ! શું આવું નથી ?! તો પછી આપણે આપણા અમલ પર કઈ રીતે ટેક લગાડીને બેસી શકીએ ?!

## ★ હદીષે પાકની અણમોલ નસીહતો ★

ઉપરોક્ત હદીષ પરથી કેટલીક વાતો સમજમાં આવે છે :–

**(૧)** ઈસ્લામનું વૃક્ષ ત્યારે જ ફળદાયી થશે જ્યારે તેની જડો મહબ્બતે રસૂલની જમીનમાં ઊંડાણમાં પ્રવેશેલી હશે.

**(૨)** તમામ સહાબીઓ આશિક઼ે રસૂલ હતા, નહીં તો શું કારણ હતું કે હદીષના રાવી હઝરત અનસ رضی اللہ عنہના દર્શાવ્યાનુસાર સરકાર ﷺનું

આ ફર્માન સાંભળ્યા બાદ તમામ સહાબીઓ એટલા અધિક પ્રમાણમાં ખુશ થયા જેટલા તેઓ ઈસ્લામ સ્વીકાર્યા બાદ ખુશ થયા હતા.

**(૩)** દરેક સવાલનો જવાબ આપવો જરૂરી નથી. દાનિશમંદ વ્યક્તિએ પ્રશ્નકર્તાની સ્થિતિ અને તેના ફાયદાઓને લક્ષમાં રાખીને જવાબ આપવો જોઈએ. પ્રશ્નકર્તાએ પ્રશ્ન કર્યો હતો કે હુઝૂર ! (ﷺ) કયામત ક્યારે આવશે ? જો હુઝૂર ﷺ ચાહત તો સવાલનો જવાબ અર્પણ કરતા, પણ એનાથી કદાચ પ્રશ્નકર્તાને તથા અન્ય સહાબીઓને એ ખુશી ન મયસ્સર થતી અને એ ફાયદો ન હાંસલ થતો જે સરકાર ﷺ થકી વળતો સવાલ કરવાથી અને તેનો જવાબ આપવાથી મળી.

**(૪)** આપણા અમલો અને નેકીઓ પર ગર્વ કરવો જોઈએ નહીં, કેમ કે એની કૃબૂલિયતનો આધાર અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની મરજી પર છે.

**(૫)** નબી કરીમ ﷺનો તર્બિયત કરવાનો અંદાઝ પણ જાણવા મળે છે. તાલિબે ઈલ્મો અને આપણાથી નાનાઓની તર્બિયત કઈ રીતે કરવી જોઈએ, આ હદીષ એના બારામાં ખૂબ જ સારા તરીકાથી માર્ગદર્શન કરે છે. તેમને કયા પ્રકારના જવાબથી ફાયદો થશે અને કઈ રીતે નહીં થાય, તેના સંબંધે ખૂબ જ ઉમદાપણા સામે આ હદીષ આપણા માટે માર્ગદર્શક બની રહી છે.

## ★ રસૂલુલ્લાહ ﷺથી મહબ્બત શા માટે અને એનો તકાદો શું ? ★

જો આપણે ઈસ્લામી તા'લમાત પર ગંભીરતાપૂર્વક અને હોશ હવાસની સાથે વિચારણા કરીશું તો એ અંદાજો લગાડવો કોઈ મુશ્કેલ કામ નથી કે મહબ્બતે રસૂલ તદ્દન ફિતરી (પ્રાકૃતિક) ચીજ છે, અને જો ફિતરી ન પણ હોય તો ફિત્રતની ખૂબ નજીક છે. જરા વિચાર કરો ! આપણને આપણા બાળકો, પત્ની, મા બાપ તથા ભાઈ બહેનો સાથે ખૂબ જ પ્રમાણમાં મહોબ્બત હોય છે, દરેક તે શખ્સ આપણને પ્રિય હોય છે જેણે આપણી સાથે ભલાઈ કરેલી છે. આપણી કામયાબીની પાછળ જે શખ્સનો પણ હાથ હોય છે આપણે તેના ચાહક થઈ જઈએ છીએ. તો શું જેના સદકામાં આ દુનિયા બની, દુનિયાભરની રંગીનીઓ, આકર્ષક્તાઓ, મનમોહક્તાઓ, હરીયાળીઓ વજૂદમાં આવી અને આપણને જેમના કારણે "બેહતરીન ઉમ્મત"ના લકબથી આપણને નવાઝવામાં આવ્યા, શું તેમનાથી આપણે મહોબ્બત ન કરીએ ? એના હુકમો પર અમલ ન કરીએ ? એમની હયાતના આઈનામાં આપણી જિંદગીની હાલતને ન ચકાસીએ ? જો આપણે એવું નથી કરતા તો યકીનન ! આપણે તદ્દન અપ્રાકૃતિક માર્ગે ચાલી રહ્યા રહ્યા છીએ, એ સૌથી મોટી એહસાન ફરામોશી છે.

એનો અર્થ એ નથી કે અમલો ન કરવામાં આવે ! અને કેવળ મહબ્બતે રસૂલ અને ઈશ્કે રસૂલમાં ડૂબેલો હોવાનો દાવો કરવામાં આવે ! બલ્કે હકીકત એ છે કે **અમલોના વગર જે પણ શખ્સ મહબ્બતે રસૂલનો દાવો કરે છે તે પોતાના દાવામાં જૂઠો છે.** મહબ્બતે રસૂલનો તકાદો એ જ છે કે નબી કરીમ ﷺના દરેકે દરેક ફર્માન પર અમલ કરવામાં આવે, કેમ કે મહબૂબની દરેકે દરેક અદાને ખૂબ અઝીઝ બનાવવામાં આવે છે અને તેના દરેકે દરેક હુકમ પર અમલ કરવામાં આવે છે. જેથી મહબ્બતે રસૂલનો દાવો એ જ વખતે સાચો ઠરશે જ્યારે તેની સાથે અમલો પણ હોય. આ સંપૂર્ણ ચર્ચાને બે શબ્દોમાં આ રીતે કહી શકાય છે : "અમલો મહબ્બતે રસૂલ વિના કૃબૂલ કરવામાં નહીં આવે, અને મહબ્બતે રસૂલનો તકાઝો એ છે કે મહબૂબની દરેક અવાજ પર લબ્બૈક કહેવામાં આવે અને તેમની હયાતને ઉસ્વહ (નમૂનો) બનાવવામાં આવે. *–(માહનામા : નૂરૂલ હબીબ, જાન્યુઆરી–૨૦૧૬, અઝ : સાદિક રઝા મિસ્બાહી)*

# સૈયદુલ અવલિયા હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ શાફઈ رحمۃ اللہ علیہ



અલ્લાહ તઆલાએ ઈન્સાનને દુનિયામાં આબાદ કરવાના સાથે એને નેક માર્ગની હિદાયત માટે અંબિયાએ કિરામ علیہم السلامના સિલસિલાને ચાલુ રાખ્યો કે જેથી ઈન્સાન ઈલ્મની રોશનીમાં મઅબૂદે હક઼ીક઼ીને ઓળખે અને એના સિવાય કોઈ બીજાની ઈબાદત ન કરે અને શિર્ક જેવા ભયાનક ગુનાહોમાં પરોવાઈ પોતાની દુનિયાના તથા આખેરતને તબાહો બરબાદ ન કરે. અને આખેરતમાં હમેશાંના અઝાબે ઈલાહીનો હક઼દાર ન બને.

આ સિલસિલાની અંતિમ કળી આપણા નબીએ કરીમ સૈયદે આલમ صلی اللہ علیہ وسلم છે, કારણ કે એમના પછી કોઈ નબી પેદા થયા નથી અને હવે પછી પેદા થશે નહી. પરંતુ હુઝૂર صلی اللہ علیہ وسلمના પર્દો ફર્માવ્યા પછી નાઈબની હેસિયતથી આપની ઉમ્મતના અવલિયા અને ઉલ્મા અત્યાર સુધી દુનિયાના માનવો માટે નેક રસ્તાની હિદાયતનો ફર્ઝ અંજામ આપતા રહ્યા અને હવે ક઼યામત સુધી આ સિલસિલો આ રીતે ચાલુ રહેશે.

આ મુક઼દસ ગિરોહના તે હઝરાત કે જેઓ આસ્માને હિદાયતના ચાંદ સૂરજ બની ચમક્યા અને જેમની રોશનીથી પૂરી દુનિયાના લોકોએ ફાયદો ઉઠાવ્યો, એમાંની એક ઝાતે ગિરામી રિફાઈયા સિલસિલાના બાની સૈયદુલ અવલિયા મુહયુદ્દીન અબુલ અબ્બાસ હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہની પણ છે. હઝરત અલ્લામા તાદની رحمۃ اللہ علیہના કથનોનુસાર કે ઈસ્લામી મુલ્કોમાં કોઈ સ્થળ એવુ નથી કે જ્યાં આપની ખાનકાહ ન હોય. *(કલાઈદુલ જવાહિર, પેજ–૨૮૯)*

**આપનું નામ અને ખાનદાન** : આપનું મુબારક નામ સૈયદ અહમદ ક઼બીર છે. અબુલ અબ્બાસ કુન્નિયત છે. અને મુહયુદ્દીન લક઼બ છે. કારણ કે આપના બાપ દાદામાં એક સાહેબનું નામ રફાઅહ હતું તેમની તરફ નિસ્બત હોવાના સબબે રિફાઈ મશહૂર થયા અને હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہની પૈરવીના સબબે શાફઈ કહેવામાં આવે છે. આપનું ખાનદાન સૈયદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની અવલાદમાંથી છે એટલા માટે હુસૈની પણ કહેવામાં આવે છે. આપના પિતાનું નામ સૈયદ અલી હતું.

**આપનો વંશવેલો** : આરિફ બિલ્લાહ અલ્લામા અબૂ મુહમ્મદ ઝિયાઉદ્દીન અહમદ વતરી મૌસલીને પોતાની કિતાબ "રોઝતુલ નાઝેરીન"માં આ રીતે વર્ણવેલ છે. હઝરત સૈયદ અહમદ ક઼બીર બિન સૈયદ અલી બિન સૈયદ હસન રફાઅહ હાશમી મક્કી મુકીમ અશબીબી બિન સૈયદ અહમદ અકબર સાલેહ બિન સૈયદ મૂસા ષાની (જેમની કુન્નિયત અબૂ સજહની સાથે અબુલ હઈ પણ મશહૂર છે) બિન સૈયદ ઈબ્રાહીમ મુર્તઝા બિન ઈમામ મૂસા કાઝિમ બિન ઈમામ જઅફર સાદિક઼ બિન મુહમ્મદ બાકર બિન ઈમામ ઝયનુલ આબેદીન બિન ઈમામ હુસૈન શહીદે કરબલા બિન અમીરૂલ મોઅમેનીન સૈયદના અલી ઈબ્ને અબૂ તાલિબ رضوان اللہ تعالیٰ علیہم اجمعین

**આપની પેદાઈશ :** હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ પંદર (૧૫) રજબુલ મુરજ્જબ હિજરી પાંચસો બાર (૫૧૨)માં હસનમાં પેદા થયા, જે ઈરાક઼માં અમઉબીદહની નજીક શહર વાસ્તહના ઈલાકામાં આવેલ છે. આપના જન્મના જમાનામાં ખુલફાએ અબ્બાસિયાથી ખલીફતુલ મુસ્લેમીન મુસ્તરશીદ બિલ્લાહીથી ખિલાફત હતી. આપની પેદાઈશના પહેલાં સરકારે દો આલમ ﷺએ આપના મામા શૈખે વક઼્ત હઝરત બાજ અશહબ મનશૂર બતાતહિમ رحمۃ اللہ علیہને આપના પેદા થવાની બશારત આપી હતી. જન્મથી ચાલીસ દિવસ અગાઉ એક રાતે શૈખ મનશૂરે હુઝૂર સૈયદે આલમ ﷺને સ્વપ્નમાં જોયા તો આપે કહ્યું કે, અય મનશૂર ! ચાલીસ દિવસ પછી ત્રીજી બહેનને ત્યાં એક બાળક પેદા થશે. એનું નામ ''અહમદ'' રાખજો, અવલિયાએ કિરામમાં તે સરદાર થશે. અને જ્યારે તે હોશિયાર થઈ જાય તો તાલીમના માટે તેમને શૈખ અલી ક઼ારી વાસ્તીની પાસે મોકલી આપજો અને દેખભાલમાં ગફલત ન કરશો. આ સ્વપ્નને પૂરા ચાલીસ દિવસ પછી આપ હસન મુક઼ામે પેદા થયા. *(અલ બયાનુલ મશીદ, પેજ–૫)*

આપના મામા હઝરત મનશૂર બતાઈહીમ رحمۃ اللہ علیہ જલીલુલ ક઼દ્ર મશાઈખમાંથી હતા. ખૂબ જ હુસ્ન જમાલવાળા હતા. અને બુઝુર્ગીના તરીક઼ા તરફ કાયમ હતા. તંગદસ્તીમાં પણ હર હાલમાં અલ્લાહના હુકમોના પાબંદ હતા અને બારગાહે ઈલાહીમાં આપની દુઆઓ ક઼બુલ થતી હતી જ્યારે આપ માતાના ઉદરમાં હતા અને આપનાં માતા શૈખ અબૂ મુહમ્મદ શનબકી رحمۃ اللہ علیہની પાસે જતાં તો તે તેમની તાઝીમ માટે ઊભા થઈ જતા હતા. જ્યારે એમને કારણ પૂછયું તો કહ્યું કે હું આ બાળકની તાઝીમના માટે ઊભો થાઉં છું જે આપના ઉદરમાં છે કારણ કે તે બુઝુર્ગોમાંથી છે. *(કલાઉદુલ જવાહિર, પેજ–૨૮૬)*

હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ સાત વર્ષ સુધી મુક઼ામ હસનમાં પોતાના મહેરબાન મા બાપની પરવરિશમાં રહ્યા. આપની વય મુબારક તે સમયે સાત વરસની હતી. આપના પિતા હઝરત સૈયદ અલી رحمۃ اللہ علیہ કોઈ જરૂરત માટે બગદાદ શરીફની તરફ ગયા તો ત્યાં એમનું અવસાન થઈ ગયું.

**મામાની દેખભાળ અને જાહેરી બાતિની ઈલ્મથી નિપૂણતા :–** પિતાના અવસાન પછી તે સમયે આપની તાઅલીમ મેળવવાની કોઈ સ્થિતિ ન હતી એટલા માટે આપના મામા હઝરત શૈખ મનશૂર બતાતહીય رحمۃ اللہ علیہએ આપને આપની નેક માતા સાથે પોતાની પાસે બોલાવ્યા અને સરકારે અક઼દસ ﷺની હિદાયત મુજબ તાલીમો તર્બિયતની તરફ સંપૂર્ણ ધ્યાન આપ્યું. કુર્આન પાક તો આપે મુક઼ામે હસનમાં શૈખ અબ્દુલ સમીઅ હરબૂનીની પાસે હિફઝ કરી લીધું હતું કેટલાક દિવસો પછી હઝરત શૈખ મનશૂરે સરકારે દો આલમ ﷺની હિદાયત મુજબ વાસ્તાહમાં શૈખ અબ્દુલ ફઝલ ક઼ારી વાસ્તીની ખિદમતમાં ઈલ્મ મેળવવા માટે આપને મોકલી આપ્યા. શૈખ અલી વાસ્તીએ પણ આપની તાલીમો તર્બિયતમાં ખાસ ધ્યાનથી કામ લીધું, એટલે સુધી કે વીસ વરસની વયમાં આપને તમામ ઈલ્મો અકલિયહ વ નકલિયહ એટલે હદીષ શરીફ, તફસીર, ફિક઼હ, મઆની અને મન્તિકો ફલસફા વગેરે તમામ ફનોની કમાલિયત પ્રાપ્ત કરી લીધી અને આપના ઉસ્તાદ મોહતરમે આપને હદીષ શરીફ અને બીજા ઈલ્મોની સનદ અને ઈજાઝત આપી. આપ હઝરત શૈખ અલી વાસ્તીના સિવાય હઝરત શૈખ અબૂબકર વાસ્તી અને હઝરત શૈખ અબ્દુલ મુલ્ક હરબુનીના દર્સમાં પણ સામેલ થતા હતા જે એ જમાનાના

ઉલ્માામાં બાકમાલ મશહૂર હતા અને પોતાના ઈલ્મો ફઝલને લઈને મશહૂર હતા.

સારાંશ કે જ્યારે સૈયદુલ અવલિયા رحمۃ اللہ علیہએ દીની ઈલ્મની બુઝુર્ગી પ્રાપ્ત કરી અને આપના ઉસ્તાદે સનદ (પ્રમાણપત્ર) અને ઈજાઝત અતા કરી આપી, તો આપે ત્યાં આ સિલસિલો શરૂ કરી દીધો અને સાથે સાથે પોતાના મામા હઝરત મનશૂર બતાતહી رحمۃ اللہ علیہથી બાતિની ઈલ્મ પણ પ્રાપ્ત કરવા લાગ્યા. ખુદા તઆલાના કરમથી આપે બાતિની ઈલ્મ પણ ઘણો જ જલદી હાંસલ કરી લીધો. *(અલબયાતુલ મશીદ, પેજ–૬)*

### ★ આપના માટે નબી صلی اللہ علیہ وسلمએ દસ્તે પાક બહાર કાઢયો ! ★

બારગાહે નબવીમાં આપનો શું મક઼ામ તથા મર્તબો હતો તે આ પ્રસંગ પરથી જાણવા મળે છે. હઝરત શયખ સાલેહ સૈયદી અહમદ રિફાઈ رضی اللہ عنہ દર વર્ષે હાજીઓના ઝરીયા બારગાહે રસૂલ صلی اللہ علیہ وسلمમાં સલામનો તોહફો પેશ કરતા હતા. પછી અલ્લાહ તઆલાએ જ્યારે તેમને હજ્જ તથા ઝિયારતનો મોક઼ો નસીબ ફર્માવ્યો તો આપે મવાજહે શરીફની સામે ઉભા રહીને અર્ઝ કરી, (અર્થ) : દૂરીની હાલતમાં હું મારી રૂહને મોકલ્યા કરતો હતો જે મારી નાઈબ બનીને મારા તરફથી ક઼દમબોસીનો શરફ પામતી રહી. અને હવે તો આ શરીરને હાજરીની નેક નસીબી મળી છે, જરા આપના જમણા હાથને લંબાવો જેથી મારા હોટ એના ફયઝાનથી માલમાલ થાય !

આટલુ કહેતાં જ નબી કરીમ صلی اللہ علیہ وسلمનો દસ્તે પાક જાહેર થયો અને આપે પોતાના લબો વડે તેને બોસો આપ્યો

*(નુઝહતુલ મજાલિસ, ૧/૬૧૯)*

પેજ નં. ૨૪ નું ચાલુ...

**આ છે ફક઼ીહે બેમિષાલનો ફત્વો જે આજની પરિસ્થિતિમાં જારી નથી કરી શકાતો, અને ન તો ક્યાં જારી થાય છે. ખૂદ મર્કઝના દારુલ ઈફતાઓ પણ આજે એ વિષયમાં ચૂપ છે. બલ્કે તેનાથી વિરુદ્ધ સર્વ આલમ તથા ખવાસ પોતાના ઘરોમાં તથા મસ્જિદોમા ઈલેક્ટ્રીક લાઈટો તથા પંખાઓનો ઉપયોગ કરે છે અને તે પણ એટલી બેપરવાહીથી કે કોઈને તેના નાજાઈઝ તથા હરામ હોવાનો વહેમ પણ નથી થતો, તેનું કારણ શું છે ? શું આપણી તમામ અવામ તથા ખવાસ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મસ્લકથી ફરી ગયા છે ?!! આમ બિલ્કુલ નથી.**

*ઈન મસાઈલ મેં હૈ કુછ ઝરફ નિગાહી દરકાર*
*યે હક઼ાઈક઼ હૈં, તમાશ–એ લબે બામ નહીં*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જે શરઈ કારણોના આધારે હુકમો જારી કર્યાં છે તે તમામ આપની નજરો સમક્ષ છે. **તે કારણો જો આજે પણ ઉપસ્થિત હોય તો હુકમ નાજાઈઝ હોવાનો જ રહેશે.** પરંતુ સચ્ચાઈ એ છે કે આજે તે તમામ સંજોગો તથા કારણો જમાનાના પરિવર્તનથી બદલાઈ ગયાં છે. અને સાધારણ રીતે ઘરોમાં તથા મસ્જિદોમાં તેની જરૂરત પડે છે. અને આજે કોઈ સંકોચ વિના આખી દુનિયા તેનો ઉપયોગ કરે છે. જેથી વિદ્યુત લાઈટો તથા પંખાઓ ઘરોમાં તથા મસ્જિદોમાં દરેક જગ્યાએ લગાડવું તથા તેનો ઉપયોગ કરવો જાઈઝ છે. હા ! તેના સિવાય કે ક્યાંક કોઈ વિપરિત પરિસ્થિત હોય (તો ત્યાં હુકમ અલગ રહેશે.)......*ક્રમશ:*

સુન્ની મેરેજ બ્યુરો કોર્નર

**સુન્ની પઠાણ યુવતી :** ઉમર : ૨૫ વર્ષ, ઊંચાઈ : ૫ ફૂટ ૪ ઈંચ, અભ્યાસ : 12Th H.S.C. With Commerce. ઘઉંવર્ણી દીનદાર યુવતી માટે બાઅખ્લાક઼, નેક યુવક, ધંધાદારી, સરકારી નોકરીયાતવર્ગ પસંદગીને પાત્ર. *(ખંભાત તરફ)*

સંપર્ક : મો. 9723158215/9586342546

# સર્વ શ્રેષ્ઠ અખ્લાક઼વાળા 'આપણા નબી' ﷺ

(કાર્યાલય)

હપ્તો : ૧

અખ્લાક઼નો શબ્દ ખુલ્ક઼ (خُلُق)નું બહુવચન છે. જેનો અર્થ આદત, સ્વભાવિક ખસલત, સ્વભાવ કે પ્રકૃતિ છે. શરઈ ઈસ્લિાહમાં અખ્લાક઼થી મુરાદ હુસ્ને બાતિન (અંતર–ભીતરની અચ્છાઈ) અથવા સારા ગુણો થાય છે. જેવી રીતે ખલ્ક઼ (ખલ્ક઼)નો શબ્દ જાહેરી ખૂબસૂરતીના માટે વપરાય છે, એવી જ રીતે ખુલ્ક઼નો શબ્દ ભીતરની અચ્છાઈ (હુસ્ને બાતિન)ના માટે પણ વપરાય છે.

ઈમામ રાગિબ અસ્ફહાની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"خَلق (ખલ્ક઼) તથા خُلق (ખુલ્ક઼) બંનેનો માદ્દો એક છે, જેમ કે શરબ (شَرب) તથા શુરબ (شُرب) તથા સરમ (صَرم). પરંતુ ખલ્ક઼ (خَلق) શબ્દ તે દેખાવો, શકલો તથા સૂરતોના માટે વપરાય છે જે જાહેરી આંખ વડે જો શકાય છે. અને ખુલ્ક઼ (خُلق) શબ્દ તે શક્તિઓ તથા ખાસિયતો માટે વપરાય છે જેને બાતિની (ભીતરની) આંખ વડે જોઈ શકાય છે. *(મુફર્રદાતુલ અલ્ફાઝિલ કુર્આન, પેજ–૧૫૯)*

અલ્લાહ તઆલાએ હુઝૂર નબી કરીમ ﷺને જાહેરી તથા બાતિની હુસ્નના સંપૂર્ણ પયકર બનાવ્યા હતા, એટલા માટે ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

فَاقَ النَّبِيِّنَ فِى خَلقٍ وَّفِىْ خُلُقٍ
وَلَمْ يُدَانُوْهُ فِىْ عِلْمٍ وَّلَا كَرَم

"હુઝૂરે અકરમ ﷺ જાહેરી તથા બાતિની હુસ્નમાં તમામ અંબિયાએ કિરામ علیہم السلام પર ફઝીલત લઈ ગયા, અને કોઈ ઈલ્મ તથા કરમમાં આપના નજીક પણ ન પહોંચી શક્યું."

એ જ હક઼ીક઼તને વર્ણવતાં ઈમામ અહમદ રઝાખાન رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**તેરે ખુલ્ક઼ કો હક઼ને અઝીમ કહા**
**તેરી ખલ્ક઼ કો હક઼ને જમીલ કિયા**
**કોઈ તુઝસા હુવા હૈ ન હોગા શહા**
**તેરે ખાલિક઼ે હુસ્નો અદા કી ક઼સમ**

ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہએ 'ખુલ્ક઼'ની હક઼ીક઼ત અને તેના પ્રદર્શિત થવા વિશે પર ખૂબ જ બારીક તથા અર્થસભર ચર્ચા કરી છે, આપ 'ખુલ્ક઼'ની હક઼ીક઼ત વર્ણન કરતાં ફર્માવે છે :–

ખુલ્ક઼ (خُلَق) નફ઼સની તે ક્ષમતા (કેપેસીટી)ને કહે છે કે જે શખ્સ એનાથી સંબંધિત થાય તેના માટે સારાં કામોને અંજામ આપવું આસાન થઈ જાય છે. અને જાણી લો કે સારાં કામોને અંજામ આપવું એક અલગ ચીજ છે અને તેને સરળતાપૂર્વક અંજામ આપવું અલગ ચીજ છે. તો જ્યારે સારાં કામો સરળતાપૂર્વક (આપોઆપ) થવા લાગે તો એ વખતે તેને ખુલ્ક઼ (خُلق) કહે છે." *(અત્તફસીરુલ ક઼બીર, ૩૦/૮૧, રાઝી)*

## ★ બાઅખ્લાક઼ કોને કહેવાય ? ★

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે જે ઈન્સાનને એ ખૂબી તથા ક્ષમતા મળી જાય કે તે સારાં કામો કશાય ખચકાટ વિના અંજામ આપવા લાગે તો તે શખ્સને ખુલ્ક઼ (અખ્લાક઼)વાળો કહેવામાં આવશે. દા.ત. એક માણસ જ્યારે કોઈ અવાજ સાંભળે છે તો તેના માટે તેને વિચારવું નથી પડતું કે તેને સાંભળે કે ન સાંભળે. (સંભળાય જ જતુ હોય છે) બલ્કે ખૂબ જ સહજ રીતે (સરળતાપૂર્વક) તથા કશાય ખચકાટ વિના તે અવાજ સાંભળી લે છે. એ જ પ્રમાણે જ્યારે કોઈ માણસની અંદરનો માનવ (આંતરીક રીતે) એવી રીતે સંવરી જાય કે તે વિના સંકોચે પોતાનો ગુસ્સો પી જાય, વિના કોઈ ખચકાટે પોતાના દુશ્મન પર સવાર થઈ

જવા છતાં તેને ખુદાની રઝાને ખાતર માફ કરી આપે, તો તેને અખ્લાક઼વાળો કહેવામાં આવે છે. પરંતુ જો દુશ્મનને માફ કરવાના માટે તેણે સોચ વિચારથી કામ લેવું પડે, તે એવું વિચારતો રહે કે માફ કરું કે ન કરું ! અને પછી ઘણા ભારે મને તેને માફ પણ કરી આપે, તો એનું એ કામ છે તો સારું પરંતું એને અખ્લાક઼ કહેવાશે નહીં. કેમ કે અખ્લાક઼ સારાં કામોને એ રીતે અંજામ આપે છે કે તેના માટે કોઈ સંકોચ વિચારને સ્થાન નથી હોતું.

## ★ અખ્લાક઼નું વર્તુળ ★

અખ્લાક઼નું વર્તુળ દરેક તે કામ સુધી વિશાળ ફેલાયેલુ છે જે સારા કામ કે સદ્‌ગુણોમાં ગણાય છે. એટલે કે દરેક સારું કામ અખ્લાક઼માં સામેલ છે. અખ્લાક઼ અપનાવાથી મુરાદ એ છે કે માણસ દરેક સારા કામને અપનાવી લે.

ઈમામ રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''હુસ્ને ખુલ્ક઼ (સારા અખ્લાક઼)માં કંજૂસી, ગુસ્સો વગેરેથી બચવું પણ સામેલ છે, અને વહેવારમાં સખ્તીથી બચવું, વાણી તથા વર્તનમાં લોકો સાથે પ્રેમાળ વર્તાવ કરવો, સંબંધ કટ કરવા તથા લોકોને છોડવાથી બચવું, આ સર્વ ચીજો સામેલ છે.'' *(અત્તફસીરુલ ક઼બીર, ૩૦/૮૧, રાઝી)*

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે અખ્લાકે઼ હસનાનું વર્તુળ દરેક તે ચીજને સમાવે છે જેને હુસ્ને બાતિન (સારું ભીતર) તથા સદ્‌ગુણો કહી શકાય છે.

## ★ અખ્લાકે઼ હસના (સુસંસ્કાર) અને નબવી તા'લીમાત ★

જો એવું કહેવામાં આવે કે બઅષતે નબવી (નબી ﷺના દુનિયામાં આગમન)નો હેતુ જ સુસંસ્કારની પરિપૂર્ણતાનો હતો તો બિલ્કુલ યોગ્ય ગણાશે, કેમ કે અખ્લાક઼નું વર્તુળ જ્યારે દરેક સારા કાર્યને સમાવે છે તો એમાં ઈબાદતો, મામલાઓ અને માનવજીવનનાં સર્વ પાસાંઓ આવે છે. હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે :–

''મને કેવળ એટલા માટે મોકલવામાં આવ્યો કે હું અખ્લાકી઼ કમાલોને પરિપૂર્ણતાએ પહોંચાડું.'' *(મુસ્નદે બઝ્ઝાર, ૧૦/૩૬૪)*

એનાથી સ્પષ્ટ થાય છે કે જે બંદાએ અખ્લાકે઼ હસનાને અપનાવી લીધા તેણે નબવી તા'લીમાતને અપનાવી લીધી. હુસ્ને અખ્લાક઼ (સુસંસ્કાર)થી સજ્જ થયેલ શખ્સને **શ્રેષ્ઠ વ્યક્તિ** ઠરાવતાં આપ ﷺએ ફર્માવ્યું : ''તમારામાંથી શ્રેષ્ઠ વ્યક્તિ તે છે જેના અખ્લાક઼ (સંસ્કાર) સારા હોય.'' *(મુસ્નદે બઝ્ઝાર, ૫/૧૩૫)*

હુઝૂરે અકરમ ﷺએ આ પણ ફર્માવ્યું કે, ''મો'મિનના મીઝાનમાં ક઼યામતના દિવસે સારા અખ્લાક઼ (સારી આદતો)થી ભારે કોઈ ચીજ હશે નહીં, અને **બેશક ! અલ્લાહ તઆલા ફુહશગો (બિભત્સ વાણીવાળા) અને બદ્અખ્લાક઼ શખ્સથી દુશ્મની** ધરાવે છે.'' *(સુનને તિર્મિઝી, હદીષ–૨૦૦૨)*

વિચારો કે જે શખ્સથી અલ્લાહ તઆલા દુશ્મની રાખે અને જે અલ્લાહ તઆલાનો દુશ્મન ઠરે તેને ક્યાં પનાહ મળશે ?!

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ ફર્માવે છે કે તેમણે રસૂલે કરીમ ﷺને એવું કહેતાં સાંભળ્યા : ''શું હું તમને એ વ્યક્તિના બારામાં ન બતાવું જે મને સૌથી અધિક પ્રિય છે અને ક઼યામતના દિવસે મારી સૌથી નજીક હશે ?! આપે આ વાત બે કે ત્રણ વાર ફર્માવી. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી કે, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો. તો આપ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી જેના અખ્લાક઼ સારા હોય.'' *(અત્તરગીબ વત્તરહીબ, પેજ–૫૦૫, હદીષ–૩૯૧૯)*

હુઝૂરે અકરમ ﷺએ કામિલતરીન ઈમાનવાળો એ શખ્સને ઠરાવ્યો જેના અખ્લાક઼ સારા હોય. આપ ﷺએ ફર્માવ્યું, ''બેશક !

ઈમાનવાળાઓમાં કામિલતરીન ઈમાનવાળો તે છે જેના અખ્લાક઼ સારા હોય, અને જે પોતાનાં ઘરવાળાંઓ સાથે સૌથી વધુ નરમી કરનારો હોય." *(સુનને તિર્મિઝી, ૫/૯, હદીષ નં. ૨૬૧૨)*

એટલે કે જે શખ્સના અખ્લાક઼ જેટલા સારા હશે, તે પોતાનાં ઘરવાળાંઓ સાથે જેટલા પ્રમાણમાં નરમી કરનાર હશે તેનું ઈમાન એટલુ જ અધિક કામિલ હશે.

હઝરત અબૂ અમામા رضی اللہ عنہ ફર્માવે છે :–

"હું તે શખ્સને જન્નતના કિનારામાં એક મહેલની ઝમાનત આપુ છું જે ઝઘડો ખત્મ કરવા માટે **પોતાનો હક્ક઼ છોડી આપે.** હું તે શખ્સને જન્નતના મધ્યમાં એક મહેલની ઝમાનત આપુ છું જે **મઝાક઼માં પણ જૂઠ ન બોલે.** અને હું તે શખ્સને જન્નતના ઉચ્ચતર મક઼ામ પર એક મહેલની ઝમાનત આપુ છું જેણે પોતાના **અખ્લાક઼ને સારા કરી લીધા.**" *(શોઅબુલ ઈમાન લિલ્ બયહક઼ી, હદીષ–૮૦૧૮,૬/૨૪૨)*

રસૂલે કરીમ ﷺના ઉપર વર્ણવેલ અમુક ફર્માનોથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે જે શખ્સના અખ્લાક઼ સંવરી (સુધરી) ગયા, જે હુસ્ને અખ્લાક઼ની મહામૂલી દૌલત પામી ગયો તે જ કામિલતરીન ઈમાનવાળો છે, તે જ રસૂલે કરીમ ﷺનો મહબૂબ છે. ક઼યામતના દિવસે તેની જ નેકીઓનું પલ્લુ ભારે હશે. તે જ શખ્સ જન્નતના ઉચ્ચતમ મક઼ામ પર મહેલ પામનાર હશે. અને જે શખ્સના અખ્લાક઼ જ ન સંવર્યા (સુધર્યા) તે તો દીનની હક઼ીક઼તથી માઈલો દૂર રહ્યો, જો તે કાંઈ કરતો પણ રહ્યો તો કેવળ રસમો જ અદા કરતો રહ્યો પણ ઈમાનની મીઠાશથી મહેરૂમ રહ્યો.

## ★ અખ્લાકે઼ હસનાના ઉદ્‌ભવ સ્થાનો અને સીરતે તૈયબહ ★

ઈન્સાનનું જાહેર તેના અંતરનું પ્રતિબિંબ હોય છે. જે પણ જઝબાત, ખયાલાત તથા એહસાસો એના દિલમાં હોય છે તેનું પ્રદર્શન તેના અમલ તથા વર્તાવથી થાય છે. જો એવું કહેવામાં આવે તો યોગ્ય ગણાશે કે માણસ પોતાના ખયાલો તથા ચિંતનોના તાબે હોય છે.

અખ્લાકે઼ હસનાનું સારું હોવું એક વિશ્વવ્યાપી હક઼ીક઼ત છે. કોઈપણ ઈન્સાન એવું નથી ચાહતો કે તે સારા અખ્લાક઼થી મેહરૂમ હોય. બુરા અખ્લાક઼વાળા બનવાનું તો કોઈ પણ શખ્સ પસંદ નથી કરતો, પરંતુ જો કોઈ ઈન્સાનની અમલી જિંદગી અખ્લાકે઼ હસનાના નૂરથી મુનવ્વર તથા ઉજ્જવળ ન હોય તો અખ્લાકે઼ હસનાનો કેવળ દાવો એક નિરર્થક અને ફોગટનું કાર્ય છે.

રસૂલે કરીમ ﷺની ઝાતે બાબરકતને અલ્લાહ તઆલાએ તમામ ઉચ્ચ અખ્લાક઼ોના સંપૂર્ણ સમૂહ બનાવ્યા છે. કુર્આને કરીમ જે ઉચ્ચ અખ્લાક઼ોને અપનાવાની હિદાયત કરે છે, રસૂલે કરીમ ﷺ એ તમામના કામિલ પયકર છે. એટલા માટે હઝરત સૈયદા આઈશા رضی اللہ عنہاથી જયારે રસૂલે કરીમ ﷺના અખ્લાક઼ના સંબંધે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું : كَانَ خُلُقُهُ الْقُرْآنُ "આપ ﷺના ખુલ્ક઼ (અખ્લાક઼) કુર્આન હતા." *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૪/૪૫૦)*

એટલે કે કુર્આને કરીમમાં જે અખ્લાકે઼ હસના (સુસંસ્કાર, સારી આદતો)ની તા'લીમ આપવામાં આવી, હુઝૂર ﷺની ઝાતે ગિરામી એનો સંપૂર્ણ નમૂનો (પયકર) હતા, કુર્આને કરીમ કિતાબ સ્વરૂપે કુર્આન છે અને હુઝૂરે અકરમ ﷺની ઝાતે અક઼દસ અમલી કુર્આન છે.

એના અનુસંધાનમાં અમુક આરિફો ફર્માવે છે કે જેવી રીતે કુર્આને કરીમમાં અમુક આયતો મુતશાબેહ છે જેના પર આપણુ ઈમાન તો છે, પંરતુ આપણે એની તાવીલ (અર્થઘટન) નથી જાણતા. એવી જ રીતે રસૂલે કરીમ ﷺના અખ્લાકે઼ હસનાના અમુક મક઼ામ એવા છે જેની હક઼ીક઼ત સુધી આપણી પહોંચ શક્ય નથી. અવારિફુલ મઆરિફમાં

છે કે હઝરત આઈશા رضی اللہ عنہا ના આ ફર્માન "આપના અખ્લાક઼ કુર્આન હતા"માં ઘણુ ગાઢ રહસ્ય છે અને એમાં અખ્લાકે઼ રબ્બાનિયહ તરફ નિર્દેશ છે. આ ક઼ૌલથી આપની મુરાદ આ હતી :–

"આપ صلی اللہ علیہ وسلم અલ્લાહ તઆલાના અખ્લાક઼થી સંકલિત હતા અને આ અર્થને આપે એ રીતે અદા કર્યો કે આપનો ખુલ્ક઼ કુર્આન હતો. એ અઝમતે બારી તઆલા સબબ તથા કૈફિયતોને ગુપ્ત પર્દામાં રાખવાના કારણે કર્યું. એ આપની અક઼્લો દાનિશની હદ અને અદબ કમાલની કક્ષાની છે." (મવાહિબુલ્લદુન્નિયા, ૨/૭૮૪)

રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم ની પૂરી જિંદગી જ ઉચ્ચ અખ્લાક઼નો શ્રેષ્ઠ શ્રોત છે જો કે અખ્લાક઼નું વર્તુળ દરેક અચ્છાઈ તથા ખૂબીને સમાવે છે, જેથી હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم ના અખ્લાકે઼ હસનાના શ્રોતોમાંથી અમુક મહત્વની ચીજો વર્ણવવામાં આવે છે જેને અપનાવ્યા વિના કોઈ માનવી પોતાના વ્યક્તિત્વને પૂર્ણ નથી કરી શક્તો. જે શખ્સ ચાહતો હોય કે તે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم ના ઉચ્ચ સંસ્કારો (અખ્લાક઼ો) અપનાવવાનું સદ્‌ભાગ્ય પામે તો તેણે આ ચીજોને અનુસરવું પડશે :

## ★ માફી તથા દરગુઝર ★

દુશ્મનથી બદલો ન લેવો અને તેના પર સવાર થયા બાદ તેને માફ કરી દેવો એ રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم ના સુસંસ્કારોનું એક મહત્વનુ પાસુ છે. કેમ કે બદલો લેનારો પોતાના નફસ સામે ઝુકી રહ્યો હોય છે અને માફ કરનારો પોતાના નફસ પર સવાર થઈને પોતાના રબની સમક્ષ ઝુકી રહ્યો હોય છે અને કા઼બૂ પામ્યા પછી તેને માફ કરીને જાણે પોતાના કા઼બૂની ઝકાત આપી રહ્યો હોય છે. એટલા માટે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم ને માફી તથા દગુઝર ખૂબ જ પસંદ હતું. આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :

"જે માણસ પોતાનો ગુસ્સો કાઢવા શક્તિમાન હોય પછી તે (અલ્લાહ તઆલાની રઝાના ખાતર) પોતાનો ગુસ્સો પી જાય તો અલ્લાહ તઆલા તેના દિલને અમ્ન તથા ઈમાનથી ભરી દે છે. *(અલ્ઈહાદ વલ્મષાની, ૪/૪૭૮, હદીષ–૨૬૪૯)*

એ જ કારણે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ કદી પોતાની ઝાતના માટે બદલો નથી લીધો. આપના અખ્લાક઼નું એક પ્રદર્શન આ છે :

"આપે કદી પોતાની જાતના માટે બદલો નથી લીધો, પણ એ કે અલ્લાહ તઆલાની હુર્મતને પાયમાલ કરવામાં આવે તો તે વખતે આપ અલ્લાહને ખાતર બદલો લેતા હતા" *(મુસ્નદે ઈમામ અહમદ, ૪/૪૫૦)*

આપની પૂરી જિંદગી એના માટે સાક્ષી છે કે આપે કદી પોતાની જાતના માટે બદલો નથી લીધો બલ્કે માફી તથા દરગુઝરથી કામ લીધું.

ગઝવએ ઓહદના મોક઼ા પર આપનો મુક઼દ્દસ ચહેરો ઝખ્મી થઈ ગયો. લોહી આપના મુબારક ચહેરા પર વહેવા લાગ્યું તો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના માટે આ ખૂબ જ દુ:ખદ તથા પીડાકારક મોક઼ો હતો. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કાશ ! કે આપ તેઓના બર્બાદ થવાની દુઆ કરતા. તો આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "મને લઅનત કરનારો બનાવીને નથી મોકલવામાં આવ્યો બલ્કે મને દાઈ (દાવત આપનાર) તથા રહમત બનાવીને મોકલવામાં આવ્યો છે. હે અલ્લાહ ! મારી ક઼ૌમને માફ કરી આપ !" અથવા આપે અર્ઝ કરી કે. "હે અલ્લાહ ! મારી ક઼ૌમને હિદાયત આપી દે, કેમ કે તે જાણતી નથી," *(અશ્શિફા, બાબુલ હિલ્મ, ૧/૭૩)*

પરંતુ ગઝવએ ખંદકના પ્રસંગે દુશ્મનોનો સામનો કરતી વખતે આપની અસ્રની નમાઝ ક઼ઝા થઈ તો આપ صلی اللہ علیہ وسلم એ અલ્લાહ તઆલાને અર્ઝ કરી : "હે અલ્લાહ ! એમના પેટોને આગ વડે ભરી દે જેમણે અમને અસ્રની નમાઝ ન પઢવા દીધી." *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ–૧૩૧૪, ૨/૪૩૬)*

હુઝૂરે અકરમ ﷺએ જયારે પણ બદલો લીધો તો અલ્લાહની હદોની પાયમાલી પર લીધો, પોતાની જાતના માટે કદી બદલો ન લીધો. મક્કાવાસીઓએ આપ ﷺની પવિત્ર જાત અને અન્ય મુસલમાનો પર જાત જાતના જુલ્મો સિતમ તોડયા હતા, તેમને વિવિધ રીતે જુલ્મો સિતમનું નિશાન બનાવવામાં આવ્યા હતા, તે જ મક્કાવાસીઓ મક્કાની ફતહના દિવસે ડર તથા બેકરારીની હાલતમાં આપના હુકમની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ હુઝૂર ﷺ તેમના જુલ્મો સિતમ તથા સખ્તીઓ અને તકલીફોનો ઉલ્લેખ પણ પોતાની ઝબાન મુબારક પર નથી લાવ્યા. જયારે તેઓ ભયભીત હાલતમાં ગરદનો ઝુકાવીને આપ ﷺના હુકમની રાહ જોઈ રહ્યા હતા તો આપે એમને પૂછયું, હે લોકો ! તમારો શું ખયાલ છે ? હું તમારી સાથે કેવો સુલૂક કરનારો છું ?! તેમણે કહ્યું, "આપ કરીમ (દયાળુ) છો અને કરીમ ભાઈના સાહબઝાદા છો." આપ ﷺએ ફર્માવ્યું, "હું તમને તે જ કહું છું જે મારા ભાઈ યૂસુફ علیہ السلامએ પોતાના ભાઈઓના માટે કહ્યું હતું, **اِذْهَبُوا فَاَنْتُمُ الطُّلَقَاءُ** જાવ ! તમે લોકો સૌ આઝાદ છો !" *(સીરતે ઈબ્ને હિશામ, ૨/૪૧૧)*

જો આપ પોતાની જાતના માટે બદલો લેતા તો એ પ્રસંગે એમને માફ કરવામાં ન આવત, બલ્કે બોધ લેવાનો નમૂનો બનાવી દેત. પણ આપ ﷺએ આમ માફીનું એલાન ફર્માવ્યું તો એમની ગરદનો તો આઝાદ થઈ ગઈ, પરંતું એમનાં દિલો આપના જમાલના કૈદી થઈ ગયાં અને તેઓ કેટલીયે પેઢીઓથી અપનાવેલા શિર્કને ત્યજીને ઈસ્લામના વર્તુળમાં પ્રવેશી ગયા !

હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ ફર્માવે છે કે ગઝવએ અન્મારમાં અમે હુઝૂરે અકરમ ﷺની સાથે હતા. આપની ખબર સાંભળીને તે બદ્દુ પહાડો પર ચાલ્યા ગયા. ગુત્ફાને તેમના સરદાર દઅષૂર બિન હારિષને કહ્યું કે અત્યારે મુહમ્મદ ﷺ પોતાના સહાબીઓથી અલગ છે, પછી તમને આવો મોકો મળશે નહીં ! તે તેજ તલ્વાર લઈને આવ્યો. તેણે આપ ﷺને એક ઝાડના નીચે આરામ કરતા જોયા તો તલ્વાર ખેંચીને આપના માથા પર ઉભો થઈ ગયો. આપ જાગી ગયા તો કહેવા લાગ્યો, "તમને મારાથી કોણ બચાવશે ?!" આપ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ !"

હઝરત જિબ્રઈલ علیہ السلامએ એને દૂર હટાવી દીધો અને તે પડી ગયો. આપ ﷺએ તલ્વાર પકડીને ફર્માવ્યું કે હવે તને મારાથી કોણ બચાવશે ?! તેની પાસે એનો કોઈ જવાબ ન હતો. તે ધ્રુજતો કાંપતો ઉભો થયો. પણ આપ ﷺએ તેને માફ કરી દીધો. આપના આ સારા અખ્લાકથી પ્રભાવિત થઈને તે ઈસ્લામથી મુશર્રફ થઈ ગયો" *(ઉપર મુજબ, ૨/૩૯, ૨/૪૮૨)*

## ★ માફીના અજોડ નમૂના ! ★

જયારે આપ ﷺની સાહબઝાદી હઝરત ઝયનબ رضی اللہ عنہاને એમના પતિ અબુલ આસે મદીના મુનવ્વરા મોકલ્યાં તો માર્ગમાં કુરૈશના અમુક લોકો રુકાવટ બન્યા. એમનામાંથી એક હબાર બિન અસ્વદ પણ હતો. એણે હઝરત ઝયનબ رضی اللہ عنہاને ઊંટ પરથી ફેંકી દીધાં હતાં. આપ સગર્ભા હતાં, પથ્થર પર પડયાં તો ગર્ભ પડી ગયો અને એ ઝખ્મી પણ થયાં અને બાદમાં એ જ ઝખ્મના કારણે મૃત્યુ પણ પામ્યાં.

મક્કા ફતહ થયું તો એ શખ્સ એ લોકોના લિસ્ટમાં હતો જેમને વાજિબુલ કત્લ ઠરાવવામાં આવ્યા હતા. તે મક્કાથી નાઠો અને ઈરાન જવા ચાહતો હતો. જયારે રસૂલે અકરમ ﷺ જિઈર્રાનાથી પરત તશરીફ લાવ્યા તો બારગાહે રિસાલત મઆબ ﷺમાં હાજર થયો અને અર્ઝ

કરવા લાગ્યો કે યા રસૂલલ્લાહ ! ﷺ હું આપની પાસેથી ભાગીને શહેર શહેર ફરતો રહ્યો. મેં વિચાર્યું હતું કે હું ઈરાન ચાલ્યો જઈશ. પછી મને આપનો કરમ, સિલએ રહમી તથા માફી અને દરગુઝર યાદ આવી ગયાં. મને મારી ખતા તથા ગલતીનો એહસાસ છે, તમે મને માફ કરી આપો ! જેથી આપ ﷺએ એને કોઈ સજા ન આપી અને ફર્માવ્યું, જા ! મેં તને માફ કર્યો. *(સીરતુલ હલબિયા, ૨/૩૯)*

જે માણસે કોઈની દીકરી પર આ પ્રમાણે જુલ્મો સિતમ કર્યો હોય તેને માફ કરવાની કલ્પના પણ નથી કરી શકાતી, પરંતું આ મારા રસૂલે કરીમ ﷺની શાને અફવો કરમ છે કે આપે તેને પણ માફ કરી આપ્યો.

આ થોડાંક દૃષ્ટાંતોથી એ સ્પષ્ટપણે જાહેર થઈ રહ્યું છે કે હુઝૂર ﷺના પ્રદર્શિત થતા અખ્લાક઼ોમાંથી એક માફી તથા દયા પણ છે કે આપ ﷺએ પોતાની જાતના માટે કદી પણ બદલો નથી લીધો બલ્કે હમેશાં માફી તથા દરગુઝર કરેલ છે.

## ★ હાથ નીચેના લોકો સાથે સદવર્તાવ ★

સામાન્યત : માણસ જ્યારે પોતાના સમકક્ષ લોકો સાથે વહેવાર કરે છે તો અખ્લાક઼ બાબતે કાળજી રાખે છે, કેમ કે તે તેમની સાથે વહેવાર કરવામાં કોઈ પણ ચીજ તેમના કરતાં પોતાની અંદર વધારે (ચડિયાતી) નથી પામતો. પરંતું જ્યારે તે પોતાના હાથ નીચેના લોકો સાથે વર્તે છે તો તેનું હુંપદ તેની હદે પહોંચી જાય છે, તે સર્વ અખ્લાક઼ી ઉચ્ચતાઓને પાયમાલ કરી દે છે. ન તો તે તેમના હક્કોની કાળજી લે છે અને ન તો તેમની ઈજ્જતની. તે એમને પોતાના જેવા માણસ નહીં બલ્કે કોઈ અન્ય મખ્લૂક઼ સમજીને તેમની સાથે મામલો કરે છે.

હુઝૂર નબી કરીમ ﷺએ જે ઉચ્ચ અખ્લાક઼ોની તાલીમ આપી છે એનું એક મહત્વનુ પાસુ એ છે કે આપે હમેશાં પોતાના હેઠળના લોકોના હક્કોની અદાયગીનો ન કેવળ હુકમ આપ્યો બલ્કે તેમના સન્માન અને પ્રતિષ્ઠાનો પણ પૂરે પૂરો ખયાલ રાખ્યો છે. પોતાના સમકક્ષ લોકો સાથે અખ્લાક઼ની ઉચ્ચતાની કાળજી રાખતાં વહેવાર કરવો એ વ્યાપારિક દૃષ્ટિની એક ચીજ બની જાય છે, પરંતું પોતાના ગુલામો, નોકરો અને હાથ નીચેના લોકો સાથે ઉચ્ચ અખ્લાક઼ ભર્યું વર્તન સાચવી રાખી વહેવાર કરવો એ તે માણસના ઉચ્ચ અખ્લાક઼વાળા (સુસંસ્કારી) હોવાની દલીલ હોય છે.

રસૂલુલ્લાહ ﷺના ખાદિમ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે : "મેં રસૂલે કરીમ ﷺની દસ વરસ ખિદમત કરી. આપે મને કદી ઉફ સુધ્ધાં નથી કહ્યું. મેં જે પણ કામ કર્યું, આપ ﷺએ કદી મને નથી ફર્માવ્યું કે આવું કેમ કર્યું ?! અને જે કામ નથી કર્યું, તો આપે મને કદી નથી કહ્યું કે કેમ ન કર્યું ?! અને રસૂલલ્લાહ ﷺ અખ્લાક઼ના એતબારથી પણ તમામ લોકોથી સારા હતા. મેં કદી કોઈ ઊની કે રેશમી કપડુ નથી સ્પર્શ્યું અને કોઈ એવી ચીજ નથી જોઈ જે આપ ﷺની હથેળીથી અધિક નરમ હોય, અને ન તો મેં કોઈ કસ્તૂરી તથા ઈત્ર સૂંઘ્યું જે રસૂલુલ્લાહ ﷺના પસીનાથી વધુ સુગંધિત હોય." *(શમાઈલુલ્ મુહમ્મદિયા, પેજ-૧૪૧)*

જો કોઈ શખ્સ પોતાના હેઠળનાઓ સાથેના મામલાને પોતાની નિસ્બતથી જુએ છે તો એમાં ઘમંડ તથા તકબ્બુર પેદા થાય છે. અને જ્યારે તે પોતાના અને તેમના મામલાને અલ્લાહની નિસ્બતથી જુએ છે તો એનામાં અખ્લાક઼ી ઉચ્ચતા ઉદ્ભવ પામે છે. હઝરત અબૂ મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે હું એક દિવસ કોઈ વાત પર મારા ગુલામથી નારાજ થઈ ગયો અને તેને કોરડા વડે મારવા લાગ્યો. એટલામાં મારા પાછળથી અવાજ આવ્યો, "હે અબૂ મસઊદ ! જાણી લો !" પણ હું સખત ગુસ્સાની હાલતમાં હોવાના

કારણે અવાજ ઓળખી ન શક્યો. જ્યારે અવાજ આપનાર મારી નજીક આવી ગયો તો મેં જોયું કે તે રસૂલે કરીમ ﷺ છે ! અને ફર્માવી રહ્યા છે : "હે અબૂ મસઊદ ! **જાણી લો ! તમને આ ગુલામ પર જેટલા પ્રમાણમાં કાબૂ હાંસલ છે એનાથી વધુ કાબૂ તમારા પર અલ્લાહ તઆલાને હાંસલ છે."**

આપ (અબૂ મસઊદ) ફર્માવે છે કે આ સાંભળીને કોરડો મારા હાથેથી પડી ગયો. મેં કહ્યું કે હવે હું કદી પણ આ ગુલામને મારીશ નહીં, હું આ ગુલામને અલ્લાહને ખાતર આઝાદ કરું છું. આ વાત સાંભળીને હુઝૂર નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "હા ! જો તમે એવું ન કરત તો તમને આગ સ્પર્શી જાત." *(જામિઉલ ઉસૂલ, હદીષ–૫૮૯૬, ૮/૫૬)*

વિચાર કરો ! હુઝૂર નબી કરીમ ﷺ પોતાના હાથ નીચેનાઓ સાથે કેવો વર્તાવ કરવાની સૂચના આપતા હતા. આપે તાકીદ ફર્માવી કે પોતાના ગુલામોને તે જ ખવડાવો જે ખુદ ખાવ છો, અને તેમને એવું જ પહેરાવો જે ખુદ પહેરો છો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે એક શખ્સે હુઝૂર ﷺને પૂછયું કે અમે ખાદિમને એક દિવસમાં કેટલી વાર માફ કરી દીધા કરીએ ? આપ ﷺ ખામોશ રહ્યા. તેણે બીજીવાર પૂછયું તો આપ ﷺ ખામોશ રહ્યા. તેણે ફરી એ જ સવાલ કર્યો, તો આપ ﷺએ ફર્માવ્યું, "તેને દરરોજ સિત્તેરવાર માફ કરી દીધા કરો." *(સુનને અબૂ દાઊદ, હદીષ–૫૧૬૬,૪/૫૦૪)*

હુઝૂરે અકરમ ﷺએ ગુલામોના વિશે ફર્માવ્યું, "એ તમારા ભાઈ છે જેમને અલ્લાહ તઆલાએ તમારા તાબા હેઠળ કરી આપ્યા છે. તો જેના હાથ હેઠળ તેનો ભાઈ હોય તેણે જોઈએ કે જે પોતે ખાય છે તેને પણ તે જ ખવડાવે અને જે ખુદ પહેરે છે તેને પણ તે જ પહેરાવે. તેની પાસેથી તેની શક્તિ બહારનું કોઈ કામ ન લે. જો તેને કોઈ કામ એવું કહી આપે તો પોતે પણ તેની મદદ કરે." *(સુનને અબૂ દાઊદ, હદીષ–૫૧૬૦, ૪/૫૦૫)*

રસૂલુલ્લાહ ﷺના ખાદિમ હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે આપ ﷺએ મને કોઈ કામના માટે મોકલ્યો. મેં કહ્યું કે ખુદાની કસમ ! હું ત્યાં જઈશ નહીં, અને મારા દિલમાં એવું હતું કે મને રસૂલુલ્લાહ ﷺએ હુકમ આપ્યો છે જેથી હું ત્યાં જઈશ. હું તે કામના માટે નીકળ્યો. બજારમાં કેટલાંક બાળકો રમી રહ્યાં હતાં, હું ત્યાં ઉભો થઈ ગયો. પછી રસૂલુલલાહ ﷺ ત્યાં તશરીફ લાવ્યા. આપ ﷺએ (પ્યારથી) મને બોચીમાંથી પકડયો તો મેં જોયું કે આપ ﷺ સ્મિત કરી રહ્યા હતા, અને મને ફર્માવ્યું કે હે અનસ ! મેં તમને જ્યાં જવાનું કહ્યું છે ત્યાં ચાલ્યા જાવ ! મેં અર્ઝ કરી કે, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ હું જાઉં છું." *(સુનને અબૂ દાઊદ, હદીષ–૪૮૭૫, ૪/૩૯૨)*

આ પરથી સારી રીતે અંદાજો કરી શકાય છે કે હુઝૂરે અકરમ ﷺ પોતાના હાથ હેઠળના લોકો સાથે કેવો વહેવાર કરતા હતા. આપ ﷺને એ લોકોની બેહતરી તથા તેમની સાથે સદવર્તાવ એટલા પ્રમાણમાં પ્રિય હતો કે આપ ﷺએ જાહેરી હયાતથી પર્દો ફર્માવતી વખતે પણ નમાઝની સાથે એ જ ચીજની હિદાયત કરી. હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ફર્માવે છે કે જે બીમારીમાં હુઝૂર ﷺનો વિસાલ થયો, એમાં આપ ﷺ આખરી દમ સુધી આ જ ફર્માવતા રહ્યા : હે લોકો ! નમાઝનો ખયાલ રાખજો અને તમારા ગુલામોનો ખયાલ રાખજો." *(સુનને ઈબ્ને માજહ, હદીષ–૧૬૨૫, ૧/૫૧૯)*

સીરતે તય્યબહના આ પાસાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે આપ ﷺના અખ્લાકે હસના (સુસંસ્કાર)નું એક પાસુ પોતાના હેઠળના લોકો સાથે મુરવ્વત તથા અખ્લાકથી વર્તવામાં આવે. *(મંથલી નૂરુલ હબીબ–પાક. ફેબ્રુ. ૨૦૧૬, અઝ : પ્રો. ડો. હબીબુલ્લાહ ચિશ્તી)* *ક્રમશ:*

# કસ્વા રસૂલે પાકની મુબારક ઊંટણી

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمْ

કાર્યાલય

રસૂલે અકરમ ﷺની ઊંટણીનું નામ કસ્વા હતું. કસ્વા તે ઊંટણીને કહે છે જે માલિકની દૃષ્ટિમાં અતિશય પ્રિય હોય અને મહોબ્બતના કારણે તેનો માલિક તેને કામ તથા બોજ વહેવાથી આઝાદ કરી આપે, અને બીજી ઊંટણીઓની જેમ તેને ચરાગાહ (ગોચર) ચરાવા ન મોકલે. કસ્વા એ ઊંટણીને પણ કહે છે જેના કાન, નાક કે હોટનો કોઈ હિસ્સો કપાયેલો હોય, પણ રસૂલે અકરમ ﷺની ઊંટણી કસ્વા એ પ્રકારના કોઈ પણ અયબથી પાક હતી. કસ્વા નામની મુબારક ઊંટણી રસૂલે અકરમ ﷺને ઘણી પ્રિય હતી. એ મહોબ્બતનું કારણ એ હતું કે કસ્વા ઊંટણી ખૂબ જ આજ્ઞાંક્તિ શરીફ સ્વભાવની હતી. ઈસ્લામી ઈતિહાસમાં કસ્વા ઊંટણીનો મહાન મર્તબો છે.

કસ્વા બની કુશૈર કબીલાની ચરાગાહમાં પેદા થઈ. એની રંગત લાલાશ પડતી હતી. જ્યારે કસ્વા ચાર વરસની થઈ તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ એને બની કુરૈશથી ૮૦૦ દિરહમના બદલામાં ખરીદી લીધી. સીરતની કિતાબોમાં છે કે જ્યારે રસૂલે અકરમ ﷺએ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને મદીના મુનવ્વરા હિજરતની ઈજાઝત આપી તો મોટાભાગના સહાબાએ કિરામ હિજરત કરી ગયા, પણ આપ ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને હિજરતથી એવું કહીને રોકી રાખ્યા કે કદાચ અલ્લાહ તઆલા આપના માટે કોઈ સાથીની વ્યવસ્થા કરી આપે. આ સાંભળીને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ હિજરતની તૈયારી શરૂ કરી આપી અને બની કુશૈરથી બે તેજ રફતાર તથા શક્તિવાન ઊંટણીઓ ખરીદી લીધી. એ બંને ઊંટણીઓમાંથી એક કસ્વા હતી.

સહીહ બુખારીમાં છે કે હિજરતના સમયે રસૂલે અકરમ ﷺ અને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ગુફામાં રોકાણ કર્યુ. ત્રણ દિવસ પછી જ્યારે રવાનગીનો સમય આવ્યો તો સિદ્દીકે અકબર رضی اللہ عنہએ રસૂલે અકરમ ﷺની સવારીના માટે ઊંટણી પેશ કરતાં ફર્માવ્યું, "હે અલ્લાહના રસૂલ ! ﷺ આપના પર મારાં મા બાપ કુર્બાન ! આપ એ બે ઊંટણીઓમાંથી કોઈ એક પસંદ કરી લો." આપે ફર્માવ્યું, "હા ! પણ હું એની કિંમત અદા કરીશ !" હઝરત સિદ્દીકે رضی اللہ عنہએ જે ઊંટણી રસૂલે અકરમ ﷺને વેચી તેનું નામ કસ્વા રાખવામાં આવ્યું. આપ ﷺએ તેની કિંમત અદા કરી, પછી એના પર સવાર થઈને મદીના મુનવ્વરા રવાના થયા.

ઉલમાએ કિરામનું કહેવું છે કે હિજરતની સફરમાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી ઊંટણી ખરીદવામાં હિકમત એ છે કે રસૂલે અકરમ ﷺ ચાહતા હતા કે આ મુબારક અને ઐતિહાસિક હિજરતના સફરમાં આપ ﷺ પોતાની જાન તથા માલ વડે હિજરત ફર્માવે. કસ્વાને એ શરફ હાંસલ થયો કે આપ ﷺએ એના પર સવાર થઈને મક્કા મકર્રમાથી મદીના મુનવ્વરા સુધી એ મહાન સફર કર્યો જેને ઈસ્લામી ઈતિહાસમાં હિજરત કહેવામાં આવે છે. આ સફર પછી કસ્વા ઊંટણીને શરફ તથા બુલંદીની કેટલીયે મંઝિલો મળી.

મદીના મુનવ્વરા પહોંચીને રસૂલે અકરમ ﷺએ કુબામાં કયામ ફર્માવ્યો. પછી રસૂલે અકરમ ﷺએ મદીના મુનવ્વરાની તરફ પ્રમાણ કર્યું, જ્યાં પહોંચતાં મદીનાવાસીઓએ રસૂલે અકરમ ﷺનું સ્વાગત કર્યુ. આ મુબારક સફરમાં પણ રસૂલે અકરમ ﷺ કસ્વા પર સવાર હતા.

મૌલાના સફીઉર્રહમાન મુબારકપુરી લખે છે : "અન્સાર જો કે માલદાર ન હતા પરંતું દરેકની એ જ આરઝૂ હતી કે રસૂલે અકરમ ﷺ એને ત્યાં કયામ કરે. જેથી આપ ﷺ અન્સારના જે મકાન કે

મહોલ્લેથી પસાર થતા ત્યાંના લોકો આપ ﷺની ઊંટણીની નકેલ પકડી લેતા અને અર્ઝ કરતા કે આપ અમારા ઘરને ઉતારાનો શરફ બખ્શો, પણ રસૂલે અકરમ ﷺ ફર્માવતા કે ઊંટણીનો માર્ગ છોડી દો, એ અલ્લાહના તરફથી નિયુક્ત છે. *(અર્રહીકુલ મખ્તુમ, પેજ–૨૪૧)*

મતલબ એ છે કે કૂસ્વા ઊંટણી અલ્લાહની તૌફીકૃથી ચાલી રહી છે, તેનો માર્ગ છોડી આપો. તેને જ્યાં હુકમ થશે ત્યાં બેસી જશે. તેમજ ઊંટણીના બેસવાના સ્થળે જ મસ્જિદે નબવીનું બાંધકામ થશે અને ત્યાં જ રસૂલુલ્લાહ ﷺ કૃયામ કરશે.

આ સાંભળીને કૂસ્વાના માર્ગથી હટી ગયા અને આશ્ચર્યભેર તેના હલન ચલનનું નિરીક્ષણ કરતા રહ્યા. કૂસ્વા ચાલતી રહી ત્યાં સુધી કે એ સ્થાને પહોંચીને બેઠી જ્યાં આજે મસ્જિદે નબવી છે. પરંતુ હુઝૂરે અકૃદસ ﷺ નીચે ન ઉતર્યા. કૂસ્વા બીજીવાર ઉઠી અને થોડી દૂર ગઈ. પાછુ ફરીને જોયા બાદ ફરીવાર એ જ સ્થળે આવીને બેસી ગઈ. ત્યારબાદ આપ ﷺ નીચે તશરીફ લાવ્યા. આ આપ ﷺના મોસાળવાળાઓ એટલે બની નજ્જારનો મોહલ્લો હતો. બનૂ નજ્જારના લોકોએ મિઝબાનીનો શરફ હાંસલ કરવાના માટે રસૂલે અકરમ ﷺને અર્ઝ કરી, પણ હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہએ લપકીને કૂસ્વાના કાઠલાને ઉઠાવી લીધો અને પોતાના ઘરમાં લઈ ગયા. એના પર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, માણસ એની કાફલાની સાથે છે.

જેથી હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہને હુઝૂરે અકૃદસ ﷺની મિઝબાનીનો શરફ હાંસલ થયો. આ બાજુ હઝરત સઅદ બિન ઝરાહા رضی اللہ عنہએ આવીને કૂસ્વાની નકેલ પકડી લીધી, જેથી એ મુદ્દત દરમ્યાન કૂસ્વા એમની પાસે રહી.

અલ્લાહ તઆલાએ કૂસ્વાને એ તાકૃત તથા શક્તિ અતા કરી કે તે વહીના બોજને સહન કરી શકે. ઉલમાએ કિરામ કહે છે કે એ જ એકલી સવારી હતી જે વહીનો બોજ સહન કરી શક્તી હતી. આપ ﷺ એના પર સવાર હોતા એવામાં અચાનક આપના પર વહીનું નુઝૂલ થતુ હતું. વહીના ઉતરાણ વખતે આપ ﷺનું શરીર મુબારક પોતાના વજન કરતાં કેટલાયે ગણુ ભારે થઈ જતુ હતું, ત્યાં સુધી કે એની અસર આસપાસની ચીજો પર પણ પડતી હતી.

હઝરત આઈશા સિદ્દીકૃા رضی اللہ عنہا ફર્માવે છે : "રસૂલુલ્લાહ ﷺ પોતાની ઊંટણી પર સવાર હોતા અને અચાનક વહીનું ઉતરાણ થતું. વહીનો એટલો બોજ રહેતો હતો કે અમને એવું લાગતુ કે કૂસ્વાના હાડકાં તૂટી જશે."

વહીના બોજનો અંદાઝો લગાડવા માટે એક અન્ય રિવાયત રજૂ કરીએ છીએ. એકવાર આપ ﷺ હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہની જાંગ પર માથુ મુબારક રાખીને આરામ ફર્માવી રહ્યા હતા એવામાં અચાનક વહીનો નુઝૂલ શરૂ થઈ ગયો. સૈયદના ઝયદ رضی اللہ عنہ કહે છે :

"અલ્લાહની કૃસમ ! કુર્આનના બોજથી નજીક હતું કે મારું હાડકુ તૂટી જાત. હું સમજ્યો કે આજ પછી હું મારા પગો પર ચાલી શકીશ નહીં."

કૂસ્વાને એ શરફ હાંસલ છે કે એને પાંચ મહત્વના મોકૃાઓ પર શિર્કત નસીબ થઈ. રસૂલે અકરમ ﷺ ગઝવએ બદરના માટે એના પર જ સવાર થઈને તશરીફ લઈ ગયા. સુલહે હુદૈબિયા, ઉમરાએ કૃઝા, ફતહે મક્કા તથા હજ્જતુલ વિદાઅના સફરમાં પણ કૂસ્વા શરીક હતી.

ફતહે મક્કાના મોકૃા પર રસૂલે અકરમ ﷺ મક્કા મુકર્રમામાં એ હાલતમાં દાખલ થયા કે તવાઝેઅ તથા ઈન્કેસારી (નમ્રતા)ને કારણે આપનુ માથુ નમેલુ હતું. રિવાયતમાં આવે છે કે રસૂલે અકરમ ﷺએ એટલા પ્રમાણમાં માથુ નમાવી લીધું કે સરે અકૃદસ કૂસ્વાની ખાંધ સાથે અડી રહ્યું હતું. જ્યારે આપ ﷺ મસ્જિદે હરામમાં વિજેતાની હૈસિયતથી દાખલ થયા ત્યારે પણ આપ ﷺ કૂસ્વા પર સવાર હતા. એ વખતે બૈતુલ્લાહની આસપાસ ૩૬૦ મૂર્તિઓ હતી. આપ ﷺના હાથમાં કમાન હતી. આપ ﷺ કમાન વડે મૂર્તિઓને મારતા અને કહેતા, "હક્કૃ આવી ગયું અને બાતિલ નષ્ટ થયું, બાતિલ

જવાવાળી ચીજ છે."

આપ ﷺની ઠોકરથી મૂર્તિઓ ઊંધા મોઢે પડતી. આપ ﷺએ કસ્વા પર સવાર થઈને બયતુલ્લાહનો તવાફ કર્યો.

આપ ﷺ જ્યારે કોઈ સહાબીને કોઈ ચળ વળને માટે પોતાનો સફીર બનાવીને રવાના કરતા તો એને કસ્વા પર મોકલતા હતા. ૯ હિજરી ઝીલ કઅદમાં હુઝૂર ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક રضی اللہ عنہને અમીરે હજ્જ બનાવીને મક્કા મુકર્રમા રવાના કર્યા. કાફલાની રવાનગી પછી સૂરએ તૌબાની પ્રારંભિક આયતો નાઝિલ થાય છે જેમાં મુશ્રિકો સાથે કરવામાં આવેલા કરારોને બરાબરીની બુનિયાદ પર ખત્મ કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો. આ હુકમ આવી ગયા પછી રસૂલે અકરમ ﷺએ હઝરત અલી رضی اللہ عنہને રવાના કર્યા જેથી તે આપ ﷺની તરફથી એલાન કરે અથવા પોતાના ખાનદાનની કોઈ વ્યક્તિ થકી એલાન કરાવે. ખાનદાનની બહારના કોઈ માણસનું કરેલું એલાન સ્વીકારવામાં આવતુ ન હતું. આપ ﷺએ હઝરત અલી رضی اللہ عنہને કસ્વા પર સવાર કર્યો અને મક્કા મુકર્રમાની તરફ રવાના કર્યો.

એક રિવાયતમાં છે કે હઝરત અલી رضی اللہ عنہ કસ્વા પર સવાર થઈને જ્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ સુધી પહોંચે છે તો નમાઝનો સમય થઈ ગયો હતો. તકબીર કહેવામાં આવી હતી અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ જમાઅતની ઈમામત કરવા માટે આગળ વધ્યા જ હતા એવામાં કસ્વાનો અવાજ સંભળાવ્યો. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ જે તકબીર કહેવાની તૈયારીમાં હતા તે અટકી ગયા અને ફર્માવ્યું, આ કસ્વાનો અવાજ છે, કદાચ આપ ﷺ ખુદ તશરીફ લાવ્યા છે. જ્યારે કસ્વા નજીક આવે છે તો એના પર સવાર પણ નજરે પડે છે.

બીજી રિવાયતના પ્રમાણે હઝરત અલી رضی اللہ عنہની હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہથી મુલાકાત અર્જ કે વાદીએ દજનાનમાં થઈ. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ સૈયદના અલી رضی اللہ عنہને કસ્વા પર સવાર જોયા તો પૂછ્યું, અમીર છો કે મામૂર ? હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, મામૂર ! પછી બંનેવ આગળ વધી ગયા.

હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ અમીરે હજની હેસિયતથી લોકોને હજ કરાવ્યો. દસમી તારીખ એટલે કુર્બાનીના દિવસે હઝરત અલી رضی اللہ عنہએ કસ્વા પર સવાર થઈને જમરાની પાસે લોકોમાં એ એલાન કર્યું જેનો હુકમ રસૂલુલ્લાહ ﷺએ આપ્યો હતો. સર્વ કરારવાળાઓનો કરાર ખત્મ કરી આપ્યો અને તેમને ચાર મહિનાઓની મોહલત આપી. જે મુશ્રિકોએ મુસલમાનો સાથે વાયદો નિભાવવામાં ઉણપ ન વર્તી, ન મુસલમાનો વિરૂધ્ધ કોઈની મદદ કરી, તો એમનો કરાર એમની નિશ્ચિત મુદ્દત સુધી યથાવત રાખ્યો. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ સહાબાની એક જમાઅત મોકલીને એ આમ એલાન કરાવ્યું કે હવે પછી કોઈ મુશ્રિક હજ નથી કરી શકતો ન કોઈ નગ્ન થઈને બયતુલ્લાહનો તવાફ કરી શકે છે. આ એલાન સમજો કે અરબદ્વીપથી મૂર્તિપૂજાના ખાત્માનું એલાન હતું.

વિવિધ ચળવળો ઉપરાંત સફર તથા ઉતારા પર મોટાભાગે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની સાથે રસૂલે અકરમ ﷺ કસ્વા પર સવાર રહ્યા. હજ્જતુલ વિદાઅનો સફર પણ આપ ﷺએ કસ્વા પર કર્યો. રિવાયતમાં આવ્યું છે કે ૯ ઝીલ હજ્જના રોજ આપ ﷺના હુકમ પર કસ્વા પર કાઠલો કસવામાં આવ્યો અને આપ ﷺ બતહા વાદીમાં તશરીફ લઈ ગયા જ્યાં એક લાખ ૨૪ હજાર કે એક લાખ ૪૪ હજાર સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَનો મજમો હતો. આપ ﷺએ ત્યાં એક ભરપુર ખુત્બો આપ્યો. આ ખુત્બો હજ્જતુલ વિદાઅના નામથી મશહૂર છે. એ માનવ સમાનતા અને જાત પાતના ખાત્માનો સૌ પ્રથમ ચાર્ટર છે. કસ્વાને એ શરફ હાંસલ છે કે અલ્લાહના રસૂલ ﷺ એ એની પીઠ પર બેસીને સમૃધ્ધ ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો.

"લોકો ! મારી વાત ધ્યાનથી સાંભળો ! કદાચ આ વરસ પછી આ સ્થળે ફરી તમને હું ન મળી શકુ.

તમારુ લોહી અને તમારો માલ એકબીજા પર એવી રીતે હરામ છે જે રીતે તમારા આજના દિવસની, ચાલુ મહિનાની અને આ શહેરની હુર્મત છે. સાંભળી લો ! જાહિલિયતની દરેક ચીજ મારા પગો નીચે કચડી નાખવામાં આવી.

સ્ત્રીઓના બારામાં અલ્લાહથી ડરો ! કેમ કે તમે એમને અલ્લાહથી અમાનતની સાથે લીધી છે અને અલ્લાહના કલમા થકી હલાલ કરી છે.

હું તમારામાં એવી ચીજ છોડીને જઈ રહ્યો છું કે જો તમે તેને મજબૂતીથી પકડી રાખી તો તમે એના પછી કદાપિ ગુમરાહ થશો નહીં, તે છે અલ્લાહની ''કિતાબ'' અને મારી ''સુન્નત''.

તમારાથી મારા બારામાં પૂછવામાં આવનાર છે, તો તમે લોકો શું કહેશો ?''

સહાબાએ કહ્યું કે, ''અમે ગવાહી આપીએ છીએ કે આપ ﷺએ તબ્લીગ કરી આપી, પૈગામ પહોંચાડી આપ્યો અને ખૈર ખ્વાહીનો હક્ક અદા કરી આપ્યો.''

આ સાંભળીને આપ ﷺએ શહાદતની આંગળીને આસ્માનની તરફ ઉઠાવી અને લોકોની તરફ ઝુકાવતાં ત્રણ વખત ફર્માવ્યું, ''હે અલ્લાહ ! ગવાહ રહે.''

યાદ રાખશો કે રસૂલે અકરમ ﷺના સર્વ ખુત્બાઓમાં આ ખુત્બો જે હજ્જતુલ વિદાઅના મોક઼ા પર ઈર્શાદ ફર્માવવામાં આવ્યો, એ આપ ﷺનો સૌથી લાંબો ખુત્બો છે.

મૌલાના સફીઉર્રહમાન મુબારકપુરી લખે છે ! ''ખુત્બો ઈર્શાદ ફર્માવીને અને ઝહોર તથા અસરની નમાઝથી ફારિગ થયા બાદ આપ ﷺ વકૂફની જગાએ તશરીફ લઈ ગયા. ક઼સ્વાનું પેટ પથ્થરોની તરફ કર્યું અને જબલે મશાતને સામે કર્યો અને કિબ્લા રૂખ કરી વકૂફ કર્યો. ત્યાં સુધી કે સૂરજ ડૂબવા લાગ્યો. ત્યાર બાદ રસૂલે અકરમ ﷺ ક઼સ્વા પર સવાર થયા અને હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہને પાછળ બેસાડયા. ત્યાંથી મુઝદલ્ફા તશરીફ લઈ ગયા.

રસૂલે અકરમ ﷺને ક઼સ્વા એટલા પ્રમાણમાં પ્રિય હતી કે તેને અન્ય ઊંટણીઓની જેમ ખૂંટી સાથે બાંધવામાં આવતી ન હતી, બલ્કે એને ખુલ્લી છોડી દેવામાં આવતી હતી. ક઼સ્વાનુ ક઼ાયમી રહેઠાણ જન્નતુલ બક઼ીઅની નજીક એક ચરાગાહ હતું. ક઼સ્વા ત્યાં આસપાસની ઝાડીઓથી ચરતી હતી. રસૂલે અકરમ ﷺ ક઼સ્વાને પ્યારથી કદીક ''જોદઆ'' પણ કહીને બોલવતા, ક્યારેક ''કદ઼બા'' અને કદીક ''અસ્બા'' કહેતા. મતલબ આ સૌ ક઼સ્વાનાં નામો છે. ક઼સ્વાને ઊંટોની દોડ હરીફાઈમાં કદીક શરીક કરવામાં આવતી હતી.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહે છે, ''જ્યારે કદી ક઼સ્વાને ઊંટોની દોડ હરીફાઈમાં શરીક કરવામાં આવી તો ક઼સ્વા હમેશાં દોડમાં બાજી મારી ગઈ.''

હઝરત સઈદ બિન મુસૈયબ رضی اللہ عنہ કહે છે કે એકવાર દોડના મુક઼ાબલામાં ક઼સ્વા પાછળ રહી ગઈ અને બીજી ઊંટણી એનાથી આગળ નીકળી ગઈ. એના પર મુસલમાનોને અફસોસ થયો. જ્યારે નબી કરીમ ﷺને માલૂમ થયું તો આપે ફર્માવ્યું, ''દુનિયાની ચીજોમાં જે ચીજને લોકો ખૂબ જ વધુ પ્રમાણમાં ઉચ્ચ મક઼ામ આપવા માંડે છે, તો અલ્લાહ તઆલા જરૂર એને એના સ્થાનેથી ઉતારે છે.''

ક઼સ્વા રસૂલે અકરમ ﷺની ખિદમતમાં ૧૧ વરસ સુધી રહી. આપ ﷺની વફાત જેવી રીતે સર્વ સહાબાએ કિરામના માટે મહાન સદમો હતી તેવી જ રીતે ક઼સ્વાના માટે પણ મહાન મુસીબતથી ઓછી ન હતી. સહાબાએ કિરામ આ સદમામાંથી બહાર નીકળી આવ્યા પણ ક઼સ્વાથી રસૂલે અકરમ ﷺની જુદાઈ સહન ન થઈ શકી. ગમની સખ્તીના કારણે ખુદ પોતાનો બોજ ઉઠાવવાને લાયક ન રહી. ક઼સ્વાએ ખાવા પીવાનું ત્યજી દીધું, આંખોએથી સતત આંસૂ વહેતાં રહેતાં હતાં ત્યાં સુધી કે સહાબાએ કિરામે એના પર રહમ ખાઈને તેની આંખો પર પટ્ટી બાંધી દીધી. રસૂલે અકરમ ﷺના વિસાલ પછી ક઼સ્વા પર કોઈ સવાર ન થયું. પછી હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ખિલાફતનું એક વરસ પણ પૂરું ન થયું હતું કે ક઼સ્વા પણ આ દુનિયાથી રૂખસદ થઈ ગઈ.

*(હવાલો : મંથલી નૂરૂલ હબીબ-પાક, ફેબ્રુ-૨૦૧૬)*

# મદ્રસાઓમાં તલબાના અખ્લાક઼ી ધોરણનું ધોવાણ !

અઝ : **મૌલાના અબ્દુલ મુબીન નોઅમાની મિસ્બાહી**
અનુવાદક : **મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

ઈસ્લામી મદ્રસાઓ સબંધી ઘણી બધી વાતો નોધપાત્ર છે. આજે એ વાત પર ઘણુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે કે ઈસ્લામી મદ્રસાઓને આધુનિક જરૂરતો પ્રમાણે ચલાવવામાં આવે અને અહિંયાંના ફારિગ થનાર કોઈ મેદાનમાં કોલેજ અને યુનિવર્સિટીથી નીકળનારાઓથી કમ ન હોય. જાહેર છે કે આ પ્રકારની વાતો કરવી તો આસાન છે પરંતુ તેમને અમલમાં લાવવી ઘણી મુશ્કેલ છે. હા ! એટલી હદ સુધી તો પરિવર્તન લાવી શકાય છે અને પરિવર્તન લાવવામાં આવી પણ રહ્યું છે કે મદ્રસાના તલ્બા અન્ય જ્ઞાન વિદ્યાઓ અને ઉર્દૂ, અરબી, ફારસી ભાષાઓની સાથે અંગ્રેજી, હિન્દી અથવા પ્રાંતિય ભાષાઓ જેમ કે ગુજરાતી, બંગલા, મરાઠી વગેરેમાં જરૂર પૂરતી સમજ મેળવવામાં ધ્યાન આપે. હું સમજુ છું કે અધિકતમ મદ્રસાઓમાં તેના પર અમલ થઈ રહ્યો છે, માટે વારંવાર એ રટ લગાવવી કે મદ્રસાઓને આધુનિક જરૂરતો પ્રમાણે કરવાની જરૂરત છે એ બિલ્કુલ નિરર્થક છે. **આવી ફુઝૂલ વાતો એ જ લોકો કરે છે જે દુનિયાને દીન પર પ્રાથમિકતા આપે છે, જેઓ દીની જરૂરતોથી અજ્ઞાન છે, તેઓ જે રંગમાં રંગાએલા છે સૌને એ જ રંગમાં રંગવા ઈચ્છે છે.** કુર્આન ફર્માવે છે : અલ્લાહનો રંગ અને અલ્લાહથી ઉત્તમ કોનો રંગ ! *(સૂ. બક઼રહ, પારા-૨, આ-૧૩૮)*

## ★ દીની મદ્રસાઓનો હેતુ સાચવો ★

એટલે અલ્લાહના દીનનો રંગ તેના રસૂલ ﷺની સુન્નતોનો રંગ કે તેનાથી વધીને ઉત્તમ કોઈનો રંગ નથી. પરંતુ **આ પશ્ચિમવાદીઓ અને નવી સંસ્કૃતિનો મોહ રાખનારાઓ દીનદારોને પોતાના રંગમાં રંગવા ઈચ્છે છે.** એટલા જ માટે બહેકેલી વાતો કરે છે. દુનિયવી જરૂરતો પ્રમાણે દુનિયવી અને આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરવાથી તો ઈસ્લામ નથી રોકતો પરંતુ તેનો અર્થ હરગિઝ એ નથી જે ઈલ્મે દીન પ્રાપ્ત કરવામાં લાગેલ છે અને તેમાં પરિપકવતા મેળવી રહ્યો છે તેમની વ્યવસ્થામાં ખલેલ નાખવામાં આવે, પછી તેઓ કોઈ બાજુના ન રહે, ન દીનના ન દુનિયાના !

સ્પષ્ટ છે કે આ દીનને નુકસાન પહોચાડવું છે, જાણીબુજીને હોય અથવા અજાણતામાં હોય. એટલા માટે દીની મદ્રસાઓનો જે હેતુ છે તેમને તેના માટે જ રહેવા દેવા જોઈએ.

જો કોઈને દીની મદ્રસાઓથી હમદર્દી છે તો મદ્રસાઓની તા'લીમ વ્યવસ્થાને સુધારવાનો મશ્વરો આપે, મેઅયારી (સ્ટાન્ડર્ડ કક્ષાની) તા'લીમ કઈ રીતે વિકાસ પામે, તેના માટે શું કરવું જોઈએ તેના પર ધ્યાન આપવામાં આવે, મદ્રસાઓમાં શિષ્ટાચારનું ધોરણ કેવું છે ? તેનું વિશ્લેષણ થવું જોઈએ અને આ બાબતે જે કમી આવી હોય તેને દૂર કરવા માટે ભરપૂર પ્રયાસ કરવામાં આવે.

## ★ જીવનનો હેતુ જ અલ્લાહની રઝા પામવાનો હોવો જોઈએ ★

ઈલ્મનો મક઼સદ કેવળ ઈલ્મ પ્રાપ્તિ અથવા ધન કમાવું ન હોવો જોઈએ. ઈલ્મનો મૂળ મક઼સદ અલ્લાહ તઆલાની ખુશી અને મખ્લૂક઼ની હિદાયત છે, તેના માટે અખ્લાક઼ી ધોરણનો વિકાસ પણ જરૂરી છે. પ્રાથમિક રીતે ઉસ્તાદ હોય કે તાલિબે ઈલ્મ, પોતાને

ઉચ્ચ સંસ્કારોથી સજ્જ કરે પછી અન્ય લોકોમાં સદવર્તન અને સારા અખ્લાક઼ પેદા કરવાની કોશિશ કરે. આ બાબતો એટલી અગત્યની અને અનિવાર્ય છે કે ઈલ્મે દીન હાંસલ કરવામાં તો તેમનો લેહાઝ અત્યંતની જરૂરી છે. કારણ કે બંદએ મો'મિનનું સંપૂર્ણ જીવન અલ્લાહ તઆલાની રઝા માટે હોવું જોઈએ. કુર્આને હકીમે આ આયતમાં એ જ હક઼ીક઼ત તરફ નિર્દેશ કર્યો છે : "તમે ફર્માવો ! બેશક ! મારી નમાઝ અને મારી કુર્બાનીઓ અને મારું જીવવું મરવું સૌ અલ્લાહ માટે છે, જે પાલનહાર છે સર્વ જહાનનો." *(સૂ. અન્આમ, પા–૮, આ–૧૧૨)*

હકીમુલ ઉમ્મત અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃاللہعلیہ આ આયતના હેઠળ ફર્માવે છે :

"એટલે મારું જીવન દુનિયવી જીવન નથી બલ્કે દીની જીવન છે. દુનિયવી જીવન તે છે જે રબથી ગાફેલ કરે અને દુનિયવી કારોબારમાં વ્યતિત થાય. અલ્લાહના માટે જીવન તે છે જે રબનાં કામો માટે વક઼્ફ હોય, જીવે તો દીનની ખિદમત અને રબની યાદમાં જીવે અને મૃત્યુ પામે તો રબની ઈતાઅત કરતો. *(તફસીરે નૂરૂલ ઈર્ફાન–૨૩૮)*

આ આયતે પાક બતાવી રહી છે કે મો'મિનનું દરેક કામ ચાહે દીનનું હોય અથવા જાહેરી રીતે દુનિયાનું હોય પરંતુ દરેકમાં હેતુ અલ્લાહ તઆલાની રઝા અને આખેરતની ભલાઈ જ હોવી જોઈએ, ઈલ્મે દીનનો મક઼સદ દુનિયા મેળવવાનો હોય તો તે ઘણુ જ નિંદાને પાત્ર છે.

## ★ તે જન્નતની ખુશ્બુ પામશે નહીં ! ★

હદીષે પાકમાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. તેઓએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : જેણે તે ઈલ્મોમાંથી થોડોક ઈલ્મ હાંસલ કર્યો જેનાથી અલ્લાહની રઝા તલબ કરવામાં આવે છે (અર્થાત દીની ઈલ્મો) તે તેને કેવળ એટલા માટે પ્રાપ્ત કરે કે તેનાથી દુનિયા કમાય તો તે ક઼યામતના દિવસે જન્નતની ખુશ્બુ નહીં પામે. આ હદીષને ઈમામ અહમદ, અબૂ દાઉદ અને ઈબ્ને માજાએ રિવાયત કરી છે. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૩૮, કિતાબુલ ઈલ્મ)*

અર્થાત : **ઈલ્મે દીન જેવા પવિત્ર ઈલ્મને તુચ્છ દુનિયા પ્રાપ્ત કરવાનું માધ્યમ બનાવે તે જન્નતની ખુશ્બુથી મેહરૂમ રહેશે.** અને જો તે આને જાઈઝ પણ સમજે કે ઈલ્મે દીન કેવળ દુનિયા કમાવાની વસ્તુ છે તો તેનો હુકમ ઘણો જ સખત થશે, એટલે દીન અને અને ઈલ્મે દીનની તૌહીન કરવાનો તેના પર આક્ષેપ આવશે, અને આ કુફ્ર છે. અને દુનિયાની મહોબ્બતના કારણે આવી નિય્યત છે તો અર્થ એ થશે કે જન્નતમાં પ્રથમ પ્રવેશવાવાળાઓમાં તેની ગણના નહીં થાય. ઈમાન હશે તો જન્નતમાં છેવટમાં જશે. પરંતુ જન્નતમાં જતા પહેલાં જન્નતની ખુશ્બુથી મેહરૂમ રહેશે, જ્યારે કે હદીષથી સાબિત છે કે જન્નતની ખુશ્બુ પાંચસો વરસના અંતરથી અનુભવાશે. તો આ પણ ઘણી મોટી મેહરૂમી છે. હા ! દુનિયાની સાથે સાથે મૂળ હેતુ અલ્લાહની રઝા અને દીનની ખિદમત હોય તો કોઈ વાંધો નથી. પરંતુ ઉચ્ચ દરજ્જો તેનો જ છે જે ખાલિસ અલ્લાહની રઝા માટે ઈલ્મે દીન પ્રાપ્ત કરે છે અને અલ્લાહના ફઝ્લ પર ભરોસો રાખે છે કે તે મૌલાએ રઝ્ઝાક઼ તેના દીનની ખિદમત કરનાર અને તેની રઝાના તાલિબને દુનિયાના અસ્બાબથી પણ મેહરૂમ નહીં રાખે. અને તેના ફઝ્લથી થાય પણ એમ જ છે. શૈખ સઅદીએ સાચે જ કહ્યું છે :–

*દોસ્તાં રા કુજા કુની મેહરૂમ*
*તૂ કે બા દુશ્મનાં નઝર દારી*

**ભાવાર્થ** : પોતાના પ્યારાઓને તું કેમ કરીને મેહરૂમ રાખીશ જ્યારે કે દુશ્મનોને પણ નવાઝે છે.

રોજી માટે કોશિશ કરવી તવક્કુલ વિરૂધ્ધ નથી. હદીષમાં છે : તમારૂ સૌથી પવિત્ર (ઉત્તમ) ખાણુ તે છે જે તમે મહેનતથી કમાવ. *(સુનને તિર્મિઝી, મિશ્કાત–૨૪૨)*

## ★ તે પોતાનુ ઠેકાણુ જહન્નમ બનાવી લે ! ★

તલબે ઈલ્મમાં ઈખ્લાસ અને લિલ્લાહિયત વિશે એક અન્ય હદીષ ઈમામ તિર્મિઝી પોતાની સુનનમાં

નક્લ ફર્માવે છે :–

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : જેણે કોઈ ઈલ્મ અલ્લાહ સિવાય અન્ય કોઈ માટે પ્રાપ્ત કર્યો અથવા તે ઈલ્મથી અલ્લાહ સિવાય અન્યનો ઈરાદો કર્યો તો પોતાનુ ઠેકાણુ જહન્નમ બનાવી લે. (અર્થાત : આવો આદમી પોતાના હાથે જહન્નમને પાત્ર ઠરે છે.) *(સુનને તિર્મિઝી–૨/૯૦, કિતાબુલ ઈલ્મ)*

આ હદીષો વર્ણવવાનો હેતુ એ છે કે આજે આપણી દ્રષ્ટિમાંથી તાલીમનો મક્સદ લુપ્ત થઈ ગયો છે. ઈલ્મે દીન શીખવા અને શીખવવાનો હેતુ કેવળ ધન દૌલતની કમાઈ જ રહી ગયો છે *(ઈલ્લા માશાઅલ્લાહ !)*

### ★ આજે મદ્રસાઓની શું હાલત છે ?! ★

તાલિબે ઈલ્મ પણ એટલા માટે પઢે છે કે આગળ ચાલી મોટા પગારોના માર્ગ મોકળા થશે, અને ઉસ્તાદ પણ એ જ હેતુથી પઢાવે છે કે અધિકથી અધિક પગાર મેળવે. અમુક તો એ માટે અયોગ્ય હરકતો પણ કરે છે, રિશ્વતોની લેણદેણ પણ શરૂ કરી દે છે, પછી અધિકતમ એ પણ થાય છે કે પઢાવવું તો નામ માત્રનું હોય છે, બસ ડયૂટી કરવી અને પગાર લેવો જ અસલ કામ બનીને રહી જાય છે. તો આવા પઢવા અને પઢાવવાવાળાઓથી એ આશા રાખવી જ બેકાર છે કે એ લોકો અખ્લાકી ધોરણોને વિકાસ આપશે અને અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર (નેકીનો હુકમ આપવો અને બુરાઈથી રોકવું) પર અમલ કરશે અથવા કરાવશે.

વિના સંકોચે એ વાત કહી શકાય છે કે આજે મદ્રસાઓમાં અખ્લાક માત્ર પઢાવવામાં જ આવે છે તેના પર અમલ કરવા ઉપર ખૂબ ઓછુ ધ્યાન આપવામાં આવે છે, જ્યારે કે અખ્લાક પઢવા પઢાવવા કરતાં અધિક અમલ કરવાની વસ્તુ છે.

### ★ અખ્લાક શું છે અને તેના ફાયદા ★

અખ્લાકની વ્યાખ્યા સદવર્તન અને શિષ્ટ તથા શિષ્ટાચાર કરવામાં આવે છે, જ્યારે કે અખ્લાકનો મૂળ અર્થ છે ઉત્તમ આદતોથી પોતાને સજ્જ કરવું અને બુરી આદતોથી દૂર રહેવું. અખ્લાકની સંપૂર્ણ વ્યાખ્યા આ જ છે. અહાદીષે પાકમાં સારા અખ્લાક અપનાવવા પર ઘણી તાકીદ કરવામાં આવી છે અને જે સારા અખ્લાકવાળો હોય તેને ઉત્તમ કહેવામાં આવ્યો છે. અખ્લાકે હસનાની ફઝીલત અને મહત્વતા પર આધારિત અમુક હદીષો ટૂંકમાં વર્ણવવામાં આવે છે જેમાંથી અમુક અખ્લાકી ધોરણ પર આધારિત છે અને એ કે અખ્લાકથી શું મુરાદ છે ?

### ★ સદવર્તન વિશે અહાદીષે રસૂલ ﷺ ★

(૧) તમારામાં સૌથી અધિક મને પ્રિય તે છે જેના અખ્લાક સારા હોય. *(બુખારી)*

(૨) તમારામાં સારા તે છે જેમના અખ્લાક સારા હોય *(બુખારી, મુસ્લિમ)*

(૩) ઈમાનમાં અધિક સંપૂર્ણ તે લોકો છે જેમના અખ્લાક સારા હોય. *(અબૂ દાઊદ)*

(૪) ઈન્સાનને સદવર્તનથી ઉત્તમ કોઈ ચીજ આપવામાં નથી આવી. *(સુનને બયહકી)*

(૫) કયામતના દિવસે મો'મિનના મીઝાનમાં સૌથી વજનદાર જે વસ્તુ રાખવામાં આવશે તે સારા સંસ્કાર છે અને અલ્લાહ તઆલા તે ઈન્સાનને દોસ્ત (પ્રિય) નથી રાખતો જે બિભત્સવાણીવાળો અને બદઝબાન હોય. *(તિર્મિઝી)*

(૬) મો'મિન પોતાના સારા અખ્લાકના કારણે કાઈમુલ્લૈલ (રાતોમાં નમાઝ અને ઈબાદતમાં વ્યસ્ત રહેનાર) અને સાઈમુન્નહાર (દિવસમાં રોઝા રાખનાર)નો દરજ્જો મેળવી લે છે. *(સુનને અબૂ દાઊદ)*

(૭) મો'મિન ધોકો ખાય જનાર હોય છે (અર્થાત નેકીના કારણે ધોકો ખાય જાય છે બુધ્ધિહિન હોવાના કારણે નહીં) અને ફાજિર ધોકો આપનાર લઈમ એટલે કે બુરા અખ્લાકવાળો

હોય છે. *(ઈમામ અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)*

(૮) અલ્લાહની ડર ! તું જ્યાં પણ હોય, અને બુરાઈ થઈ જાય તો તેના પછી નેકી કર કે આ (નેકી) તે (ગુનાહ)ને મિટાવી દેશે. લોકો સાથે સારા અખ્લાક઼થી વર્તન કર્યા કર. *(ઈમામ અહમદ, તિર્મિઝી, દારમી)*

(૯) હું એટલા માટે મોકલવામાં આવ્યો કે સારા અખ્લાક઼ને સંપૂર્ણ કરી દઉં. *(ઈમામ માલિક, અહમદ)*

અર્થાત હું એટલા માટે મોકલવામાં આવ્યો છું કે વાણી અને વર્તનમાં અખ્લાક઼ના સર્વ દરજ્જા લોકો સમક્ષ રજૂ કરી દઉં. *(બહારે શરીઅત ભાગ–૧૬)*

## ★ ઈસ્લામી મદ્રસાઓની જવાબદારીઓ શું છે ? ★

હવે આ હદીષોની રોશનીમાં ઈસ્લામી મદ્રસાઓની સારી રીતે ચકાસણી કરી શકાય છે કે આ મદ્રસાઓ અર્થાત ત્યાંના ઉસ્તાઝ, કમિટી સભ્યો અને તલ્બા આ હદીષો પર કેટલો અમલ કરે છે. જ્યારે આ મદ્રસાઓ ઈસ્લામી તાલીમાતના કેન્દ્રો છે, તલ્બા માટે તર્બિયતનું સ્થળ છે, દીની બાબતોમાં મુસલમાનોને તેમનાથી આશા હોય છે. જો મુસલમાનો અહિંયાંથી નિરાશ થઈ ગયા, તલ્બા અહિંયાં તર્બિયતથી વંચિત થઈ ગયા તો પછી મુસલમાનોનો શો હાલ થશે ?! ગૈર મુસ્લિમો હલાલ હરામમાં તફાવતથી સદંતર અજ્ઞાત અન અખ્લાક઼ી ધોરણથી ના વાકેફ છે. હુકૂમત પાસે પણ તેનું નિવારણ કરવા માટે કોઈ યોજના નથી. જ્યાં જુગાર, શરાબ અને વ્યભિચારની અનુમતિ આપવામાં આવે ત્યાંથી ઈન્સાની હમદર્દી, હયા, સારા ચરિત્ર અને સત્ય તથા વાયદાપાલન જેવા સંસ્કારોની આશા રાખવી નિરર્થક છે. એટલા માટે ઈસ્લામી અને દીની મદ્રસાઓની જવાબદારી વધી જાય છે. એ તો ઈસ્લામના એવા દર્પણ હોવા જોઈએ કે ગૈર મુસ્લિમો તેમના કિરદારથી પ્રભાવિત થઈને ઈસ્લામથી કરીબ થાય અને ઈસ્લામ વિરૂધ્ધ ફેલાવામાં આવેલી ગલત ફેહમીઓ દૂર થાય. પરંતુ સ્થિતિ આનાથી વિપરિત છે. ઈલાહાબાદની એક મુસ્લિમ ખાતૂને જણાવ્યું કે ઈલાહાબાદ અરબી ફારસી બોર્ડની ઓફિસમાં કામ કરનાર એક ગૈર મુસ્લિમે કહ્યું કે, ''પહેલાં તો અમે દાઢી ટોપીવાળાઓને જોઈને તેમની ઘણી ઈજ્જત કરતા હતા, પરંતુ જ્યારે આ ઓફિસમાં કામ કરવાનો સંયોગ થયો તો તેમની કરણીઓ અને ધોકાબાજીઓ જોઈને હવે તેમનાથી નફરત થવા લાગી છે !''

હાલમાં એક સાહબે અન્ય આ જ પ્રકારનું એક ગૈર મુસ્લિમ ઓફિસરનું મંતવ્ય વ્યક્ત કર્યું. હવે આ સંજોગોમાં જો ગૈરોની નજરમાં મુસલમાન બેઈજ્જત થતા નજર આવે તો એમાં આશ્ચર્યની શું વાત છે ! આને જ કહે છે, પોતાના પગો પર પોતે કુહાડ઼ી મારવી !

## ★ એડેડ મદ્રસા લાંચ વહેવારના કેન્દ્રો ! ★

પહેલાં બિહારના મદ્રસાઓ વિશે સાંભળવામાં આવ્યું હતું કે ત્યાં સરકારી મદ્રસાઓમાં બેઈમાની બહુ થાય છે પરંતુ હવે એમ લાગે છે કે યુપી બિહારથી પણ આગળ નીકળી ગયું છે અને બિહારવાળા પાછળ રહી ગયા છે ! એ જ જુઓ કે હવે એડેડ મદ્રસા પૂરા જોરશોરથી લાંચ લઈ રહ્યા છે. પહેલાં તો સરકારી ઓફિસોમાં કામ કરનારા બદનામ હતા. **હવે ખુદ મદ્રસાના જિમ્મેદારો જ લાંચ રુશ્વતનું બજાર ગરમ કરીને બેઠા છે ! ૧૫ લાખ તો સામાન્ય વાત છે એક મદ્રસામાં સાંભળ્યું છે કે ૨૫ લાખ લાંચરૂપે લેવામાં આવ્યા ! આવા મદ્રસાઓને તો પોતાનુ નામ દર્સગાહથી બદલીને રિશ્વતગાહ કરી લેવું જોઇએ** ! અને મજાની વાત તો એ છે કે જો કોઈ તેના વિરૂધ્ધ અવાજ ઉઠાવે તો તે બેવકૂફ બને છે, તેની મજાક ઉડાવવામાં આવે છે.

## ★ આને પણ દીની મદ્રસા કહેવાશે ?! ★

(બીજી દુઃખની વાત એ છે કે) નમાઝોની

પાબંદીથી મદ્રસા આઝાદ થઈ રહ્યા છે. તલ્બા એક દિવસ નમાઝમાં હાજર ન હોય તો કોઈ પૂછનાર નથી, હા ! દર્સગાહમાં હાજર ન રહે તો કોઈ ખાસ કારણથી હોય તો તેમને ડિસ્કાર્ડ કરી દેવામાં આવે છે. અને ઘણા મદ્રસા તો એવા છે જ્યાં તલ્બાની હાજરી બિલ્કુલ માફ છે ! બસ, મદ્રસાનુ માળખુ ઉભુ છે અને રજીસ્ટરમાં હાજરીઓ બનતી જાય છે અને તે પણ અમુક દિવસમાં કેટલાય દિવસોની હાજરી બનાવી લેવામાં આવે છે. અને આમ તેમ પગાર કાઢીને ખર્ચ થવા લાગે છે. એની ફુરસત ક્યાં કે એ વિચારે કે આ પગાર જાઈઝ પણ છે કે નહીં ! એમ લાગે છે કે હવે હલાલ હરામની ચિંતા બિલ્કુલ રૂખ્સત થઈ ગઈ છે.

## ★ મદ્રસાઓની ખામીઓ અને તેના ઈલાજ ★

હવે ટૂંકમાં અમુક એવી ખામીઓ તરફ નિર્દેશ કરવામાં આવે છે કે જે મદ્રસાઓમાં સામાન્ય થઈ ગઈ છે, અને અધિક અંધકારમય ભાવિનો સંકેત આપે છે. સર્વાધિક ખરાબીઓ તો સરકારી (એડેડ) મદ્રસાઓમાં હોય છે પરંતુ અન્ય પ્રાઈવેટ મદ્રસાઓમાં પણ ઘણી વિષમતા આવી ગઈ છે. જેમ કે :–

**(૧)** ઘણી સંખ્યા એવા મદ્રસાઓની છે જ્યાં નમાઝની પાબંદી માટે કોઈ વ્યવસ્થા નથી, ન તલ્બામાં, ન ઉસ્તાદોમાં. અમુક ઉસ્તાદોને તો એ પણ કહેતાં જોવામાં આવ્યા કે અમે તલ્બાને કિતાબ પઢાવવા આવ્યા છે, નમાઝ પઢવા–પઢાવવાની અમારી ડયૂટી નથી ! એ અમારી અંગત બાબત છે, પઢીએ, ન પઢીએ ! મદ્રસાના જિમ્મેદારોને આ બાબતે કાંઈક કહેવાનો કોઈ અધિકાર નથી. આવા લોકોની શું સજા છે, સમજદારો સારી રીતે જાણે છે.

**(૨)** તલ્બામાં ઉસ્તાદો અને મોટા લોકોનો જે અદબ મદ્રસાઓની વિશિષ્ટતા હતી તે ઘણી જ ઝડપથી સમાપ્ત થતો જઈ રહ્યો છે, તેના ઉપર પર ધ્યાન આપવાની જરૂરત છે અને મદ્રસાઓમાં સ્ટાફનો જે ખત્મ ન થનાર સિલસિલો ચાલી પડયો છે તેનું એક સૌથી મોટું કારણ આ જ બેઅદબીનો માહોલ છે, જ્યારે કે માઝીમાં આની કલ્પના પણ ન હતી. આ મોટી ખરાબીને દૂર કરવા માટે પ્રબળ પગલા લેવાની જરૂરત છે.

**(૩)** ઉસ્તાદો કુર્આનની આયતો, હદીષો અને ફિક્હનો જે દર્સ આપે છે એમણે જોઈએ કે તેના પર પોતે અમલ કરવાની કોશિશ કરે અને પછી તલ્બાને પણ તાકીદ કરે કે તેઓ પણ કેવળ પઢવા તથા સાંભળવા પર બસ ન કરે અને માત્ર ઈમ્તેહાનમાં પાસ થવા માટે દર્સ ન લે બલ્કે પોતાનાં દિલમાં પણ એને જગા આપે અને દિલો દિમાગમાં વસાવીને અમલ કરવાની કોશિશ પણ કરે કે એ જ ઈલ્મે દીન પ્રાપ્ત કરવાનો મૂળ હેતુ છે.

**(૪)** મદ્રસાના જિમ્મેદારો અને ખાસ રીતે નાઝિમ સાહેબો વિશે સાંભળવામાં આવે છે કે તેઓ મુદર્રિસીન સાથે બદ્સુલૂકીથી પેશ આવે છે અને તેમનું વર્તન હાકિમો જેવું હોય છે. જે ઉલ્મા, હુફ્ફાઝ અને દીનદાર મુલાઝિમો (કર્મચારીઓ) સાથે હરગિઝ ઉચિત નથી બલ્કે બદ્સુલૂકી અને હક્કતલ્ફી તો આમ મુસલમાન સાથે પણ જાઈઝ નથી.

**(૫)** મદ્રસાના પ્રબંધકોથી કંઈક અધિક મુદર્રિસો અને કર્મચારીઓમાં બેઈમાની જોવા મળે છે. જેમ કે સમયસર ન આવવું અને પૂરા સમયની સિગ્નેચર કરી દેવી, તંદુરસ્તી હોવા છતાં પોતાને બીમાર જાહેર કરવું, જૂઠી મેડિકલ સર્ટિફિકેટ બનાવી બીમારીની છૂટ્ટી લેવી. દર્સગાહમાં તા'લીમ સિવાયના કાર્યોમાં સમય વેડફવો અને કદી કોઈ અંગત વ્યસ્તતાના કારણે સબક્માં ગેપ કરવી. અમુકને તો એમ પણ કરતાં જોવામાં આવે છે કે રજીસ્ટરમાં હાજરી બતાવી પોતાના કામથી નીકળી પડે છે અને તલ્બાનું નુકસાન કરી બેસે છે અને હાજરીના લીધે પગાર પણ મેળવે છે. ઉસ્તાદો જો વિચારે તો તેમનું ઝમીર ખુદ તેમને મલામત કરશે (કોસશે), આખેરતના હિસાબનો ડર તેમનાં દિલમાં સમાય જાય તો જરૂર આવી હરકતોથી તૌબા કરશે.

*–ક્રમશઃ*

*(હવાલો : અશરફિયા મંથલી–મુબારકપુર, ફેબ્રુઆરી–૨૦૧૬)*

# બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

## :: શાદી મુબારક ::

**સૂરત** :– મુકામે જનાબ હાફિઝ મુહમ્મદ અમીન રઝવી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–સૂરત)ની નેક દુખ્તર "કારિયા રૂકૈયા ફાતિમા"ના નિકાહ તા. ૨૭/૧૨/૨૦૧૫ રવિવારના રોજ શેખ ગુલામ મુસ્તફા (ભેસ્તાન આવાસ) સૂરતના નેક ફરઝંદ હાફિઝ મુહમ્મદ સાજિદ સાથે રાખવામાં આવ્યા. જેમા ઉલમા, અઈમ્મા, મુબલ્લિગોએ ખાસ હાજરી આપી હતી. ભરૂચ (દયાદરા)થી પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી બરકાતે ખ્વાજા (માસિક), નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, ગુજરાત ઝોન), તથા અન્ય મુબલ્લિગો વગેરેએ હાજરી આપી હતી.

**ભરૂચ** :– મુકામે ઈસ્માઈલ મુહમ્મદ વટાનીયા કોલવણાવાળાના નેક ફરઝંદ મુહમ્મદસાબિરના નિકાહ ભરૂચ નિવાસી અ. રહીમ પટેલ માંચવાલાની નેક નેદુખ્તર સુમૈયા સાથે તા. ૨૪/૧/૨૦૧૬ના રોજ તેમજ નેક ફરઝંદ શાહિદ હુસૈનના નિકાહ યુસૂફ મુહમ્મદ વટાણીયાની નેક દુખ્તર સમીરા સાથે તા. ૨૫/૧/૨૦૧૬ થયા. દાવતે વલીમા ૨૬/૧/૨૦૧૬ મંગળવારે રાખવામાં આવી હતી.

**અંકલેશ્વર** :– મુકામે રહમત પાર્ક ખાતે હફીઝુલ્લાહ આર શેખ (સીટી ચેનલ)ની નેક દુખ્તર હુમૈરાના નિકાહ મુહમ્મદ યૂનુસ કરીમ શેખના નેક ફરઝંદ સુલ્તાન અહમદ સાથે તા. ૬/૨/૨૦૧૬ના રોજ રાખવામાં આવ્યા.

**હાડગુડ** :– જનાબ સૈયદ હાજી આરિફહુસૈનની નેક દુખ્તર નસ્રીનબાનુના નિકાહ ઝાકિરઅલી (S/o. સૈયદ યાવરઅલી અમીર અલી–બોરસદ) સાથે તથા નેક દુખ્તર નઈશ્માબાનુના નિકાહ રિયાઝઅલી ((S/o. સૈયદ મેહબૂબઅલી નન્નામિયાં–આણંદ)સાથે તા. ૭/૨/૨૦૧૬, ૨૭–રબિ.આખર, હિ. ૧૪૩૭ના રોજ રાખવામાં આવ્યા.

**સૂરત** :– મુકામે દારૂલ ઉલૂમ અન્વારે રઝા–નવસારીના નાઝિમે આ'લા જનાબ મૌલાના ગુલામ મુસ્તફાના નેક ફરઝંદ હાફિઝો કારી મુહમ્મદ મુર્તઝાના નિકાહ આલિમા ફાઝિલા ઝિયાજહાન ((D/o. ગુલામ અહમદ મોલ્વી) સાથે તા. ૧૨/૨/૨૦૧૬ના રોજ મોલ્વી સ્ટ્રીટમાં રાખવામાં આવ્યા જેમાં ઘણા ઉલમા, હુફ્ફાઝ, અઈમ્મા વગેરેએ હાજરી આપી હતી. મુફતીએ મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મુફતી મુજીબ અશરફ સાહબ (ખલીફાએ મુફતીએ આ'ઝમ)એ નિકાહ પઢાવ્યા હતા. બીજા દિવસે વલીમાની દાવત થઈ હતી.

**દયાદરા** :– મુકામે જનાબ યૂસુફ મુહમ્મદ શેઠની નેક દુખ્તર શાહીનાના નિકાહ તા. ૧૪/૨/૨૦૧૬ રવિવારે અકુજી કોમ્યૂનિટી હોલ ખાતે આદમ વલી નમાઝીના નેક ફરઝંદ સઈદ સાથે રાખવામાં આવ્યા. ત્યાં જ બીજા દિવસે વલીમાની દાવત થઈ હતી.

**ભરૂચ** :– (મદીના પાર્ક) ખાતે માસ્તર મૂસા ઈબ્રાહીમ સૈદાની નેક દુખ્તર હુસ્નાબાનુના નિકાહ તા. ૧૪–૨–૨૦૧૬ રવિવારે નબીપુર નિવાસી એમ. હબીબ એમ.આઈ. ચિશ્તીના નેક ફરઝંદ મુહમ્મદ ઐયૂબ સાથે રાખવામાં આવ્યા.

*ઉપરોક્ત સર્વે દુલ્હા દુલ્હન તથા બંને પક્ષના કુટુંબીજનોને સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં બંને પક્ષના કુટુંબીજનોને બંને જહાનની ખુશીઓ નસીબ ફર્માવે.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક (દયાદરા)*

**ઈન્તેક઼ાલ પુરમલાલ** ❑ **દયાદરા** : ખાતે હજીયાણી આયશા અલી ભાનો તા. ૨૪/૧/૨૦૧૬ના રોજ ૭૮ વરસની વયે ઈન્તેક઼ાલ થયો છે તેમજ તા. ૯/૨/૨૦૧૬ના રોજ આઈશા અહમદ દેસાઈનો લગભગ ૭૫ વરસની વયે ઈન્તેક઼ાલ થયો છે તેમજ હાજરાબેન યૂસુફ આઝાદનો ઈન્તેક઼ાલ ભરૂચ મુક઼ામે તા. ૬/૨/૨૦૧૬ના રોજ થયો છે. ❑ **સેગવા** : મુક઼ામે તા. ૧૫/૨/૨૦૧૬ *(૬–જમા.અવ્વલ, હિ.સ. ૧૪૩૭)* સોમવારના રોજ હજીયાણી આઈશા ઈબ્રાહીમ નાથાનો લગભગ ૯૭ વરસની વયે ઈન્તેક઼ાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે* ***દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*** *તથા* ***દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ*** *ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા માસિક (દયાદરા)*

## :: ભાવનગરમાં બે દિવસીય સુન્ની ઈજતેમા યોજાયો ::

**ભાવનગર** : ખાતે આલમી તેહરીક઼ સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય સુન્ની ઈજતેમા એસ.વી. હાઈસ્કૂલ ગ્રાઉન્ડ પર યોજાયો જેમાં તા. ૩૦–૧–૨૦૧૬ શનિવારે બે વાગ્યાથી ઈશા સુધી બહેનો માટેના ઈજતેમામાં શબનમ આપા (ભીવંડી)એ ઔરતોમાં જરૂરી મસાઈલ, બયાન, તર્બિયત કરી હતી. છેવટે પર્દા હેઠળ રહી હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ઈસ્લાહી બયાન કર્યું હતું. બીજા દિવસે રવિવારે સવારના દસથી રાતના દસ વાગ્યા સુધી ભાઈઓ માટે ઈજતેમા થયો જેમાં અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબે તર્બિયત સાથે નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. તથા હઝરત સૈયદ અમીન અલી ક઼ાદરી માલેગાંવીએ ગુનાહોથી બચવા સંબંધે ઈબ્રતનાક બયાન કર્યું હતું. તે ઉપરાંત હાફિઝ અ. રહીમ બરકાતી–ભરૂચ, હઝરત મૌલાના સૈયદ મોમિન અકબરબાપુ, જનાબ અખ્તરભાઈ વગેરેએ મજમાની તર્બિયત કરી હતી. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ હજારો આશિક઼ાને મુસ્તફાના મજમાને ન્યાઝ વિશે કુર્આન હદીષની રોશનીમાં, નમાઝ છોડવાથી મુસલમાનોની થયેલ બુરી હાલત વિશે લાજવાબ બયાન કર્યું હતું. ઝિક્ર દુઆ પર ઈજતેમા પૂર્ણ થયો હતો.


# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**સ્પે. કાશ્મીર પ્રવાસ**

**આયોજિત જમવા રહેવા સાથે ૩ X ૨ લકઝરી બસ દ્વારા**

**:: બસ ઉપડશે ::**
**તા ૧૪/૦૫/૨૦૧૬, શનિવારે સાંજે ૪.૦૦ કલાકે**

**પ્રવાસના સ્થળો** : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, આગ્રા, ફતેપુરસિક્રી, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, કલીયર શરીફ, દિલ્હી, જયપુર મીરાંદાતાર પરત ધોળકા

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૧૦,૦૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૭ |

(૧) આદર્શ હોટલ પાસે, સામરખા ચોકડી, આણંદ (૨) તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, **ધોળકા** (જિ. અમદાવાદ)

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૨૭૧૭૪૦૦૨**

**LTC પ્રવાસ** | **Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch)** | **LTC પ્રવાસ**

**નોંધ** : **૧.** રૂા. ૩૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવી શકાશે. **૨.** રૂા. ૧૫૦/– ગાઈડ ફી તથા યાત્રીવેરો વિગેરે યાત્રિકોએ અલગથી આપવાનો રહેશે. **૩.** એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગ આપવાના રહેશે. **૫.** તા. ૨૦–૦૫–૨૦૧૬ અને તા. ૨૫–૫–૨૦૧૬ ના રોજ સવારની ચા સ્વખર્ચે રહેશે. **૬.** ૩૧–૫–૨૦૧૬ના રોજ સવારની ચા તથા જમવાનું સ્વખર્ચે રહેશે.